સુંવિચાર

તમે છીછરા પાણીથી કામ ચલાવી
શકો એમ હો તો તમારે મજબૂત
નાવ બાંધવાની જરૂર નથી

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-174 ■ DATE : 5-5-2025 ■ MONDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૮, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001







# કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં ખોટો ડેટા રજૂ કર્યાનું વકફ બોર્ડનું સોગંદનામું

## 11 વર્ષમાં મિલકતોમાં 116 ટકાનો વધારો થયો હોવાનો કેન્દ્ર સરકારનો દાવો

**સમય મિરર | નવી દિલ્હી**

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)એ કેન્દ્ર પર વકફ કેસમાં સુપ્રીમ કોર્ટમાં ખોટો ડેટા રજૂ કરવાનો આરોપ લગાવ્યો છે.

બોર્ડે ૧ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા પોતાના સોગંદનામામાં જણાવ્યું હતું કે પોર્ટલ પર દર્શાવેલ બધી મિલકતો ૨૦૧૩માં જ નોંધાયેલી હતી.

કેન્દ્રના સોગંદનામામાં આનો ઉલ્લેખ ન હોવાથી, બોર્ડે તેને 'ખોટું સોગંદનામું' ગણાવ્યું છે.

તેમજ લઘુમતી બાબતોના મંત્રાલય વતી સોગંદનામું રજુ કરનાર અધિકારી સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

કેન્દ્રએ ૨૫ એપ્રિલના રોજ પોતાના સોગંદનામામાં કહ્યું હતું કે ૨૦૧૩ સુધી કુલ વકફ મિલકત ૧૮ લાખ ૨૯ હજાર ૧૬૩.૮૯૬ એકર હતી. ૨૦૧૪ થી ૨૦૨૫ સુધીના ૧૧ વર્ષમાં તેમાં ૨૦ લાખ ૯૨ હજાર ૭૨.૫૬૩ એકર (૧૧૬%)નો વધારો થયો, એટલે કે ૨૦૨૫માં કુલ વકફ મિલકત ૩૯ લાખ એકરથી વધુ થઈ. આ કેસની સુનાવણી ૫ મેના રોજ થશે.

બોર્ડે કહ્યું- એવું લાગે છે કે કેન્દ્ર તેના સોગંદનામામાં કહી રહ્યું છે કે ૨૦૧૩ પહેલા નોંધાયેલ બધી વકફ મિલકતો વકફ મેનેજમેન્ટ પોર્ટલ શરૂ થયા પછી તરત જ અપલોડ કરવામાં આવ્યા હતા.




સોગંદનામાના 'વકફ પ્રોપર્ટીઝ ઇન ૨૦૧૩' કોલમમાં મિલકતોની સંખ્યાને રજિસ્ટર્ડ મિલકતો તરીકે ઓળખાવવી એ ગેરમાન્યતા છે. એવું લાગે છે કે સોગંદનામું રજુ કરનાર અધિકારીએ જાણી જોઈને ઉલ્લેખ કર્યો નથી કે બધી મિલકતો ૨૦૧૩માં જ પોર્ટલ પર અપલોડ કરવામાં આવી હતી.

સોગંદનામું રજુ કરનાર અધિકારીએ જણાવવું જોઈએ કે પોર્ટલ પર દર્શાવેલ બધી મિલકતો ૨૦૧૩માં જ નોંધાયેલી હતી. સોગંદનામામાં આ મહત્વપૂર્ણ પાસું ખૂટે છે, તેથી તે શંકાસ્પદ છે.

બોર્ડે પોતાના સોગંદનામામાં એમ પણ કહ્યું છે કે નોંધણીના મહત્વ પર ૫૦થી વધુ ફકરા હોવા છતાં, કાયદામાં કલેક્ટરની સત્તાઓ અંગે કેન્દ્ર મૌન છે.

આમ છતાં, કેન્દ્રએ સ્પષ્ટતા કરી નથી કે નવા કાયદામાં 'વકફ બાય યુઝર' ની વિભાવનાને દૂર કરવાની જરૂર કેમ પડી જ્યારે વકફ એક્ટ, ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી પહેલાથી જ ફરજિયાત છે.

કેન્દ્રએ તેના ૧૩૩૨ પાનાના સોગંદનામામાં સ્પષ્ટ કર્યું છે કે વકફ સંસ્થાઓમાં બિન-મુસ્લિમોની બહુમતી રહેશે નહીં. સોગંદનામામાં સેન્ટ્રલ વકફ કાઉન્સિલે (CWC) અને રાજ્ય વકફ બોર્ડ (SWB)ની રચના સંબંધિત જોગવાઈઓ ટાંકવામાં આવી છે. સરકારે કહ્યું કે નવા કાયદા હેઠળ, CWCમાં કુલ ૨૨ સભ્યો છે, જેમાંથી વધુમાં વધુ ચાર બિન-મુસ્લિમ હોઈ શકે છે. તેમજ, SWBમાં કુલ ૧૧ સભ્યો હશે, જેમાંથી વધુમાં વધુ ત્રણ બિન-મુસ્લિમ હોઈ શકે છે.

આ ઉપરાંત, જો સંસ્થાના હોદ્દેદાર અધ્યક્ષ એટલે કે લઘુમતી બાબતોના મંત્રી અને સંયુક્ત સચિવ પણ મુસ્લિમ હોય, તો ફક્ત બે સભ્યો જ બિન-મુસ્લિમ હોઈ શકે છે. આનાથી સ્પષ્ટ થાય છે કે વકફ સંસ્થાઓમાં મુસ્લિમો જ બહુમતીમાં રહેશે.

સરકારે દલીલ કરી હતી કે વકફ સમય જતાં વિકસિત થયું છે અને તેને ફક્ત ધાર્મિક સંસ્થાઓ અને પૂજા સ્થાનો સુધી મર્યાદિત ન ગણી શકાય. જૂના નિર્ણયોનો ઉલ્લેખ કરતા સરકારે કહ્યું કે વકફ ધાર્મિક નથી પણ એક બિનસાંપ્રદાયિક સંસ્થા છે.

આ કારણે, વકફમાં બિન-મુસ્લિમોને લગતા મુદ્દાઓનો પણ ઉકેલ લાવવાની જરૂર પડી શકે છે. તે લાભાર્થી, પીડિત અથવા તો અસરગ્રસ્ત પક્ષ પણ હોઈ શકે છે. આ જ કારણ છે કે વકફમાં બિન-મુસ્લિમોનો કોઈ ઉલ્લેખ નથી. આ જોગવાઈ ભાગીદારી માટે કરવામાં આવી છે. આ જ કારણ છે કે વકફની તુલના અન્ય ધાર્મિક સંસ્થાઓ સાથે કરવી યોગ્ય નથી.

### આ અગાઉ તુર્કીયે પાકિસ્તાનમાં હર્ક્યુલીસ વિમાનમાં દારૂગોળો મોકલ્યો હતો

# તુર્કીયેનું યુદ્ધ જહાજ કરાંચી બંદર પર પહોંચ્યું




**સમય મિરર | જમ્મુ કાશ્મીર**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. ત્યારબાદથી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. એક તરફ ભારતીય નૌસેના યુદ્ધાભ્યાસ કરી રહી છે, ત્યારે બીજી તરફ તૂર્કિયેનું એક યુદ્ધ જહાજ TCG Bykada પાકિસ્તાનના કરાચી બંદર પર પહોંચ્યું છે, જેને બંને દેશો વચ્ચે દરિયાઈ સહયોગ વધારવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણવામાં આવી રહ્યું છે.

પાકિસ્તાની નૌસેનાના અનુસાર, 'આનો ઉદ્દેશ્ય પાકિસ્તાન અને તૂર્કિયેની નૌસેના વચ્ચે વ્યાવસાયિક સંકલન અને વ્યૂહાત્મક સહયોગ વધારવા માટે. કરાચી પહોંચતા જ પાકિસ્તાની અને તૂર્કિયેના અધિકારીઓ દ્વારા તૂર્કિયેના યુદ્ધ જહાજનું સ્વાગત કરવામાં આવ્યું.'

કરાચીમાં TCG Bykada ના રોકાણ દરમિયાન તેના ક્રૂ પાકિસ્તાન નૌકાદળના અધિકારીઓ સાથે વિવિધ પ્રોફેશનલ ગતિવિધિઓમાં ભાગ લેશે. આ વિકાસ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે જ્યારે દિલ્હીમાં પાકિસ્તાનને આતંકવાદી હુમલાનો જવાબ આપવા માટે વ્યૂહરચના બનાવવામાં આવી રહી છે, ત્યારે આવા સંરક્ષણ સંપર્કો પ્રાદેશિક સંતુલન અંગે નવી ચિંતાઓ ઉભી કરી શકે છે. તમને જણાવી દઈએ કે તૂર્કિયે લાંબા સમયથી પાકિસ્તાનનો વ્યૂહાત્મક ભાગીદાર રહ્યો છે. તેણે પાકિસ્તાનની સબમરીનને આધુનિક બનાવવામાં મદદ કરી છે અને લશ્કરી ડ્રોન સહિત અન્ય સંરક્ષણ સાધનો પૂરા પાડ્યા છે. બંને દેશો વચ્ચે નિયમિત સંયુક્ત લશ્કરી કવાયતો પણ થઈ છે. જ્યારે, ભારત અને તૂર્કિયે વચ્ચે તણાવપૂર્ણ સંબંધો છે.

### મુખ્યમંત્રીના ચહેરાને લઈને કોઈ જાહેરાત ન કરાતા ગઠબંધન પર ભાજપનું નિશાન

# બિહારની તમામ બેઠકો પર મહાગઠબંધન એકજુટ થઈ ચૂંટણી મેદાનમાં ઉતરશે

**સમય મિરર | પટના**

બિહારમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. આ પહેલા રાજકીય પક્ષોએ પોતાની રણનીતિ પર કામ કરવાનું શરૂ કરી દીધુ છે, ત્યારે રવિવારે (૪ મે, ૨૦૨૫) પટનામાં ત્રીજી વખત મહાગઠબંધનમાં સામેલ પક્ષના નેતાઓની ત્રીજી મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. તેજસ્વી યાદવે કહ્યું હતું કે, 'અમે ૨૦ મેના રોજ કામદારોની હડતાળને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ.' જ્યારે બેઠક બાદ રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા મનોજ ઝાએ કહ્યું હતું કે, 'મહાગઠબંધન સાથે મળીને ચૂંટણી લડશે અને બિહારની તમામ ૨૪૩ બેઠકો પર ઉમેદવારો ઉતારવામાં આવશે.' વિકાસશીલ ઈન્સાન પાર્ટીના સંસ્થાપક અને પૂર્વ મંત્રી મુકેશ સહનીએ જાતિ આધારિત વસ્તી ગણતરીના નિર્ણયને સમાજવાદી નેતાઓની મોટી જીત ગણાવી હતી. જો કે, મુખ્યમંત્રી ચહેરાને લઈને હજુ મથામણ જોવા મળી રહી છે.

બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને RJD નેતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે, 'અમે ૨૦ મેના રોજ કામદારોની હડતાળને સંપૂર્ણ સમર્થન આપીશું. પીપલ્સ ઓફ ઈન્ડિયા એલાયન્સ સમગ્ર જિલ્લામાં કામદારો સાથે રસ્તા પર ઉતરીશું.'

જ્યારે મુકેશ સહનીએ જણાવ્યું હતું કે, 'આજની બેઠકમાં પાર્ટી પ્રમુખ, રાજ્ય પ્રભારી અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. ચર્ચાનો મુખ્ય મુદ્દો એ હતો કે જેમ પટનામાં ઈન્ડિયા એલાયન્સ એકજુથ દેખાય છે, તેવી જ રીતે જિલ્લા, બ્લોક, પંચાયત અને બૂથ સ્તરે પણ એકતા નજર આવવી જોઈએ. બધા નેતાઓને વધુ સારા સંકલન સાથે જનતા વચ્ચે જવા અને તેમના મુદ્દાઓ મજબૂતીથી ઉઠાવવા સૂચના આપવામાં આવી છે.'

RJD નેતા મનોજ ઝાએ કહ્યું હતું કે, 'બિહારની જનતાની સારી રીતે ખબર છે કે, વિધાનસભા ચૂંટણીમાં શું થશે. આ કોઈ રોકેટ સાયન્સ નથી. જ્યારે સંજોય સમિતિનું નેતૃત્વ નક્કી છે, સંકલન વધુ સારું છે અને આપણે બધા એક છીએ. ૨૪૩ બેઠક પર મહાગઠબંધન ચૂંટણી લડશે અને ૨૪૩ પર જીત પણ મેળવશે. અમારી સરકાર બનશે એમાં કોઈ રાય નથી.'

# પાકિસ્તાનમાં જતાં ચિનાબ નદીના પાણી પર ભારતની સજ્જડ બ્રેક

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. બંને દેશોની સેનાઓ સામસામે છે. હવે ભારતે ચિનાબ નદી પર આવેલો ડેમ બંધ કરી દીધો છે. સિંધુ જળસંધિ તોડ્યાના લગભગ ૧૦ દિવસની અંદર ભારત સરકારે આ પગલું ભર્યું છે. આનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતને ચિનાબ નદીમાંથી મળતા પાણીના પુરવઠામાં મોટો ઘટાડો થઈ શકે છે.

અહેવાલ અનુસાર, ભારતે ચિનાબ નદી પર બનેલા બગલીહાર ડેમના દરવાજા બંધ કરી દીધા છે. જેના કારણે પાકિસ્તાન તરફ વહેતા ચિનાબ નદીના પાણીમાં ભારે ઘટાડો થયો છે. ચિનાબ પરનો બગલીહાર ડેમ નદીના પ્રવાહમાં વહેતા હાઈડ્રો પાવર પ્લાન્ટ તરીકે બનાવવામાં આવ્યો હતો. એટલે કે



અત્યાર સુધી આ બંધમાંથી પાણીનો પ્રવાહ રોકી રહ્યો ન હતો. પાણીના પ્રવાહમાં વિક્ષેપ પાડ્યા વિના વીજળી ઉત્પન્ન થઈ રહી હતી. ચિનાબ જળસંધિ હેઠળ ઉલ્લેખિત છ નદીઓમાંથી એક છે. આ એક પશ્ચિમી નદી છે અને સંધિ મુજબ, ભારત આ નદીના પાણીનો ઉપયોગ જળવિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે.

# પાણી રોક્યું તો પરમાણુ હુમલાની પાકિસ્તાનની પોકળ ધમકી : પશ્ચિમી દેશોની સૂચક ચુપકીદી

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત દ્વારા હુમલો થવાના ભય વચ્ચે પાકિસ્તાને પોતાના પડોશી દેશ પર ન્યૂક્લિઅર હુમલો કરવાની ધમકી આપી છે. રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ ચીમકી આપી છે કે, જો ભારત પાકિસ્તાન પર હુમલો કરશે, અથવા સિંધુ નદીના પાણી રોકશે, તો પાકિસ્તાન માત્ર પરંપરાગત નહીં ન્યૂક્લિઅર હથિયારો વડે જવાબ આપશે.

રશિયાના મીડિયા સાથે વાત કરતાં પાકિસ્તાની રાજદૂતે જણાવ્યું કે, અમારી પાસે ભારત દ્વારા ચાલી રહેલી સેનાની કાર્યવાહીની યોજનાના તમામ પુરાવા છે. અમુક લીક થયેલા દસ્તાવેજોમાં તે પાકિસ્તાનના અમુક વિસ્તારો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. જેનાથી અમને લાગે છે કે, આ હુમલો ટૂંક જ સમયમાં ગમે ત્યારે થઈ શકે છે.

જમીલે કહ્યું કે, પાકિસ્તાન કોઈપણ હુમલાની સંપૂર્ણ તાકાત સાથે જવાબ આપશે. જેમાં પારંપારિક અને ન્યૂક્લિઅર હથિયારો બંને સામેલ થશે. ભારત દ્વારા સિંધુ જળ સંધિ રોકવાના નિર્ણય પર જમાલીએ કહ્યું કે, જો ભારત નીચલા હિસ્સાથી પાણી અટકાવશે, તો તેને પાકિસ્તાન વિરૂદ્ધ એક્ટ ઑફ વોર (યુદ્ધની કાર્યવાહી) ગણવામાં આવશે. અને તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. નોંધનીય છે, પાકિસ્તાન સતત ભારતને યુદ્ધ માટે ભડકાવી રહ્યું છે. તેની આ ધમકીઓ સામે વિશ્વના નેતાઓ મૌન ધારણ કરી બેઠા છે.

જમાલીએ એકબાજુ ન્યૂક્લિઅર હુમલો કરવાની તૈયારી દર્શાવી તો બીજી બાજુ ભારત સાથે તણાવ ઘટાડવા અપીલ કરી છે. જમાલીએ કહ્યું કે, ભારત અને પાકિસ્તાન બંને ન્યૂક્લિઅર શક્તિથી સંપન્ન દેશ છે. આથી તણાવ ઘટાડવો અત્યંત જરૂરી છે. કાશ્મીર હુમલાની તટસ્થ અને વિશ્વસનીય આંતરરાષ્ટ્રીય તપાસ કરવાની માગ કરીએ છીએ. જેમાં ચીન અને રશિયા સહકાર આપે તેવી અપેક્ષા છે.

ભારતીય વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે આજે વડાપ્રધાનની મુલાકાત લીધી હતી. તેમની વચ્ચે પહલગામ આતંકી હુમલા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર હાઈ લેવલ મિટિંગ યોજાઈ હતી. વડાપ્રધાન આ હુમલા બાદ ભારતીય સેનાની ત્રણ પાંખો સાથે સતત બેઠકો કરી નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે પહલગામ હુમલા બાદ સમગ્ર વિશ્વને આતંકવાદીઓનો ખાતમો બોલાવવાનું વચન આપ્યું હતું.







## રાજકોટની "JO Entertainment"ની મુંબઈમાં ઊંચી ઉડાન

રાજકોટની JO Entertainment કંપનીએ નવી મુંબઈના ડી.વાય પાટીલ સ્ટેડિયમમાં એ.આર. રહેમાનની યોજેલી તેની પ્રથમ ગ્લોબલ લાઇવ કોન્સર્ટમાં આશરે ૫૦ હજારથી વધુ દર્શકો ઉમટી પડતા એક સમયે સમગ્ર સ્ટેડિયમ હાઉસફુલ થઈ ગયું હતું. આ લાઈવ કોન્સર્ટમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, સુખવિન્દર સિંઘ, રણબીર કપૂર, સાઉથ સુપરસ્ટાર ધનુષ, મોહિત ચૌહાણ સહિતની સેલિબ્રિટી ઉપસ્થિત રહી હતી. ભારે ક્રાઉડના હર્ષોલ્લાસ વચ્ચે આયોજિત આ ઈવેન્ટમાં એ.આર.રહેમાને તેના પ્રખ્યાત ફિલ્મી ગીતોથી દર્શકોને જકડી રાખ્યા હતા. ખાસ કરીને જામખંભાળિયાના ડ્રમર રણજીત બારોટની કલા પર લોકો આફરીન પોકારી ઉઠ્યા હતા. આ ઉપરાંત હૃદય ગટ્ટાણીના પરફોર્મન્સે એક સમા બાંધી દીધો હતો. માત્ર મહારાષ્ટ્ર જ નહીં ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી પણ સંગીત શોખીનોએ ઓનલાઈન ટિકિટો બુક કરાવી હતી. ઉલ્લેખનીય છે કે નવી મુંબઈમાં આયોજિત આ પ્રીમિયર શો બાદ આવનારા સમયમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ આ લાઈવ ગ્લોબલ શોની ધ વન્ડરમેન્ટ ટૂરનું આયોજન કરવામાં આવ્યું છે. નજીકના દિવસોમાં આ ટૂરની તારીખ, સ્થળ અને સમય તેમજ બુકિંગને લગતી વિગતો જાહેર કરવામાં આવશે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# રાહુલ ગાંધી હિન્દુ ધર્મનો ભાગ નથી, સાર્વત્રિક બહિષ્કાર કરો : શંકરાચાર્ય ભડક્યા



**નવી દિલ્હી :** જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી હવે હિન્દુ ધર્મનો ભાગ નથી. શંકરાચાર્યએ રાહુલ ગાંધીના હિન્દુ ધર્મથી સાર્વજનિક રીતે બહિષ્કારની જાહેરાત કરી છે. બદ્રીનાથ સ્થિત શંકરાચાર્ય આશ્રમમાં પત્રકારો સાથે વાતચીત કરતા સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, 'રાહુલ ગાંધીએ સંસદમાં મનુસ્મૃતિના સંદર્ભમાં જે નિવેદન આપ્યું, તેનાથી સંપૂર્ણ સનાતન ધર્મના અનુયાયીઓ દુઃખી છે. રાહુલ ગાંધી સંસદમાં કહે છે કે બળાત્કારીને બચાવવાનો ફોર્મ્યૂલા બંધારણમાં નથી તમારા પુસ્તક એટલે કે મનુસ્મૃતિમાં લખ્યું છે.' તેમણે જણાવ્યું કે, 'રાહુલ ગાંધીને ત્રણ મહિના પહેલા એક નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં તેમણે એ સ્પષ્ટ કહ્યું હતું કે, તેમણે મનુસ્મૃતિમાં જે વાત કહી છે, તે ક્યાં લખી છે? પરંતુ આટલા સમય બાદ પણ ન તો રાહુલ ગાંધીએ કોઈ જવાબ આપ્યો અને ન તો માફી માગી.' શંકરાચાર્યએ કહ્યું કે, 'જ્યારે કોઈ વ્યક્તિ સતત હિન્દુ ધર્મગ્રંથોનું અપમાન કરે છે અને સ્પષ્ટીકરણ આપવાથી બચે છે, તો તેને હિન્દુ ધર્મમાં સ્થાન ન આપી શકાય. હવે રાહુલ ગાંધીનો મંદિરોમાં વિરોધ થવો જોઈએ અને પુજારીઓને અપીલ છે કે તેઓ તેમની પુજા ન કરે કારણ કે તેઓ પોતે હિન્દુ કહેવાના અધિકારી નથી.' આ નિવેદન પર ઉત્તરપ્રદેશ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયે વારાણસીમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધીને કોઈએ સર્ટિફિકેટ આપવાની જરૂર નથી. તેમનાથી મોટું શિવભક્ત કોઈ નથી. રાહુલ ગાંધીએ એકલા છે જેમણે માનસરોવરની યાત્રા કરી છે અને તેમણે કેદારનાથની પદયાત્રા કરીને દર્શન-પૂજન કર્યા છે.' જો કે, શંકરાચાર્યના આ નિવેદનથી રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે. રાહુલ ગાંધી પહેલા પણ પોતાના નિવેદનોને લઈને વિવાદોમાં રહી ચૂક્યા છે, પરંતુ આ પહેલીવાર છે જ્યારે તેમને કોઈ ધાર્મિક સંસ્થા દ્વારા સાર્વજનિક બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે.

# સભામાં પાણી મુદ્દે મહિલાએ ટોક્યા તો ભાજપના મંત્રી મંચ છોડી ગયા

**અલવર :** રાજસ્થાનના અલવરના બહરોડમાં એક સંવાદ કાર્યક્રમમાં પહોંચેલા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ અચાનક ગુસ્સે થઈ ગયા હતા. જાહેરમાં મહિલાની અડચણ તેમને ગમી નહીં અને તે સ્ટેજ છોડીને ચાલ્યા ગયા હતા. ગ્રામીણ મહિલા કેન્દ્રીય મંત્રીને પોતાની પાણીની સમસ્યા જણાવી રહી હતી, પરંતુ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ તે સહન કરી શક્યા નહીં અને તેઓ સ્ટેજ છોડીને ચાલ્યા ગયા. હવે તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. અહેવાલો અનુસાર, અલવરના બહરોડમાં સાંસદ સંપર્ક સંવાદ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સ્ટેજ પરથી લોકોને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન ગ્રામીણ મહિલાએ પાણીની સમસ્યા અંગે મંત્રીને ટોક્યા હતાં. કેન્દ્રીય મંત્રીને મહિલાનો આ વિક્ષેપ ગમ્યો નહીં અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, 'હું ધીરજવાન માણસ છું, મને અપમાન પસંદ નથી.' ત્યારબાદ તે કાર્યક્રમ અધવચ્ચે જ છોડીને ચાલ્યા ગયા હતા. આ ઘટના બાગ ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ ગયા અને સંવાદ કાર્યક્રમમાં કોઈ જાહેર સુનાવણી થઈ નહીં.

# શ્રીરામને "પૌરાણિક પાત્ર" ગણાવતા રાહુલ ગાંધી પર ભાજપ ભડક્યું

**નવી દિલ્હી :** કોંગ્રેસ નેતા અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટી ખાતે વોટસન ઈન્સ્ટિટ્યૂટમાં એક ચર્ચા દરમિયાન ભગવાન શ્રીરામને 'પૌરાણિક પાત્ર' ગણાવ્યા હતા. આ નિવેદન પર ખળભળાટ મચી ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ રાહુલ ગાંધીને રામ વિરોધી અને હિન્દુ વિરોધી કહીને તેમના પર આક્રમક પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું હતું કે, 'હિન્દુ રાષ્ટ્રવાદના સમયમાં બધા સમુદાયોને સાથે લઈને ચાલતી ધર્મનિરપેક્ષ રાજનીતિ કેવી રીતે બનાવી શકાય?' તેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, 'ભગવાન રામ જેવા આપણા પૌરાણિક પાત્રો દયાળુ અને ક્ષમાશીલ હતા. હું ભાજપની વિચારધારાને હિન્દુત્વ નથી માનતો. મારા માટે અસલી હિન્દુ વિચારધારા બહુલતાવાદી, સહિષ્ણુ અને પ્રેમાળ છે.' તેમણે આગળ વધુમાં કહ્યું કે, ભાજપ એક ''ફ્રિન્જ ગ્રુપ'' છે, જેણે સત્તા અને સંસાધનો પર કબજો કરી લીધો છે. પરંતુ આ ભારતની મુખ્યધારાની વિચારસરણીનું પ્રતિનિધિત્વ કરતું નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ભારતમાં કોઈ પણ મહાન સમાજ સુધારક અને રાજકીય વિચારક કટ્ટરપંથી નથી રહ્યો અને ભાજપ દ્વારા કરવામાં આવતી વાતને હું હિન્દુ વિચારધારા માનતા નથી. રાહુલના આ નિવેદન બાદ ભાજપે વળતો પ્રહાર કરતા કહ્યું કે, 'કોંગ્રેસની ઓળખ હવે ભગવાન રામ અને હિન્દુઓના વિરોધ સાથે જોડાયેલી છે.' પાર્ટીના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ રાહુલ ગાંધીનો વીડિયો શેર કરતા લખ્યું, 'રામના અસ્તિત્વને નકારતી કોંગ્રેસ હવે તેમને પૌરાણિક પાત્ર કહી રહી છે. આ એ જ પાર્ટી છે જેણે રામ મંદિરના નિર્માણનો વિરોધ કર્યો હતો અને 'હિન્દુ આતંકવાદ' નો ખ્યાલ આપ્યો હતો. અને રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ રામ મંદિરના અભિષેકમાં પણ ભાગ લીધો ન હતો. આ તેમની ભગવાન રામ અને હિન્દુ વિરોધી માનસિકતા દર્શાવે છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ આકરા પ્રહારો કરતાં કહ્યું કે, 'કોંગ્રેસ પહેલા ભગવાન રામને નકારતી હતી, પછી ચૂંટણી આવતાની સાથે જ સનાતનને પ્રેમ કરવાનો ડોળ કરવા લાગી હતી. આ હિન્દુઓનો ખુલ્લો વિરોધ છે.'

## ઉતાવળે

- ભારતીય વાયુ સેનાના વડા એર ચીફ માર્શલ સાથે પીએમ મોદીની મહત્વની બેઠક
- રાજસ્થાનના બાસવાડા વિસ્તારના ''ભારત આદિવાસી પાર્ટી''ના એમ.એલ.એને ૨૦ લાખની લાંચ લેતા ACB એ રંગે હાથ ઝડપ્યા
- કેલિફોર્નિયામાં નાનકડું વિમાન ક્રેશ થઈ રહેણાંક મકાન પર ખાબક્યું, બે ઘરમાં આગ ભભૂકી, પાયલોટનું મોત
- જમ્મુ કાશ્મીરના રામબનમાં સેનાની ગાડી ખીણમાં ખાબકીઃ ત્રણ જવાન શહીદ
- ગુજરાતના સમુદ્ર કાંઠે ભારતીય નૌસેનાના યુધ્ધાભ્યાસ વચ્ચે ચીનના માછીમારોના જહાજોની હાજરીથી સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી
- પટણાના બાકરગંજમાં મોડી રાત્રે બે બોમ્બ વિસ્ફોટથી ભારે દહેશતઃ માત્ર ભય ફેલાવવાનો ઈરાદો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલાસો

### વર્લ્ડ રેકોર્ડ પ્રેસ કોન્ફરન્સમાં ભારત અંગે આપ્યું મોટું નિવેદન

# માલદીવના રાષ્ટ્રપ્રમુખે સતત ૧૫ કલાક પત્રકારોના સવાલોના જવાબ આપ્યા

**સમય મિરર | નવી દિલ્હી**

માલદીવના રાષ્ટ્ર પ્રમુખ મોહમ્મદ મુઇજ્જુએ સતત ૧૫ કલાક સુધી પ્રેસ કોન્ફરન્સ કરીને એક અનોખો રેકોર્ડ બનાવવાનો દાવો કર્યો છે. માલદીવના રાષ્ટ્ર પ્રમુખે રવિવારે આશરે ૧૫ કલાક સુધી પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી. તેમના કાર્યાલય તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે, રાષ્ટ્ર પ્રમુખ મુઇજ્જુએ યુક્રેન નેતા વોલોડિમિર ઝેલેન્સ્કી દ્વારા બનાવવામાં આવેલા છેલ્લાં રેકોર્ડને તોડી દીધો છે. ૪૬ વર્ષના રાષ્ટ્ર પ્રમુખ મુઇજ્જુએ શનિવારે સવારે ૧૦ વાગ્યા (સ્થાનિક સમય) થી મેરાથન પ્રેસ કોન્ફરન્સની શરૂઆત કરી હતી. જોકે, તેમણે આ દરમિયાન નમાઝ પઢવા માટેનો સમય લીધો હતો. તેમણે કુલ ૧૪ કલાક અને ૫૪ મિનિટ સુધી સતત પ્રેસ કોન્ફરન્સ કરી છે.

રાષ્ટ્ર પ્રમુખ કાર્યાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'પ્રેસ કોન્ફરન્સ અડધી રાત પછી પણ શરૂ રહી અને આ કોઈપણ દેશના રાષ્ટ્ર પ્રમુખ દ્વારા બનાવવામાં આવેલો નવો રેકોર્ડ છે. આ દરમિયાન તેઓ સતત પત્રકારોના સવાલોનો જવાબ આપી રહ્યા હતાં.'

આ પહેલાં ઓક્ટોબર ૨૦૧૯માં યુક્રેનના રાષ્ટ્રીય રેકોર્ડ એજન્સીએ દાવો કર્યો હતો કે, ઝેલેન્સ્કીએ ૧૪ કલાકની પ્રેસ કોન્ફરન્સે બેલારૂસી રાષ્ટ્ર પ્રમુખ અલેક્ઝેન્ડર લુકાશેંકો દ્વારા બનાવવામાં આવેલાં સાત કલાકથી વધુના પ્રેસ કોન્ફર્નસનો રેકોર્ડ તોડી દીધો છે.

રાષ્ટ્ર પ્રમુખના કાર્યાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, 'મુઇજ્જુએ સમાજમાં પ્રેસની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો સ્વીકાર કર્યો અને તથ્યાત્મક, સંતુલિત અને નિષ્પક્ષ રિપોર્ટિંગના મહત્ત્વ પર ભાર મૂકયો છે.' લાંબા સત્ર દરમિયાન, મુઇજ્જુએ પત્રકારોના માધ્યમથી જનતા દ્વારા પ્રસ્તુત તમામ પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતાં.

આ પ્રેસ કોન્ફરન્સમાં આશરે બે ડઝન પત્રકાર તેમાં સામેલ થયાં હતાં, આ પત્રકારો માટે ખાવા-પીવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, મોઇજ્જુએ સત્તા મેળવવા માટે ભારત વિરોધી 'ઈન્ડિયા આઉટ' નામનું કેમ્પેઇન ચલાવ્યું હતું. જોકે, આ વિશે તેમને સવાલ કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, ભારત સાથે માલદીવે કરાર કર્યા છે અને તેમાં કોઈ ચિંતાની વાત નથી.'

મોઇજ્જુના આ નિવેદનથી માલદીવના વિપક્ષે વિરોધ શરૂ કર્યો છે. તેઓ મોઇજ્જુ પાસે માફીની માંગ કરી રહ્યા છે. માલદીવના પૂર્વ વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદે શનિવારે રાષ્ટ્ર પ્રમુખ મોહમ્મદ મુઇજ્જુની ભારત પર આપવામાં આવેલા નિવેદનની ટીકા કરતા કહ્યું કે, મોહમ્મદ મુઇજ્જુ સતત એન્ટી-ઈન્ડિયા કેમ્પેઇન ચલાવી રહ્યાં હતા, ભારત સામે લોકોની ભાવના ભડકાવી અને જનતાને ગુમરાહ કરી હતી. મોહમ્મદ મુઇજ્જુએ ભારત અને માલદીવ બંને દેશોના લોકોની માફી માંગવી જોઈએ. કારણ કે, તેમના કેમ્પેઇનમાં બંને દેશો સાથેના સંબંધને નુકસાન પહોંચાડ્યું છે. મોહમ્મદ મુઇજ્જુએ ૨૦૨૩ની ચૂંટણીમાં સતત ઢોલ પીટ્યો હતો કે, ભારત સાથે થયેલાં કરારથી માલદીવની અખંડતા અને સંપ્રભુતાને નુકસાન પહોંચાડ્યું છે.

# યુગાન્ડામાં ટોચનાં ગુજરાતી ઉદ્યોગપતિનું માર્ગ અકસ્માતમાં મોત

**સમય મિરર | નવી દિલ્હી**



આફ્રિકામાં ટોચના અબજોપતિના લિસ્ટમાં આવતા યુગાન્ડાના ઉદ્યોગપતિ અને મૂળ ગુજરાતી સુધીર રૂપારેલિયાના દીકરા રાજીવ રૂપાલિયાનું શનિવારે (ત્રીજી મે) અકસ્માતમાં મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ, શનિવારે (ત્રીજી મે) રાજીવ રૂપારેલિયા લંડનથી મુન્યોન્યો મિત્રના લગ્નમાં હાજરી આપવા જઈ રહ્યા હતાં. ત્યારે તેમની કાર ફ્લાયઓવર નજીક કામચલાઉ કોંક્રિટ બેરિયર્સ સાથે અથડાઈ હતી. બાદમાં કાર પલટી ગઈ અને તેમાં આગ લાગી. આ દરમિયાન રાજીવ રૂપારેલિયા પોતાને બચાવી ન શક્યા અને ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું.

૩૫ વર્ષીય રાજીવ રૂપારેલિયા સમગ્ર રૂપારેલિયા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર હતાં. તેઓ આફ્રિકામાં રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, શિક્ષણ, કૃષિ અને નાણાંકીય વિસ્તારમાં ફેલાયેલું છે. તેમણે થોડા સમય પહેલાં જ પોતાના કાર્યોને આધુનિક બનાવ્યું હતું અને યુગાન્ડામાં હજારો નોકરીનું સર્જન કર્યું હતું.

નોંધનીય છે કે, આફ્રિકાના ૫૦ ધનવાનોની યાદીમાં જે ભારતીય મૂળના લોકોનો સમાવેશ થાય છે, તેમાં રાજીવના પિતા સુધીર રૂપારેલિયાનું નામ પણ સામેલ છે. ધીર રૂપારેલીયા કરોડોની નેટવર્થ સાથે યુગાન્ડાના પહેલાં અને આફ્રિકાના સૌથી ધનિક વ્યક્તિમાં સામેલ છે.

### ૯૭ સંસદીય બેઠકમાંથી ૮૭ માં વિજય વાવટા ફરકાવ્યા

# સિંગાપોરમાં પીપલ્સ એક્શન પાર્ટીની સતત ૧૪ ચૂંટણીમાં જીત

**સમય મિરર | નવી દિલ્હી**

સિંગાપોરની પીપલ્સ એક્શન પાર્ટીએ સતત ૧૪મી વખત સામાન્ય ચૂંટણીમાં જીત નોંધાવી પોતાના છ દાયકાના શાસનને આગળ વધાર્યો છે. ગ્લોબલ ટ્રેડ વોરથી ઉત્પન્ન આર્થિક ઉથલ-પાથલ વચ્ચે સિંગાપોરની જનતાએ પોતાના નવા વડાપ્રધાનને મજબૂત જનાદેશ આપ્યો છે. ૭ ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ સિંગાપોર એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર બન્યું હતું. જ્યારે પીપલ્સ એક્શન પાર્ટી ૧૯૫૯થી શાસન કરી રહી છે.



આ સામાન્ય ચૂંટણીઓમાં, PAP એ ૯૭ સંસદીય બેઠકોમાંથી ૮૭ બેઠકો જીતી હતી અને વિપક્ષ પાછલી ચૂંટણીઓમાં તેની લીડ જાળવી રાખવામાં નિષ્ફળ ગયું હતું. આ PAP ની લોકપ્રિયતા દર્શાવે છે. એશિયાના નાણાકીય કેન્દ્ર તરીકે જાણીતા સિંગાપોરમાં, ચૂંટણી પહેલા PAP ની સત્તા પર મજબૂત પકડથી લોકોમાં નિરાશાના કેટલાક સંકેતો હતા. સિંગાપોરની મોટાભાગની વસ્તીએ તેમના જન્મથી જ કોઈ અન્ય પક્ષને સત્તા પર જોયો નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોરેન્સ વોંગને જીત બદલ શુભેચ્છા પાઠવી હતી. તેમણે X પર પોસ્ટ કરી હતી કે, સામાન્ય ચૂંટણીમાં પોતાની આકર્ષક જીત બદલ હાદિક શુભેચ્છાઓ પાઠવી હતી. ભારત-સિંગાપોર વચ્ચે મજબૂત દ્વિપક્ષીય સંબંધો છે. જે આપણા ગાઢ સંબંધો પર આધારિત છે. હું આપણી વ્યાપક રણનીતિની ભાગીદારીને આગળ વધારવા માટે તમારી સાથે મળીને કામ કરવા તત્પર છું.

છેલ્લી તમામ ચૂંટણીઓમાં સળંગ ૯૦ ટકા બેઠકો PAPના ખાતામાં આવે છે. પરંતુ આ વખતે વડાપ્રધાન લોરેન્સ વોંગના ખરાબ પ્રદર્શનના કારણે ચૂંટણીમાં જીતની અપેક્ષા ઘટી હતી. સ્થાનિક મીડિયા અનુસાર, PAPને હાલ ઔપચારિક રૂપે વિજેતા જાહેર કરવાની બાકી છે. પરંતુ તેને ૬૫.૫૭ ટકા મત મળ્યા છે. જે ૨૦૨૦માં ચૂંટણી દરમિયાન ૬૧.૨ ટકા કરતાં વધુ છે.

# ઈઝરાયેલના બેન ગુરિયન એરપોર્ટ પર હુથી વિદ્રોહીઓનો મિસાઈલ એટેક

### એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ સસ્પેન્ડઃ યાત્રીઓને સંપૂર્ણ રિફંડ અપાશે

**સમય મિરર | નવી દિલ્હી**

ઈઝરાયલમાં આવેલા બેન ગુરિયન એરપોર્ટ પર હુથી વિદ્રોહીઓ દ્વારા મિસાઈલ હુમલો થતાં દિલ્હીથી તેલ અવીવ જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને અબુધાબી ડાયવર્ટ કરવામાં આવી છે. આ મિસાઈલ હુમલો એર ઈન્ડિયા ફ્લાઈટ AI139ના તેલ અવીવમાં લેન્ડિંગના કલાક પહેલાં જ થયો હતો.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ અનુસાર, એરઈન્ડિયાની ફ્લાઈટ જોડિયન એરસ્પેસમાં હતી, ત્યારે અચાનક હુથીઓ દ્વારા બેન ગુરિયન એરપોર્ટ પર હુમલો થયો હતો. ઈઝરાયલની સેના આ મિસાઈલ હુમલો અટકાવવા નિષ્ફળ રહી હતી. જો કે, હુમલામાં હજી સુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. છ જણ ઘાયલ થયા હતાં. હુમલા બાદ તમામ ફ્લાઈટ સેવાઓને સ્થગિત કરવામાં આવી છે.

એર ઈન્ડિયાએ સત્તાવાર જાહેરાત કરી છે કે, મુસાફરો અને કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં લેતાં તેલ અવીવ જઈ રહેલી તમામ ફ્લાઈટ્સને ૬ મે, ૨૦૨૫ સુધી સ્થગિત કરવામાં આવી છે. ગ્રાઉન્ડ સ્ટાફ મુસાફરોને સંભવિત તમામ મદદ કરી રહ્યું છે, તેમજ તેમના માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.૩થી ૬ મે સુધીની તમામ ફ્લાઈટ્સ બુકિંગને રિશિડ્યુલ તેમજ કેન્સલ કરવા પર સંપૂર્ણ રિફંડ આપવાની જાહેરાત પણ કરી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું કે, મુસાફરો અને ક્રૂ સભ્યોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈઝરાયલી પોલીસે જણાવ્યું હતું કે, તેલ અવીવમાં સ્થિત ઈઝરાયલનું મુખ્ય એરપોર્ટ આ હુમલા બાદ બંધ કરવામાં આવ્યું છે. યમનથી મિસાઈલ હુમલો થયા બાદ એર ટ્રાફિક અને અન્ય ગતિવિધિઓ અટકાવી દેવામાં આવી છે. અંતિમ તપાસ બાદ એરપોર્ટ ફરી શરૂ કરવામાં આવશે.

ઈઝરાયલના રક્ષા મંત્રી ઈઝરાયલ કાટ્ઝે આ હુમલાની નિંદા કરતાં ચીમકી આપી છે કે, જેણે પણ અમને આ નુકસાન પહોંચાડ્યું છે, અમે તેને સાત ગણું નુકસાન પહોંચાડીશું. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ મામલે સાંજે સાત વાગ્યે મહત્ત્વની બેઠક બોલાવી છે. જેમાં હુથી વિદ્રોહીઓ વિરૂદ્ધ કાર્યવાહી મુદ્દે ચર્ચા કરશે.

# પહલગામ આતંકી હુમલા બાબતે NIAએ અસંખ્ય ટુરિસ્ટ ગાઈડસની તપાસ તેજ કરી

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલાની એનઆઇએ તપાસ કરી રહી છે. જેમાં એનઆઇએ આ હુમલા સાથે જોડાયેલા શંકાસ્પદ લોકોની સતત તપાસ કરી રહી છે. જેમાં હુમલા વખતે હાજર ખચ્ચર ચાલકો, ઝિપલાઇન ટ્રેનર્સ અને ફોટોગ્રાફર્સની ઉલટ તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આજે બૈસરન ખીણમાં સક્રિય ટુરિસ્ટ ગાઇડની પૂછપરછ કરવામાં આવી રહી છે. જેથી આતંકવાદીઓ સુધી શક્ય તેટલી વહેલી તકે પહોંચી શકાય. એનઆઇએ દ્વારા આજે ૨૫ ટુરિસ્ટ ગાઇડ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે. જેમને અનંતનાગની એએસપી ઓફિસમાં બોલાવવામાં આવ્યા છે. આ એ જ ટુરિસ્ટ ગાઇડ છે જે પ્રવાસીઓને બૈસરન અને ઉપરની ટેકરીઓ પર લઈ જાય છે. પહેલગામ હુમલાની તપાસમાં જે ટુરિસ્ટ ગાઇડ લોકોને બૈસરન ઉપરની પહાડી રસ્તાઓ પર ટ્રેકિંગ પર લઈ જતા હતા. એનઆઇએ પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ કરી રહી છે. આ અગાઉ તપાસ અધિકારીઓએ પ્રવાસીઓને તુલ્યાલન તળાવ જેવા ઊંચા સ્થળોએ લઈ જતા ખચ્ચર ચાલકોની પૂછપરછ કરી હતી. તપાસ અધિકારીઓએ ત્યાંના ફોટોગ્રાફરોની પણ પૂછપરછ કરી છે. તપાસ અધિકારીઓએ ઝિપલાઇન ટ્રેનર સાથે પણ વાત કરી છે. જેણે ત્રણ વખત અલ્લાહ-હુ અકબર બોલ્યા બાદ આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જોકે, તપાસમાં અત્યાર સુધી શું ખુલ્યું છે તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી. બૈસરન ખીણના ખચ્ચર ચાલકો, ફોટોગ્રાફરો અને ગાઇડ એનઆઈએની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. ૨૨ એપ્રિલના રોજ થયેલા આ આતંકવાદી હુમલામાં ૨૬ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. આ આતંકવાદીઓના પાકિસ્તાન સાથે સંબંધો હોવાનું ખૂલ્યું છે. તપાસ એજન્સીઓ આ આતંકવાદી હુમલા સંબંધિત પુરાવા એકત્ર કરવામાં વ્યસ્ત છે.

# જમશેદપુરમાં MGM મેડિકલ કોલેજની બાલ્કની તૂટતાં ત્રણના મોત

### મૃતકોના પરિજનોને ૫ – ૫ લાખ અને ઘાયલોને ૫૦ હજારના વળતરની ઝારખંડ સરકારની જાહેરાત

**સમય મિરર | નવી દિલ્હી**

ઝારખંડના જમશેદપુરમાં મહાત્મા ગાંધી મેમોરિયલ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મેડિસિન વિભાગના કોરિડોરની બાલ્કની તૂટી પડી છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને એક ગંભીર રીતે ઘાયલ થયો છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ટીમ અને NDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. બચાવ કામગીરી હાથ ધરતી વખતે, NDRF એ કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવ્યા. કાટમાળમાંથી લોકોને કાઢવાનું કામ રાત્રે ૧ વાગ્યા સુધી ચાલુ રહ્યું. ઝારખંડ સરકારે મૃતકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી છે. અકસ્માતમાં મૃતકોની ઓળખ સાકચીના રહેવાસી ૭૩ વર્ષીય ડેવિડ જોહ્નસન, ૬૧ વર્ષીય લુકાસ સિમોન ટિર્કી અને ૬૫ વર્ષીય શ્રીચંદ તંતી, સરાઈકેલાના રહેવાસી તરીકે થઈ છે. બચાવી લેવાયેલા બે લોકોમાં રેણુકા દેવી અને સુનીલ કુમારનો સમાવેશ થાય છે. આમાંથી રેણુકા દેવીની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. હોસ્પિટલના ત્રીજા માળે આવેલા મેડિસિન વોર્ડની જર્જરિત બાલ્કની અચાનક ધરાશાયી થઈ ગઈ હોવાનું જણાવવામાં આવ્યું હતું. જ્યારે કાટમાળ મોટા અવાજ સાથે વિખેરાઈ ગયો, ત્યારે વોર્ડમાં અરાજકતા ફેલાઈ ગઈ. ત્યાં હાજર લોકો આમતેમ દોડવા લાગ્યા. વોર્ડના વરંડામાં સૂતા પાંચ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. લગભગ અડધા કલાક પછી, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમના આગમન પછી, કાટમાળ નીચે દટાયેલા લોકોને બહાર કાઢવાનું કામ શરૂ થઈ શક્યું. રાત્રે ૯ વાગ્યાની આસપાસ બે લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે ત્રીજા મૃતકના મૃતદેહને NDRFની મદદથી સવારે ૧ વાગ્યે બહાર કાઢી શકાયો હતો. આ ઘટના બાદ રાજ્ય સરકારે અકસ્માતની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે.

# અમને સાથીઓની જરૂર છે ઉપદેશકોની નહીં આર્કિટેક સમિટમાં એસ.જયશંકરનું તડને ફડ

**સમય મિરર | નવી દિલ્હી**

પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે ભારત ઉપદેશકોને બદલે સાથીઓની શોધમાં છે. જયશંકરે આર્કિટેક સર્કલ ઈન્ડિયા ફોરમમાં વિશ્વની બદલાતી પરિસ્થિતિઓ પર વાત કરી હતી. તેમણે કહ્યું કે ભારત એક મહત્વપૂર્ણ દેશ બની ગયો છે.

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે અમે દુનિયામાં સાથી દેશો ઇચ્છીએ છીએ, ઉપદેશ આપનારા નહીં. જયશંકરે આ નિવેદન આર્કિટેક સર્કલ ઈન્ડિયા ફોરમ ૨૦૨૫માં આપ્યું હતું.

સમિટમાં બોલતા, જયશંકરે કહ્યું જ્યારે આપણે દુનિયા તરફ જોઈએ છીએ, ત્યારે આપણે સાથીદારો શોધીએ છીએ, ઉપદેશ આપનારા નહીં. ખાસ કરીને એવા ઉપદેશકો કે જેઓ વિદેશમાં જે ઉપદેશ આપે છે તેનો પફતાના ઘરમાં અમલ કરતા નથી. ખરેખરમાં, સમિટના યજમાન સમીર સરને જયશંકરને પૂછ્યું હતું કે ભારતે યુરોપ પાસેથી શું અપેક્ષા રાખવી જોઈએ.

વિદેશ મંત્રીના મતે, યુરોપમાં હજુ પણ આ સમસ્યા રહેલી છે, પરંતુ યુરોપ એવા તબક્કામાં પહોંચી ગયું છે જ્યારે વાસ્તવિકતાઓ સાથે તેમની પરીક્ષા થશે. તેઓ તેને કેવી રીતે પાસ કરે છે તે જોવાનું બાકી છે.

જયશંકરે કહ્યું કે ભારત એવા દેશો સાથે કામ કરવા માંગે છે જે પરસ્પર આદર અને સમજણ દર્શાવે છે. યુરોપ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે કેટલાક યુરોપિયન દેશો હજુ પણ પોતાના મૂલ્યો અને કાર્યો વચ્ચેના અંતર સાથે સંઘર્ષ કરી રહ્યા છું. તેમણે કહ્યું, 'જ્યારે અમે દુનિયા તરફ જોઈએ છીએ, ત્યારે અમે ભાગીદારો શોધીએ છીએ, ઉપદેશકો નહીં. ખાસ કરીને એવા ઉપદેશકો જેઓ વિદેશમાં જે ઉપદેશ આપે છે તેનો અમલ ઘરે કરતા નથી . યુરોપ હજુ પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આનો અર્થ એ થયો કે ભારત તે દેશો સાથે કામ કરવા માંગે છે જે પ્રામાણિકતાથી વર્તે છે.

# વારાણસીમાં ૧૨૮ વર્ષીય શિવાનંદ બાબાનું નિધન

### આજે થઈ શકે છે અંતિમ સંસ્કાર

**સમય મિરર | વારાણસી**

વારાણસીના ૧૨૮ વર્ષીય યોગ ગુરુ સ્વામી શિવાનંદ બાબાનું ૩ મેના રોજ મોડી રાત્રે નિધન થયું. તેમને છેલ્લા ત્રણ દિવસથી BHUના જેટ્રિક વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. શનિવારે રાત્રે ૮.૪૫ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

કાઉન્સિલર અક્ષયવર સિંહે કહ્યું કે બાબા શિવાનંદના વિદેશમાં પણ અનુયાયીઓ છે. બધાને જાણ કરવામાં આવી છે. તેમના પાર્થિવ-દેહને અંતિમ દર્શન માટે દુર્ગાકુંડ ખાતે તેમના આશ્રમમાં રાખવામાં આવ્યો છે. અંતિમ સંસ્કાર સોમવારે થઈ શકે છે.

તેમને ત્રણ વર્ષ પહેલાં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. પ્રયાગરાજ મહા કુંભમાં શિવાનંદ બાબાની શિબિર લગાવવામાં આવી હતી.



કુંભમાં પહોંચ્યા પછી તેમણે સ્નાન પણ કર્યું હતું. શિવાનંદ બાબાના આધાર કાર્ડ પર જન્મ તારીખ ૮ ઓગસ્ટ ૧૮૯૬ નોંધાયેલી છે. તેમનો જન્મ બંગાળના શ્રીહટ્ટી જિલ્લામાં થયો હતો. તેમના માતાપિતા ભૂખમરાને કારણે મૃત્યુ પામ્યા હતા, જે પછી બાબા ફક્ત અડધું પેટ ભરાય એટલું જ ભોજન કરતા હતા.

# આસામમાં બે પાકિસ્તાની સમર્થકોની ધરપકડ, દેશદ્રોહીઓ સામે કાર્યવાહી ચાલુ રહેશે : CM સરમા

**સમય મિરર | ગુવાહાટી**

પહેલગામ હુમલા બાદ આસામમાં સોશિયલ મીડિયા પર પાકિસ્તાનને સમર્થન આપતા લોકો સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આસામ પોલીસે શનિવારે બે લોકોની ધરપકડ કરી હતી.

રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ રવિવારે X પર પોસ્ટ કરી હતી કે ભારતની ધરતી પર પાકિસ્તાનને સમર્થન આપતા દેશદ્રોહીઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. અત્યાર સુધીમાં પાકિસ્તાનને સમર્થન આપતા ૩૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

શનિવારની કાર્યવાહી અંગે મુખ્યમંત્રીએ કહ્યું કે હોજાઈ અને સાઉથ સાલમારા-મનકાચર જિલ્લામાંથી બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. 'ભારતમાં પાકિસ્તાનનો બચાવ કરનારાઓ દેશદ્રોહી છે'

શનિવારે સાંજે, આસામના ધુબરી જિલ્લામાંથી પાકિસ્તાનને સમર્થન આપવા બદલ એક



વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. તેણે કહ્યું કે તેનું નામ અમર અલી છે. અગાઉ, AIUDF (ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) પાર્ટીના ધારાસભ્ય અમીનુલ ઈસ્લામની દેશદ્રોહના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. તેના પર પાકિસ્તાન અને પહેલગામ હુમલાને સમર્થન આપવાનો આરોપ છે.

૨ એપ્રિલના રોજ એક ચૂંટણી રેલીમાં, મુખ્યમંત્રી સરમાએ ચેતવણી આપી હતી કે જે કોઈ ''પાકિસ્તાન ઝિંદાબાદ'' ના નારા લગાવશે તેના પગ ભાંગી નાંખવામાં આવશે. તેમણે જનતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સેના માટે પ્રાર્થના કરવાની પણ અપીલ કરી જેથી પાકિસ્તાની આતંકવાદીઓ દુનિયામાં ગમે ત્યાં છુપાયેલા હોય તેમને સજા મળી શકે.

પહેલગામ હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત થયા હતા ૨૨ એપ્રિલના રોજ, પહેલગામ નજીક બૈસરન ઘાટીમાં આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરી હતી. તેમાં એક નેપાળી નાગરિક પણ હતો. ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ હુમલો એવા સમયે થયો જ્યારે બૈસરન ઘાટીમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ હાજર હતા. મૃતકોમાં યુપી, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને ઓડિશાના પ્રવાસીઓનો સમાવેશ થાય છે. નેપાળ અને યુએઈના એક-એક પ્રવાસી અને બે સ્થાનિક લોકો પણ માર્યા ગયા હતા.

# રાજકોટ મનપામાં જુનિયર કલાર્કની ભરતી માટે 30 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી

## રાજકોટ, અમદાવાદ, વડોદરાના ૨૨૫ કેન્દ્રો પર પરીક્ષા લેવાઇ, મનપાનો ૭૦૦ અધિકારીઓ-કર્મ.ઓનો સ્ટાફ તૈનાત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાપાલિકામાં જુનિયર કલાર્કની ૧૨૮ જગ્યા માટે આજે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ, અમદાવાદ તેમજ વડોદરાના કેન્દ્રો પર મળી અંદાજે 30 હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓની જુનિયર કલાર્ક માટે આજે યોજાયેલી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦% કરતા વધુ પરિક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. રાજકોટ શહેરમાં ૧૧૧ કેન્દ્રો, અમદાવાદ શહેરમાં ૮૭ કેન્દ્રો તેમજ વડોદરા શહેરમાં ૨૭ કેન્દ્રોમાં એકંદરે કુલ- ૬૦૫૨૫ જેટલા બહોળા પ્રમાણમાં ઉમેદવારોએ અરજી કરી



હતી. જેને લઈ જુદા-જુદા શહેરો ખાતે કુલ ૨૨૫ જેટલા પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવ્યા હતા. જોકે સ્પર્ધાત્મક પરીક્ષામાં ૬૦૫૨૫ ઉમેદવારોમાંથી અંદાજિત ૩૨૫૯૮ ઉમેદવારો દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી. અને ૪૦ ટકા કરતા વધુ ૨૭,૯૨૭ ઉમેદવારો પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. જુનિયર ક્લાર્કની આ સ્પર્ધાત્મક પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની વેબસાઈટ પર આગામી સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

રાજકોટ, અમદાવાદ અને વડોદરા સેન્ટર મળી કુલ ૬૦,૦૦૦થી વધુ ઉમેદવારો, એક જગ્યા માટે ૪૬૮ જેટલા દાવેદારપ્રાપ્ત વિગત મુજબ, મહેકમ વિભાગ દ્વારા થોડા સમય પહેલા જુનિયર કલાર્કની ખાલી પડેલી ૧૨૮ જગ્યા માટે જાહેરાત આપવામાં આવી હતી. જેમાં કુલ ૬૦,૫૨૫ અરજીઓ આવી હતી. રાજકોટમાં ૧૧૧, અમદાવાદમાં ૮૭ અને વડોદરામાં ૨૭ કેન્દ્રો પર પરીક્ષા લેવાઈ હતી. જેમાં સવારે ૧૧થી બપોરના ૧૨:૩૦ સુધી ૧૦૦ માર્કસનાં એમસીકયું પ્રકારના પ્રશ્નોનાં જવાબ ઉમેદવારો દ્વારા આપવામાં આવ્યા હતાં. મનપાનાં તમામ વિભાગમાંથી ૫૦૦ જેટલા કર્મચારી અને અધિકારીઓને સુપરવિઝન ટીમમાં મૂકવામાં આવ્યા હતાં. છેલ્લા આઠ વર્ષમાં મનપા ત્રીજી વખત કલાર્કની ભરતી કરી રહ્યું છે. લગભગ તમામ વખત આટલી સંખ્યામાં જ બેરોજગાર યુવાનો અરજી કરતા હોય છે. વડોદરા શહેરમાં કુલ ૨૭ સેન્ટર પર પરીક્ષા લેવામાં આવી હતી. કુલ ૨૭૨ બ્લોકમાં ૭૫૯૭ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી.

# જેતપુરમાંથી વધુ એક બાંગ્લાદેશી મહિલાને પોલીસે ઝડપી લીધી

## પૂછપરછ અને તપાસ દરમિયાન મહિલા પાસેથી બાંગ્લાદેશનું ચૂંટણી ઓળખકાર્ડ મળી આવ્યું : હાલ નજરકેદ

**સમય મિરર | રાજકોટ**

જેતપુરમાંથી અગાઉ બાંગ્લાદેશી એક પુરૂષ અને મહિલા શંકાસ્પદ મળી આવતા તેમને નજર કેદ કરાયા હતા. જેતપુર ડિવિઝન સ્કોડ દ્વારા ૨૯૪ પરપ્રાતિય નાગરિકોની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં વધુ એક દેસાઈ વાડી વિસ્તારમાંથી બાંગ્લાદેશી મહિલા પાસપોર્ટ કે વિઝા વગર ઘૂસણખોરી કરી હોવાની માહિતી સામે આવી છે.

જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે થયેલી આંતકવાદી હુમલાની ઘટનાને ધ્યાને લઈ ભારત સરકારે ભારત દેશમાં ઘુસણખોરી કરતા અન્ય દેશના લોકોને શોધી પોતાના દેશમાં પરત મોકલવા અને પોતાના દેશમાં પરત નહિ જનાર



ઘુસણખોરી કરતા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહિ કરવા આદેશ આપવામાં આવ્યો છે. દરમિયાન જેતપુર શહેર ખાતે ડીવાયએસપીની નિગરાની હેઠળ એક સ્કોડ તૈયાર કરવામાં આવી છે જેમાં પોલીસ દ્વારા ૨૯૪ જેટલા શંકાસ્પદ લોકોને સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાંથી એક બાંગ્લાદેશી મહિલા ગેરકાયદેસર રહેતી હોવાનું સામે આવ્યું હતું. શહેરના દેસાઈ વાળી વિસ્તારમાંથી રાજમાં ઉર્ફે મુકતા ઉર્ફે શીલા સોફિક ઈસ્લામ શેખ રહે. હાલ જેતપુર દેસાઈ વાળી, મૂળ કઈરા, સુંદરવન જી. ખુલ્નાના, બાંગ્લાદેશ આ મહિલા કોઈપણ પ્રકારના વિઝા કે સરકારની મંજુરી વગર ગેરકાયદેસર રીતે રહેતી હોવાનું સામે આવ્યું હતું. આ મહિલાની તપાસ કરતા જેની પાસેથી કોઈ પણ આધાર પુરાવા મળી આવ્યા ન હતા અને તેની તપાસ કરતા તેના પરીવારના સભ્યનું બાંગ્લાદેશનું ચુંટણી પંચ મતદાર ઓળખકાર્ડ મળી આવ્યું છે. અગાઉ પણ જેતપુર શહેરમાંથી એક મહિલા અને એક પુરુષ બાંગ્લાદેશી મળી આવેલ હાલ પોલીસે શંકાસ્પદ બાંગ્લાદેશી મહિલાને નજર કેદ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે લોકવિજ્ઞાન કેન્દ્રમાં અદ્યતન ટેલિસ્કોપથી ચંદ્ર-ગુરૂ ગ્રહ જોઈ શકાશે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત ઓ વે શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા ૫ મે અને સોમવારના રોજ રાત્રે ૮થી ૯.૩૦ દરમ્યાન ટેલિસ્કોપ દ્વારા જાહેર જનતાને ચંદ્ર અને ગુરુ ગ્રહનું દર્શન કરાવવામાં આવશે. આ નિદર્શન લોક વિજ્ઞાન કેન્દ્ર પ્રાંગણ, આર્ટ ગેલેરી સામે રેસકોર્ષ ખાતે કરવામાં આવશે.



કલબના વિશાળ ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર પરના ઉલ્કા-ગર્ત તેમજ ગુરુ ગ્રહના વાદળો અને ઉપગ્રહો સ્પષ્ટ જોઈ શકાશે. ગેલીલીઓએ શોધેલ ગુરુના પ્રમુખ ૪ ઉપગ્રહોને ગેલીલીયન ઉપગ્રહો તરીકે ઓળખવામાં આવે છે જેને પણ આપ આ કાર્યક્રમ દ્વારા પ્રત્યક્ષ નિહાળી શકશો. જાહેર જનતા માટેના આ નિશુલ્ક કાર્યક્રમનો લાભ લેવા વિજ્ઞાન અને ખગોળ પ્રેમીઓને હાર્દિક આમંત્રણ છે. માવઠાની આગાહીને લઈને કાર્યક્રમ હવામાનની પરિસ્થિતિને આધીન રહેશે જેની નોંધ લેવા એક યાદીમાં જણાવ્યું છે.

# ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે NEETની પરીક્ષા પૂર્ણ

**સમય મિરર | રાજકોટ**

દેશમાં UG મેડિકલ, એટલે કે ખઇઇજ કરવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (ગઝઅ) દ્વારા ૪ એપ્રિલ એટલે કે આજે NEETની પરીક્ષા યોજાઈ હતી. સમગ્ર દેશમાંથી ૨૩ લાખ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જોકે, આ વર્ષે નીટની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧ લાખનો ઘટાડો થયો હતો. આ વખતે સૌપ્રથમવાર અત્યાર સુધીની સૌથી વધુ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાઓ વચ્ચે સરકારી સંસ્થાઓમાં NEETનું આયોજન કરાયું હતું અને સમગ્ર પ્રક્રિયા માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી. બપોરે બે વાગ્યે શરૂ થયેલી પરીક્ષા સાંજે ૫ વાગ્યે પૂર્ણ થઈ હતી.

અમદાવાદના ૨૪ પરીક્ષા કેન્દ્ર પર ૧૧૦૫૮, સુરતના ૨૨ સેન્ટર પર ૧૦૫૦૦, વડોદરાના ૧૭ સેન્ટર પર ૬૨૩૩ અને રાજકોટના ૧૩ પરીક્ષા કેન્દ્ર પર ૬,૩૩૭ વિદ્યાર્થી NEETની પરીક્ષા આપી હતી. NEETની પરીક્ષાનું પેપર ખૂબ જ અઘરું રહ્યું હતું. જેમાં ૭૨૦ માર્કના ૧૮૦ સવાલ પૂછવામાં આવ્યા હતા અને તેમાં બાયોલોજીના ૩૬૦ માર્કના ૯૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જે પેપર લાંબુ અને ઉંડાણપૂર્વકનું હતું.



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)



> ફિઝિક્સ ટફ, કેમેસ્ટ્રી-બાયોલોજીનું પેપર ઠીક-ઠાક રહ્યું

જ્યારે ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના પેપર ૧૮૦-૧૮૦ માર્કના ૪૫-૪૫ પ્રશ્નો હતા. જોકે, તેમાં ફિઝિક્સનું પેપર ખુબ જ અઘરું રહ્યું હતું જેથી વિદ્યાર્થીઓને ૪૦ માર્કના ૧૦ જેટલા MCQ લખવાના રહી ગયા હોય તેવું બન્યું હતું. જેથી ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કટઓફ ૧૦૦ માર્ક્સ નીચે રહેવાની સંભાવના છે. વર્ષ ૨૦૨૪માં ગવર્મેન્ટ સીટમાં કટઓફ ૬૪૮ માર્કનો હતો જેની સામે આ વર્ષે એટલે કે ૨૦૨૫માં કટઓફ ૫૫૦થી ૫૬૦ વચ્ચે રહે તેવું એક્સપર્ટનું કહેવું છે.

એક્સપર્ટ અલ્પેશ શાહે જણાવ્યું હતું કે, મેડિકલમાં પ્રવેશ માટેની નીટની પરીક્ષાનું આજનું પેપર એકંદરે અઘરું હતું. જે માટેની ત્રણ બાબતો મહત્વપૂર્ણ છે. બાયોલોજીના પેપર ૫૦% વેઈટેજ છે, ત્યારે બાયોલોજીનું પેપર ખૂબ જ લાંબુ અને ઊંડાણપૂર્વક પૂછવામાં આવ્યું હતું. જોડકાં પ્રકારના સવાલો વધુ સમય માંગી લે તેવા હતા. વૈજ્ઞાનિકોના નામ પણ ઊંડાણપૂર્વક પૂછવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓનો ઘણો બધો સમય માંગી લે તેવા હતા.

ગુજરાતી મીડિયમના વિદ્યાર્થીઓના પેપરમાં ટ્રાન્સલેશન એરર ઘણી બધી જોવા મળી હતી. જેથી વિદ્યાર્થીઓને પ્રશ્નનું અર્થઘટન સમજવામાં વધુ સમય લાગે. કેમેસ્ટ્રીનું પેપર પણ અઘરું હતું, જ્યારે ફિઝિક્સનું પેપર તો ખૂબ જ લાંબુ હતું. સારામાં સારો વિદ્યાર્થી પણ પૂર્ણ સમયમાં પેપર પૂરું ન કરી શકે તેવું હતુ. વિદ્યાર્થીઓને ૧૦થી ૧૫ પ્રશ્નો લખવાનાં રહી ગયા છે.

વર્ષ ૨૦૨૪માં નીટનું પેપર જે રીતે સંપૂર્ણ ટેક્સ બુક આધારિત સરળ હતું તેનાથી વિપરીત ખૂબ જ અઘરુ પેપર હતું. જેથી મારું એવું માનવું છે કે, કોરોના પૂર્વે એટલે કે, વર્ષ ૨૦૧૯માં ગવર્મેન્ટ સીટમાં કટઓફ ૫૪૧ માર્ક નીચો રહ્યો હતો. તેની આસપાસ આ વખતે મેરીટનો કટઓફ રહે તેવી સંભાવના છે. ગત વર્ષે ગવર્મેન્ટ સીટમાં કટઓફ ૬૪૮ માર્કે અટક્યો હતો જેની સામે આ વર્ષે ગવર્મેન્ટ સીટમાં કટઓફ ૫૫૦થી ૫૬૦ માર્ક રહે તેવી ધારણા છે.

### વેરાવળમાં 'ફુલે' ફિલ્મનો સ્પે. શો હાઉસફુલ રહ્યો

# સમાજ સુધારક ફુલે દંપતીનો જીવનસંઘર્ષ ફિલ્મી પરદે પણ સંદેશ આપી ગયો

**સમય મિરર | વેરાવળ**

સમાજસુધારક જ્યોતિબા અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફુલેના જીવનસંઘર્ષને ઉજાગર કરતી બાયોપિક 'ફુલે' કેટલાક વિવાદ વચ્ચે ૨૫ મી એપ્રિલે રિલીઝ થઈ ચૂકી છે, જોકે વેરાવળ માં જ્યોતિબાના ચાહકો માટે ભગવાન ભાઈ સોલંકી દ્વારા શનિવારે તેનો સ્પેશિયલ શો રાખવામાં આવ્યો હતો.

મલ્ટીપ્લેક્સમાં મોટા ભાગે ઓફ બીટ ફિલ્મો ચાલતી હોય છે અને કમાણી પણ કરતી હોય છે. વળી, ફુલે મૂવીનો વિવાદ એટલો બધો ગંભીર પણ બન્યો નથી.

વેરાવળમાં સિનેમાઘરમાં અત્યારે હિન્દી ગુજરાતી જુદી જુદી ફિલ્મો ચાલી રહી છે. કઈ ફિલ્મ અહીં ચલાવવી એ નિર્ણય ડિસ્ટ્રીબ્યુટરો લેતા હોય છે. અને સમાનતા માટેના તેમના સંઘર્ષને દર્શાવતી ફિલ્મ દેશભરમાં રિલીઝ થયા બાદ વેરાવળ શહેરમાં મહાત્મા ફુલેના ચાહકો આ બાયોપિક જોવા માટે ઉત્સુક હતા. જોકે, આ ફિલ્મ શહેરના એકેય મલ્ટીપ્લેક્સ કે સિંગલ સ્ક્રીન થિયેટરમાં બતાવવામાં આવી નથી. તેથી જ્યોતિબા ફુલેના ચાહક માટે શનિવારે શહેરના આરાધના સિનેમા માં રાતે ૬ વાગ્યા થી ૯ વાગ્યાનો શો બુક કરાવ્યો હતો. આ એક શો માટે પણ




ફુલેના ચાહકો તરફથી બહોળ પ્રતિસાદ મળ્યો હતો.

આ અંગે ભગવાનભાઈ એ જણાવ્યું કે, મહાત્મા ગાંધીએ પણ જેમને મહાત્મા કહ્યા છે એવા જ્યોતિબા ફુલે અને એમનાં પત્નીના જીવન પર બનેલી ફિલ્મ નો શો શનિવારે આરાધાના સિનેમા માં રાખવામાં આવ્યો હતો. ઘણા દર્શકોએ બલ્કમાં બુકિંગ કરાવ્યું હતું.

# વેરાવળ તાલુકાના વિવિધ ગામના રસ્તા રિપેરીંગ માટે ૧૯૪૦ લાખ મંજુર

**સમય મિરર | વેરાવળ**

સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા વેરાવળ તાલુકાનાં રોડ રસ્તાઓ માટે રૂપિયા ૧૯૪૦ લાખના ખર્ચે જુદા-જુદા વિસ્તારોમાં નોન-પ્લાન રસ્તા મંજૂર કરાવવામાં આવ્યા છે. જેમાં (૧) સવની થી ચાંદખતાલ રોડ ૫ કિમી ૪૮૦ લાખના ખર્ચે (૨) મીઠાપૂર થી સવની રોડ ૩.૫ કિમી ૪૦૫ લાખના ખર્ચે (૩) સવની રેલ્વેસ્ટેશન એપ્રોચ થી ચાંદખતાલ ને જોડતો રોડ ૨.૬૫ કિમી ૩૬૫ લાખના ખર્ચે (૪) ઈશ્વરીયા ગામથી મંડોર



ગામને જોડતો રસ્તો ૨.૭૫ કિમી ૩૦૦ લાખના ખર્ચે (૫) પંડવા ગામથી કુકરાશ ગામને જોડતો રોડ ૩.૧૦ કિમી ૩૯૦ લાખના ખર્ચે મંજૂર થયેલ છે. જેમાં માટી કામ મેટલ કામ સી,સી, કામ નાળા કામ મંજૂર કરવામાં આવ્યા છે. સોમનાથ મત વિસ્તારના પ્રજાજનોને રોડ-રસ્તા સહીતની પ્રાથમિક સુવિધાઓથી મળી રહે તેવા હેતુથી ધારાસભ્ય વિમલ ચુડાસમા લોકો સુધી તમામ લાભો પહોચાડવા ગાંધીનગર રૂબરૂ જઇ રસ્તાની સુવિધા મળી રહે તેવા હેતુથી મંજૂર કરાવવામાં આવેલ હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# ગીરગઢડાના પાંચ ગામના માર્ગોનું ખાતમુહૂર્ત કરાયું

## ૩.૨૮ કરોડના ખર્ચે વિવિધ ગામોને જોડતા માર્ગો ચકચકાટ બનશે



**સમય મિરર | ઉના**

ઉના ગીરગઢડા તાલુકા નાં ભાચા, કાંધી,વાકીયા,મોટી મૌલી ટીંબી વાયા કાકડીમૌલી,નાળીયેલી,ચોરાલીમૌલી ને જોડતાં રૂ ૩ કરોડ ૨૮ લાખ નાં ખર્ચે રિસફેસિગ ડામર માર્ગે નવી કરણ નાં કામનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ હસ્તે ખાતમુહૂર્ત કરાતાં આ વિસ્તારના લોકો માં ખુશી ની લાગણી ફેલાઈ છે.

ઉના અને ગીરગઢડા તાલુકાના ગામડાઓના ગ્રામ્ય વિસ્તારોમાં અવિરત વિકાસ નાં ખાતમૂહુર્ત ચાલી રહ્યા છે જેમાં વધું એક જાહેર માર્ગ નું કામ મંજૂર થતાં ભાચા થી કાંધી ગામ સુધી (રિસર્ફેસિંગ) મુખ્ય રસ્તાનું ડામર રોડનું કામ, વાંકીયા થી મોટી મોલી-કાકીડી મોલી-નાળીયેરી મોલી-ચોરાળી મોલી-ટીંબી ગામ સુધી (રિસર્ફેસિંગ) મુખ્ય રસ્તાનું ડામર રોડનું કામ રૂ.૩ કરોડ ૨૮ લાખથી વધુના ખર્ચે નવી કરણ કરાતાં આ માર્ગ ભાચા થી કાંધી રોડ તેમજ વાંકીયા થી મોટી મોલી-કાકીડી મોલી-નાળીયેરી મોલી-ચોરાળી મોલી-ટીંબી ગામના મુખ્ય (રિસર્ફેસિંગ) ડામર રોડ નું ખાતમુહૂર્ત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ તકે યોજાયેલ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉનાના યુવકને ખુલ્લી છરી સાથેનો વીડિયો સો. મીડિયામાં વાયરલ કરવો ભારે પડ્યો

**સમય મિરર | ઉના**

ઉના પોલીસે સોશિયલ મીડિયા પર છરી સાથે વીડિયો વાઈરલ કરનાર યુવકની ધરપકડ કરી છે. આરોપી મહેશ રાજશીભાઇ બારૈયા વરસિંગપુરના ચૌહાણ શેરીમાં રહે છે. તેની ઉંમર ૨૯ વર્ષ છે. જુનાગઢ રેન્જના IGP નિલેશ જાજડીયા અને જી મનોહરસિંહ જાડેજા ની સૂચનાથી સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી હતી. ઉના પોલીસ ઇન્સ્પેક્ટર એમ. એન. રાણાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડની ટીમે કાર્યવાહી કરી હતી.



પોલીસ ટીમે વડલા ચોક પાસે વાહન ચેકિંગ દરમિયાન આરોપીને એસ.ટી. બસ સ્ટેન્ડ તરફથી આવતા પકડ્યો હતો. તપાસમાં તેની પાસેથી ૭ ઇંચ લાંબી સ્ટીલની છરી મળી આવી હતી. આરોપી છરી રાખવાનું કોઈ કારણ જણાવી શક્યો ન હતો. જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ જાહેરનામું ૧ મે, ૨૦૨૫થી ૩૦ દિવસ માટે અમલમાં છે.

# ગોંડલના વેપારીના ૩૦ ટન ઘઉં ટ્રક ડ્રાઈવર 'ગળચી' ગયો

## મુંબઈ મોકલાવેલો ઘઉંનો જથ્થો બારોબાર ઉતારી ટ્રક સુરત પાસે રેઢો છોડી દીધો

**સમય મિરર | ગોંડલ**

ગોંડલના વેપારીના ૩૦ ટન ઘઉં બારોબાર વેંચી નાંખી મુંબઈના કમિશન એજન્ટ, ટ્રાન્સપોર્ટના માલિક અને ટ્રક ચાલકે રૂ. ૯.૩૦ લાખની છેતરપીંડી આચરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ટ્રક કીમ જીઆઇડીસી (સુરત) પાસે ખાલી હાલતમાં સુરત પાસેથી રેઢો મળી આવતાં ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ગોંડલમાં રહેતાં મયુરભાઈ હસમુખભાઈ ભાલાળા (ઉ.વ. ૩૬)એ નોંધાવેલ ફરીયાદમાંજણાવ્યું હતું કે, તેઓને જામવાડી જીઆઇડીસી, ગંગોત્રી સ્કુલ સામે નેશનલ હાઇવે ઉપર અનાજ સાફ સફાઈનુ ગણેશ એગ્રી શોર્ટટેક્સ નામનું કારખાનું છે. ગઇ ૨૮/૩ના મુંબઈ ના અનાજના દલાલ ચેતનભાઈ તુલસી ટ્રેડીંગ હસ્તક હીમત કોર્પોરેશન



વાસી માર્કેટીંગ મુંબઈને ૧૫ ટન ઘઉં તથા મહેક એન્ટરપ્રાઇઝને ૯ ટન ઘઉં, રજની ટ્રેડીંગને ૬ ટન ઘઉં મોકલવાના જેથી ચેતનભાઈ સાથે ટ્રાન્સપોર્ટ બાબતે વાત થતા તેમને હીમત ગૌરીના નંબર આપેલ અને કહેલ કે, આ હીમત ગાડી ભાડે બાંધી આપવાનુ કામ કરે છે.તેઓએ તેમને ફોન કરતા તેમને પ્રીયા ટ્રાન્સપોર્ટ વાળા સુરેશભાઈ ચૈરસીયાની ગાડી ભાડે બાંધી આપી હતી. તા. ૨૮/૦૩ના રાત્રી ના પ્રીયા ટ્રાન્સપોર્ટ વાળા સુરેશ ચૌરાસીયાનું કન્ટેનર કારખાને આવેલ ત્યાં ડ્રાઇવરનુ નામ પુછતા પોતાનુ નામ મશરૂમઅલી સજનુદીન તરીકે ઓળખ આપેલ અને કહેલ કે, મને પ્રીયા ટ્રાન્સપોર્ટમાથી મોકલેલ છે, અમારે વાસી માર્કેટનો માલ ભરવાનો છે. જેથી હીમત ગોરીનો મેસેજ આવેલ હતો.જે મેસેજ સાથે ગાડી વેરીફાય કરતા તે કારખાને આવેલ ટ્રક જ હોવાથી ૩૦ ટન ઘઉં ભરી આપેલ હતા. તેનુ બીલ રૂ.૯.૩૦ લાખ બનાવેલ હતુ. બાદમાં ડ્રાઈવર ટ્રક લઈ ઘઉ સાથે નીકળી ગયેલ હતો. પરંતુ ટ્રક સમયે ન પહોંચતા આ બાબતે પુછતા ગલ્લા તલ્લા કરાતા પોલીસમાં અરજી કરતાં પોલીસ દ્વારા તપાસમાં જાણાવા મળેલ કે ટ્રક જે ૩૦ ટન ઘઉં ભરીને ગયેલ હતો તે કીમ જીઆઇડીસી (સુરત) પાસે ખાલી હાલતમાં નેશનલ હાઈવે ઉપરથી મળી આવેલ છે. જેથી મુંબઈના હીમત ગોરી, પ્રીયા ટ્રાન્સપોર્ટના માલિક સુરેશ ચૈરાસીયા તથા ટ્રક કન્ટેનરનો ચાલક મશરૂમઅલી સજનુદીનએ છેતરપીંડી કરતાં ફરીયાદ નોંધાવી હતી. ગોંડલ બી.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# વેરાવળ મહાજન પાંજરાપોળના ઉપક્રમે ગૌવંશને વરીયાળી-ગોળનું શરબત પીવડાવાયું




**સમય મિરર | વેરાવળ**

વેરાવળ મર્કન્ટાઇલ કો.ઓપરેટિવ બેન્ક લિમિટેડના ચેરમેન અને વેરાવળ મહાજન પાંજરાપોળમાં ટ્રસ્ટી તથા જૈન અગ્રણી નવીનભાઈ શાહ અને ટ્રસ્ટીઓ દ્વારા વેરાવળ મહાજન પાંજરાપોળ, ઇણાજ ગોપાલવાડી અને ઉંબા ખાતે આવેલ પાંજરાપોળમાં કાળજાળ ગરમીમાં અનોખી પહેલ કરેલ છે.

ઇણાજ ગોપાલવાડી તથા ઉંબા ખાતે આવેલ પાંજરાપોળ માં ગાયો, નંદી સહિત ૯૫૦ પશુ સાચવવામાં આવે છે તેઓને આ કાળજાળ ગરમીમાં એકત્રા વરીયાળી અને ગોળનું શરબત પીવડાવી અનોખી પહેલ કરવામાં આવી છે તેમજ મિષ્ટ ભોજન, ખોળ, કપાસિયા અને લીલોચરો તો પીરસાય જ છે ત્યારે એકત્રા વરીયાળી અને ગોળનું શરબત પીરસી અનોખી પહેલ પ્રારંભ કરવામાં આવ્યો છે.

## તંત્રીલેખ



# પહેલગામ હુમલો ભારતમાં હિન્દુ-મુસ્લિમ એકતાને ખંડિત કરવા માટે હતો

બાબરીની ઘટના, સાબરમતી આશ્રમ ટ્રેનમાં આગની ઘટના પહેલાં જ હિન્દુ ઉપર હુમલા અને હત્યાઓ થઈ છે. મુંબઈમાં સિરિયલ બોમ્બ ધડાકા, દરિયામાંથી ઘૂસી આવેલા આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોની કરેલી કત્લેઆમ - કાશ્મીર લેવા માટે ન હતી, પણ હિન્દુઓની કતલ કરવા માટે હતી. વેરની વસૂલાત માટે હતી. હિન્દુઓની હત્યા અને મંદિરો, યાત્રા અને પર્યટકો ઉપર હુમલા કરીને ભારતમાં હિન્દુઓને ઉશ્કેરવાના પ્રયાસ નિષ્ફળ ગયા છે. ૧૯૪૭ના ભાગલા વખતે કોમી રમખાણ અને કત્લેઆમ થઈ હતી તેની યાદ અને 'એક્શન રિપ્લે' કરવા માગે છે ! પણ યોગ્ય જવાબ મળી ગયો છે - ઓવૈસી કહે છે - ઉનકે ઘર મેં ઘૂસો ઔર બૈઠ જાઓ - અડ્ડા જમાવો... જાવેદ અખ્તર પણ કહે છે : કાશ્મીરીઓ તો પાકિસ્તાનની મુરાદ - કાશ્મીરને લૂંટવાની - અત્યાચાર કરવાની - પારખી ગયા છે. પહેલગામમાં પર્યટકો - હિન્દુઓ ઉપર પાકિસ્તાની આતંકવાદી હુમલો અને હત્યાઓ શા માટે થઈ ? આઝાદી અને ભારતના ભાગલા પછી કાશ્મીર ઉપર કબજો જમાવવા, ખૂંચવીને પાકિસ્તાનમાં ભેળવી દેવાનું સપનું તો ક્યારનું રોળાઈ ગયું છે. વારંવાર લડાઈ કરીને પાકિસ્તાની શાસકો અને લશ્કરે નાક કપાવ્યાં છે, તેથી ઈસ્લામ ખતરે મેં હૈ - નું સૂત્ર શરૂ થયું, પણ હવે હિન્દુઓને જ દુશ્મન ગણીને હુમલા થઈ રહ્યા છે. પાકિસ્તાની જાસૂસી એજન્સી આઈએસઆઈ ભારતને તોડવાના પ્રયાસ કરે છે ! પાકિસ્તાની લશ્કરના વડા અસીમ મુનીરે સોળમી એપ્રિલે એમની બાજીનાં પત્તાં જાહેરમાં ખોલી નાખ્યાં : ભારતના ભાગલા ધર્મના આધારે થયા છે. આ ટુ નેશન થિયરીનો છેદ ૧૯૭૧ - ૭૨માં બાંગલાદેશમાં ઊડી ગયો. પશ્ચિમ પાકિસ્તાનની જોહુકમી અને જુલમ સામે પૂર્વ પાકિસ્તાનના મુસ્લિમોએ બળવો કર્યો અને ભારતની મદદથી બાંગલાદેશનો જન્મ થયો. ભારતે ધર્મના આધારે અલગ રાષ્ટ્ર - ટુ નેશનની થિયરી ખોટી ઠરાવી. આ ઘાવ પાકિસ્તાનને છાતી અને દિમાગ સોંસરવો લાગ્યો હતો અને આખરે બાંગલાદેશના રાજકીય નેતાઓ સામેના અસંતોષનાં કારણે પાકિસ્તાને સત્તાપલટો કરાવ્યો અને કહ્યું હવે એક નહીં, બે પાકિસ્તાન ભારત સામે છે ! પાકિસ્તાની લશ્કરના જનરલ મુનીર મોહમ્મદ અલી ઝિણાનો નવો અવતાર બનીને હીરો બનવા માગે છે તેથી ટુ - નેશન થિયરીનું રટણ કરીને ભારતને તોડવાનાં સપનાં જોઈ રહ્યા છે.

પણ બલૂચિસ્તાન - સિંધમાં મુસ્લિમ બહુમતી હોવા છતાં ઈસ્લામાબાદ સામે લોકો જંગે ચડયા છે અને અલગ થવાની માગણી કરી રહ્યા છે. ટુ નેશનમાંથી કેટલા થશે? ત્રણ, ચાર ? અને પાકિસ્તાને પચાવી પાડેલાં કાશ્મીર વિસ્તારમાં તો 'પંજાબી પાકિસ્તાન સામે બળવો જ છે.' બાંગલાદેશમાં હિન્દુઓની કત્લેઆમ થઈ તેની પાછળ પણ પાકિસ્તાન છે. ભારતમાં હિન્દુ પ્રજા અને હિન્દુ શાસકો વિરુદ્ધ હિંસા ભડકાવવાનો પ્લાન પણ નવો - આજકાલનો નથી. વડાપ્રધાન મોદીએ બિહારની જાહેરસભામાં આતંકવાદીઓ અને તેના 'આકા'ને પાતાળમાંથી શોધીને સજા કરવાની ઘોષણા કરી, પણ પહેલગામમાં 'પર્યટકો'ની હત્યા થઈ એમ કહ્યું, પણ 'હિન્દુ' ઓળખ વાપરી નથી. આતંકવાદી પાકિસ્તાનની ગેમ નિષ્ફળ કરવા માટે આ જરૂરી હતું. સંઘ પરિવારના મોવડીઓ ભાગવત અને દત્તાત્રય હાસબલે પણ 'પર્યટકો' શબ્દ વાપર્યો, તે યોગ્ય હતું. અલબત્ત, આમજનતાનો આક્રોશ સોશિયલ મીડિયામાં વ્યક્ત થયો કે જાતિ - ધર્મ પૂછીને ખરીદી કરો - પણ આંદોલનનું સ્વરૂપ થયું નહીં. ઓવૈસીએ તો પાકિસ્તાની આતંકવાદીઓ માટે કુત્તે, કમીને, હરામઝાદે જેવા વિશેષણ વાપરીને યુવા-મુસ્લિમ, યુવાવર્ગને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. રાજકીય એકતા મોરચાથી વધુ મજબૂત મોરચો - હિન્દુ - મુસ્લિમ યુનાઈટેડ ફ્રન્ટ છે : પાકિસ્તાનને આ જવાબ છે, પડકાર છે. ભારતને નુકસાન, પાયમાલ કરવા માટે બોમ્બ હુમલા થયા અને પંજાબમાં જર્નાઈલસિંઘ ભીંડરણવાલાનો ઉપયોગ કર્યો. જો કે, ઈન્દિરા ગાંધીએ અકાલી દળને અંકુશમાં લેવા, પડકારવા માટે ભીંડરણવાલાને ઊભો કર્યા પછી પાકિસ્તાને લાભ ઉઠાવ્યો અને ભારતથી અલગ થવાની માગણી હિન્દુ - દુશ્મની બની ગઈ. હિન્દુ - વિરોધી લડત અને હિંસાચારમાં કેટલા હિન્દુ મર્યા તેના આંકડા ચોંકાવનારા છે. ગુજરાતનાં અક્ષરધામ મંદિર ઉપર આતંકવાદી આક્રમણ - વર્ષ ૨૦૦૨માં ૩૩ હિન્દુના જાન લેવાયા. દેશના ખૂણેખૂણે હિન્દુઓ ઉપર હુમલા થયા છે.

કૃષિકાયદા સુધારા વખતે પંજાબના કિસાનોએ દિલ્હી ઉપર 'આક્રમણ' કર્યું તેમાં વિદેશીઓ જોડાયા હતા. મુસ્લિમ - શીખ ભાઈભાઈનાં સૂત્રો ગાજ્યાં અને મોદીવિરોધી ભાષણો થયાં, હોર્ડિંગ લાગ્યાં. લાલ કિલ્લા ઉપરથી તિરંગો ફગાવીને અલગ ઝંડો ફરકાવાયો - છતાં મોદીએ પોલીસને સૂચના આપી હતી કે લાઠીચાર્જ પણ નહીં. પંજાબમાં ફરીથી ભીંડરણવાલા ઊભા થાય નહીં તેની આ સાવધાની હતી. નાગરિકત્વ ધારાના સુધારા વિરોધી આંદોલન અને તોફાન-હુલ્લડ પણ થયાં. હિન્દુઓની હત્યા થઈ, પણ કોમવાદી હિંસા પ્રસરે તે પહેલાં સ્થિતિ કાબૂમાં લેવામાં આવી. અયોધ્યામાં ભવ્ય - દિવ્ય રામમંદિર નિર્માણ, પ્રયાગરાજમાં સનાતન સમુદ્ર, વારાણસીમાં કાશીવિશ્વનાથ મંદિર પરિસરનું નવનિર્માણ - આવા ધાર્મિક પ્રસંગોની ઘટમાળમાં ભારત હિન્દુ રાષ્ટ્ર બનતું હોવા સામે વેરવૃત્તિ વધતી ગઈ. મોદીએ તીન તલાકમાં રાહત આપ્યા પછી મુસ્લિમ મહિલાઓની ખુશી અને પાસમંદા - પછાત મુસ્લિમોના લાભાર્થે લેવાતાં પગલાં - સબ કા સાથ અને વિશ્વાસ, સબ કા વિકાસના ફળ મળવાં લાગ્યાં ત્યારે સ્થાપિત હિતો અને પાકિસ્તાનને ડર લાગ્યો કે પગ નીચેથી ધરતી ખસકી રહી છે. અવિશ્વાસનું વાતાવરણ હતું તેવામાં વકફ કાનૂનમાં સુધારા - ખરડાનો વિવાદ શરૂ થયો. વિવાદ પ્રોપર્ટી માટે છે - ધર્મ - મજહબમાં દખલ નથી - પણ દેશભરમાં સરકાર સામે દેખાવો - વિરોધ શરૂ થયો. પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટાચારથી ધ્યાન હટાવવા મુર્શિદાબાદમાં હિન્દુવિરોધી હુલ્લડ થયાં.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષોએ મુસ્લિમ વોટ બેન્કમાં ખાતાં સલામત રાખવા રાજકારણ શરૂ કર્યું. દેશભરમાં રાજકીય વિરોધમાં - હિન્દુ - મુસ્લિમ સામસામે આવી ગયા હોય એવાં દશ્ય શરૂ થયાં ત્યારે પાકિસ્તાનને નવી આશા જાગી કે હવે સમય પાક્યો છે તેથી આતંકવાદી હુમલા શરૂ કરવાનો પ્લાન અમલમાં મૂક્યો. આ માટે કાશ્મીરમાં મોકળું મેદાન મળ્યું. કાશ્મીર પસંદ કરવા માટે નિશાના ઉપર હિન્દુ પર્યટકો હતા. અસીમ મુનીરનો આદેશ, જાહેરસભામાં મળ્યો હતો - હિન્દુઓ આપણાથી અલગ છે - કાફીર છે. અલ્લાહતાલાએ પાકિસ્તાન આપ્યું છે - વગેરે. આ શબ્દો આતંકવાદીઓ માટે આદેશ હતા, તેથી પર્યટકોનાં નામ અને ધર્મ પૂછીને ઠાર કરવામાં આવ્યા. પાકિસ્તાનની ગણતરી એવી હતી કે ભારતમાં લઘુમતી - મુસ્લિમો સામે હવે હિન્દુ - કોમવાદી હુલ્લડો થશે, દેશભરમાં ફેલાશે અને ભારત વિશ્વમાં બરબાદ - બદનામ થશે. ચીનની ગણતરી અને આશા હશે કે ભારતને ઔદ્યોગિક મૂડીરોકાણ નહીં મળે. પાંચ ટ્રિલિયન ઈકોનોમીનું સ્વપન રોળાશે... પણ પાકિસ્તાનનું આ સ્વપન પણ રોળાઈ રહ્યું છે !

ભારતમાં રાજકીય પક્ષોએ મોદી સરકારને સમર્થન આપીને 'એકતા - યુનાઈટેડ ફ્રન્ટ'ની ખાતરી આપી છે. ભૂતકાળમાં દરેક વખતે કોંગ્રેસે ભારત સરકાર અને ભારતીય સેનાની સિદ્ધિ - સફળતા સામે શંકાની આંગળી ઊંચી કરી હતી. આ વખતે આપણી એજન્સીઓની કચાશ, આતંકવાદી પ્લાન પકડવામાં નિષ્ફળતાની ટીકા કરી છે અને સરકારે તે સ્વીકારી, પણ છે, તેથી ભારત સરકાર જે નિર્ણય કરે તેને સંપૂર્ણ સમર્થનની જાહેરાત કરી છે. રાજકીય મોરચાની એકતાથી પણ વધુ મહત્ત્વની - મજબૂત એકતા મુસ્લિમ નેતાઓએ બતાવી છે. નેતાઓ ઉપરાંત આમઆદમી પણ પાકિસ્તાનને ખતમ કરવાની માગણી કરે છે. ભાજપ અને હિન્દુ નેતાઓએ પણ ભારતના મુસ્લિમોને દોષ આપ્યો નથી. ઉશ્કેરણી કરી નથી.

# સરકારની વિવિધ 'રોકડી' સહકારી યોજનાઓથી નાગરિકોની કાર્ય કરવાની મનછા મરી પરવારે છે?

## સરકાર દ્વારા અપાતી રોકડ સહાયથી કોઈ વ્યક્તિ રાતોરાત લખપતિ નથી બની જતી પણ સુરક્ષિત ભવિષ્યનો ખ્યાતિ તેને કાર્ય વૈવિધ્યતાનું જોખમ ખેડવાનું બળ પુરું પાડે છે

ભારતમાં બીપીએલ (ગરીબીરેખા નીચે જીવતા લોકો માટેનું) કાર્ડ ધરાવતા નાગરિકો સરકારી રાહત માટે પાત્ર છે, પરંતુ અનેક સર્વેક્ષણો દર્શાવે છે કે લગભગ અડધા ગરીબો પાસે આ કાર્ડ જ નથી. ''એવા વાતાવરણમાં કે જ્યાં નોકરીઓ અનૌપચારિક ક્ષેત્રમાં કેન્દ્રિત હોય, મુખ્યત્વે સ્વ-રોજગાર જ હોય, કોઈપણ ઔપચારિક હિસાબ-કિતાબ કે આવકના ડેટા વિના લોકો નોકરી કરતાં હોય તેવી પરિસ્થિતિઓમાં ગરીબોને અલગ તારવવા એ ખૂબ જ ખર્ચાળ, જટિલ અને વિવાદાસ્પદ બની શકે છે.'' શું જર્મનીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો તે પ્રયોગનાં પરિણામો વિશ્વના અન્ય ભાગોમાં હાથ ધરવામાં આવેલાં પરિણામોને પણ પ્રતિબિંબિત કરે છે? શું આવું જ આંતરરાષ્ટ્રીય સ્તરે ચલણ છે કે પછી આંતરરાષ્ટ્રીય સ્તરે સૌને આ પૈસા આપી શકાય?

તાજેતરનાં વર્ષોમાં ઘણા વિકાસશીલ દેશોમાં યુબીઆઈના પ્રયોગો થયા છે. જેમાં ભારતનું મધ્ય પ્રદેશ રાજ્ય, નામિબિયાનાં ગામડાં તથા ઈરાનમાં ૨૦૧૧ માં રાષ્ટ્રવ્યાપી શરૂ કરાયેલા રોકડ ટ્રાન્સફરથી ખોરાક અને બળતણ સબસિડીની ભરપાઈ કરવામાં આવી હતી. આ વાત અર્થશાસ્ત્રીઓનું એક જૂથ કહે છે, જેમાં નોબલ પુરસ્કાર વિજેતા અભિજીત બેનરજી પણ સામેલ છે. તેમણે ૨૦૧૯ માં આ વિષય પર નેશનલ બ્યુરો ઑફ ઈકોનોમિક રિસર્ચ માટે એક શૈક્ષણિક પેપર લખ્યું હતું.તેમનું કહેવું છે કે આ વ્યાપક ઉદાહરણો કે પ્રયોગોમાંથી પણ એક તારણ કાઢવું મુશ્કેલ લાગે છે. જોકે, જે વ્યક્તિઓને આ રકમ આપવામાં આવી તેમના જીવનમાં એક હદ સુધી સુગમતા આવી હોય તેવું લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમણે તેમના પોતાના જીવનમાં તેમને સૌથી વધુ જ્યાં જરૂર લાગતી હોય તેવા ક્ષેત્રોમાં તેમણે આ પૈસાનો ખર્ચ કર્યો. પછી ભલે તે ખોરાક માટે હોય, પ્રજનન સારવાર માટે હોય કે પછી ગર્ભનિરોધક ખરીદવા માટે હોય.

**પ્રસંગ રંગ**
**- પી.એન.જાડેજા**

''યુબીઆઈની સકારાત્મક અસરો ખાસ કરીને ઉચ્ચ અસમાનતાના સંદર્ભમાં ઉચ્ચારવામાં આવે છે. પરંતુ યુબીઆઈ માટેના કેસને રાજકીય સ્પેક્ટ્રમમાં પણ વ્યાપકપણે સમર્થન મળ્યું છે.'' ''ડાબેરીઓનો દલીલ એવી માન્યતા પર આધારિત છે કે આવક કમાવવી એ મૂળભૂત અધિકાર છે પરંતુ થોડી લિબરલ જમણેરી વિચારધારાના લોકોએ પણ વિવિધ કારણોસર આ સ્કીમના અમલીકરણની તરફેણમાં દલીલ કરી છે.'' કલ્પના કરો કે તમારી નાણાકીય કે સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા વિના તમને દર મહિને ચોક્કસ રકમ રોકડમાં આપવામાં આવે. ભારતમાં અનેક રાજ્યોમાં મહિલાઓ માટે અમુક ચોક્કસ રકમ તેમના ખાતામાં સરકાર આપતી હોય તેવી યોજનાઓ અમલમાં મૂકાઈ છે. આ યુનિવર્સલ બેઝિક ઈન્કમ ગ્રાન્ટ (UBIG) નો સાર છે. વિશ્વભરની સરકારો વર્ષોથી આ વિષય પર ચર્ચા કરી રહી છે. આ ખ્યાલ અનેક સામાજિક પ્રયોગોનો વિષય પણ રહ્યો છે. પણ કોઈ પરિવારને આવી રકમ મળે તો તેનાથી તેના જીવનમાં શું ફેર આવે છે? શું તે કામ કરવાનું બંધ કરી દે છે? આવા સવાલો પણ થતા રહે છે. ટેક્સપેયર્સના પૈસા બગાડવાનો પણ સરકારો પર આરોપ લાગતો રહે છે. હવે આ સ્કીમ પર એક સંશોધન થયું છે. જર્મનીમાં બર્લિન સ્થિત એક બિન-લાભકારી સંસ્થા - મેઈન ગ્રુન્ડેઈનકોમેન (મારી મૂળભૂત આવક) - એ ત્રણ વર્ષ સુધી ૧૨૨ લોકોનો સર્વે કર્યો કે જેમને દરેકને દર મહિને ૧૩૬૫ અમેરિકી ડોલરની બિનશરતી રકમ આપવામાં આવી હતી.

અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે પૈસા મળ્યા પછી આ લોકોનો કામ કરવામાં ઓછો રસ થઈ ગયો હોય એવું બન્યું નથી. હકીકતમાં દરેક વ્યક્તિ પૂર્ણકાલિન રોજગારમાં જ રહ્યા હતા. જોકે, સહભાગીઓમાંથી મોટાભાગના લોકો નોકરી બદલવા અંગે પૂરતી સુરક્ષા અનુભવતા હતા. આ લોકોમાં વધુ કાર્ય કરવાનો સંતોષ પણ જોવા મળ્યો અને વધુ સમય તેમણે શિક્ષણમાં વીતાવ્યો.

કેન્યામાં અન્ય એક મોટા અને હાલમાં ચાલુ અભ્યાસમાં કે જેમાં એક અન્ય બિન-લાભકારી સંસ્થા ગિવડાયરેક્ટલીએ ભંડોળ પૂરું પાડ્યું છે, તેનાં પરિણામો પણ કંઈક આવાં જ છે. જોકે, આ પરિણામો હજુ વચગાળાનાં જ છે. ત્યાં બે કાઉન્ટીઓનાં ૨૯૫ ગામડાંમાં વ્યક્તિઓને બેથી ૧૨ વર્ષ સુધી મોબાઈલ મનીનો ઉપયોગ કરીને ચૂકવણી કરવામાં આવે છે. વ્યાપક રીતે જોઈએ તો અહીં લોકોના શ્રમમાં કોઈ ઘટાડો થયો નથી, પરંતુ સર્વેમાં ભાગ લેનારા ઘણા લોકોએ પોતાનો વ્યવસાય શરૂ કરવા અથવા સ્વ-રોજગાર તરફ વળવા માટે વેતન આધારિત રોજગાર છોડી દીધો છે. કેટલાક તો તેમનાં સંસાધનો એકઠાં કરે છે અને પછી તે આવકને વહેંચવાનું કામ કરે છે. કેન્યામાં આવકનો કોઈ સ્થિર સ્રોત ન ધરાવતાં એક વિધવા કાદી કહે છે, ''હું ભોજન વિના રહીશ નહીં તે જાણીને મળતી માનસિક શાંતિથી મને ખૂબ રાહત થાય છે.'' તેઓ એક છુટક મજૂર તરીકે કામ કરે છે અને આ કાર્યક્રમના લાભાર્થી છે, તેમને ડાયરેક્ટલી તરફથી માસિક ૩૪ ડોલરની રકમ મળે છે. આ ચૂકવણી પર તેઓ સંપૂર્ણપણે નિર્ભર છે અને તેઓ કહે છે કે ''મારા માટે આશાનો એકમાત્ર સ્રોત છે.'' ''આનાથી મને પોતાનાપણાની ભાવના અને એકસાથે મોટી રકમ મેળવવાની તક મળી છે. જે મેં પહેલાં ક્યારેય વિચાર્યું ન હતું. હું... સમય આવ્યે ખેડાણ કરવા માટે બળદ ખરીદવાની યોજના બનાવી રહી છું.'' ગમે તેટલી સારી યોજના હોય, બધાં સુધી આ સહાય પહોંચતી નથી ડો. કેલે હોવસન કે જેઓ દક્ષિણ આફ્રિકામાં ઈકોનોમિક જસ્ટિસ ઈન્સ્ટિટ્યૂટનાં વરિષ્ઠ સંશોધક છે, તેમનું પણ કહેવું છે કે આ પરિણામો જરા પણ આશ્ચર્યજનક નથી. ''આવકની અસમાનતાને આધારે લોકોને લક્ષ્ય બનાવવાના કોઈપણ પ્રયાસો હંમેશાં નિષ્ફળ જશે.''

''અમને એ જાણવા માટે વધુ પાઈલટ્સ પ્રોજેક્ટની જરૂર નથી કે યુબીઆઈ સ્કીમને કારણે લોકો બજાર છોડીને જતાં નથી રહેતા. પરંતુ તેના બદલે આ સ્કીમ એ લોકોને પોતાના સાહસો શરૂ કરવા અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા માટે સક્ષમ બનાવે છે.'' તેઓ કહે છે કે, તેનાથી વિપરીત સાર્વત્રિક કવરેજને લગતી કોઈપણ સ્કીમમાં અમુક લોકો તેમાંથી હંમેશાં બચી જાય છે. ઉદાહરણ તરીકે દક્ષિણ આફ્રિકામાં ઈન્કમ સપોર્ટ ગ્રાન્ટ મેળવવાની ક્ષમતા ડિજિટલ સાક્ષરતા પર આધારિત છે, જ્યારે એ દેશમાં લગભગ ૨૦ ટકા વસ્તી પાસે ઈન્ટરનેટ નથી. આવી સમસ્યાઓ અનેક દેશોમાં છે. લાભાર્થીઓ પાસે બાયોમેટ્રિક ઓળખની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળો કેમેરાવાળો સ્માર્ટફોન હોય તેવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. ડો. હોવસન કહે છે. ''આવી સમસ્યાઓને કારણે જે લોકો આ સહાયનાં પાત્ર બનશે તેમાંથી ઘણાને ક્યારેય કોઈ નાણાકીય સહાય મળતી નથી.'' ''દક્ષિણ આફ્રિકા જેવા દેશોના સંદર્ભમાં જોઈએ તો ત્યાં ઘણા લોકો અર્થતંત્રથી દૂર છે. તમે જે રીતે કર આધારને વિસ્તૃત કરો છો તે તો પ્રથમ ખોરાકની ગરીબી અને ભૂખમરાને દૂર કરવા માટે છે. અને લોકોને સીડીના પ્રથમ પગથિયાં પર પહોંચાડવાનો છે. એ પછી તમે માનવ સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાને અનલોક કરી શકો છો. લોકો વધુ ઉત્પાદક બનવા માંગે છે.'' આ સ્કીમને ભંડોળ પૂરું પાડવા માટે વધતા દબાણથી અલગ ''પૈસા સરકારી તિજોરીમાં પાછા આવે છે, કાં તો વેટમૂલ્યવર્ધિત કર અથવા વ્યવસાયોના સર્જન મારફતે તેનો ખર્ચ થાય છે. આ અર્થતંત્રના ભવિષ્ય માટેનું રોકાણ છે.''



ઘણી સંભાવના હોવા છતાં પણ કેટલાક સંશોધકો કહે છે કે આ સ્કીમના અમલ અંગે હજુ પણ કેટલીક ચિંતાઓ રહેલી છે. ઉદાહરણ તરીકે જો લોકોને કામ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં ન આવે તો શ્રમ લેબર ફોર્સ પણ ઘટી શકે છે. ફુગાવો એ બીજો મુદ્દો છે. ૨૦૧૧ માં ઈરાનની યુનિવર્સલ કેશ સિસ્ટમ દ્વારા ચૂકવવામાં આવતી રકમને ફુગાવામાં સમાયોજિત કરવામાં આવી નથી અને તેના કારણે ૨૦૧૯ NBER સંશોધનપત્ર અનુસાર, આ સ્કીમના લાભાર્થીઓની વાસ્તવિક આવકમાં નાટકીય રીતે ઘટાડો જોવા મળ્યો છે કારણ કે દેશનો જીવન ખર્ચ આસમાને પહોંચ્યો છે.

નિષ્ણાતો કહે છે કે સામાજિક માળખાં અથવા તેનું સંકલન પણ જોખમમાં આવી શકે છે જે અસ્થિરતા તરફ દોરી શકે છે.

એકંદરે, પ્રો. વિવોલ્ટ કહે છે કે, ''સરકારો લોકોને વિકલ્પ આપવાને કેટલું મહત્ત્વ આપે છે અને તેઓ કેટલો ખર્ચ કરવા તૈયાર છે તેના પર બધો આધાર છે. ટૂંકા ગાળામાં જ તે વ્યાપક સ્તરે ઉચ્ચ આવકના સંદર્ભમાં રાજકીય રીતે શક્ય બનશે નહીં કારણ કે તે ખૂબ ખર્ચાળ પણ છે.'' ''મોટાભાગે નીતિ નિર્માતાઓ (ઓછી આવકવાળા દેશોમાં) આરોગ્યસંભાળ અથવા શિક્ષણમાં ચોક્કસ પરિણામોને વધુ સારા બનાવવાને પ્રાથમિકતા આપી શકે છે. જો આ તમારા ધ્યેય છે, તો તે ચોક્કસ બાબતોને લક્ષ્ય બનાવતા કાર્યક્રમો અમલમાં મૂકવા માટે વધુ અસરકારક રહેશે. રોકડની વાત એ છે કે લોકો તેને અલગ અલગ રીતે અને અલગ-અલગ વસ્તુઓ માટે ખર્ચ કરી શકે છે.''

અબજોપતિ ઉદ્યોગપતિ અને રાજકીય સલાહકાર ઍલન મસ્ક જેવા હિમાયતીઓએ ભૂતકાળમાં કહ્યું છે કે વધતી જતી ઑટોમેશન અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉદય સામે ગ્રાહક માંગને બનાવી રાખવા માટે યુનિવર્સલ બેઝિક ઈન્કમ એ મહત્ત્વપૂર્ણ છે. ડો. હોવસન ઉમેરે છે, ''યુબીઆઈ એ વિકાસ માટેનું એક શક્તિશાળી સાધન છે. (વિવિધ સંદર્ભો માટે) તર્ક અલગ હોઈ શકે છે, પરંતુ દલીલ તો એ જ રહે છે.'' ડો. હોવસન UBIGનું સંચાલન કરવાના અન્ય સંભવિત ફાયદાઓ તરફ પણ નિર્દેશ કરે છે. તેનાથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર દેખાય છે તથા શિક્ષણ દર પર પણ અસર થાય છે કારણ કે ગ્રાન્ટ મેળવતા પરિવારોનાં બાળકો લાંબા સમય સુધી શાળામાં ભણી શકે છે. તેઓ એમ પણ કહે છે કે કેન્યા અને ભારતમાં પ્રયોગનો ભાગ રહેલી મહિલાઓએ કહ્યું છે કે તેમની પાસે વધુ સ્વાયત્તતા છે કારણ કે તેઓ હવે પૈસા માટે ઘરના પુરુષો પર નિર્ભર નથી. કેટલાક કિસ્સાઓમાં તો એવું બન્યું છે કે આ સ્કીમ મહિલાઓને અપમાનજનક સંબંધો છોડવાની ક્ષમતા પૂરી પાડે છે.જોકે, કેટલાક લોકો કહે છે કે જર્મન પ્રયોગમાંથી સાર્વત્રિક તારણો કાઢવા મુશ્કેલ છે. કેનેડાની યુનિવર્સિટી ઑફ ટોરન્ટોના પ્રોફેસર ઈવા વિવોલ્ટે અમેરિકાનાં બે રાજ્યો ટેક્સાસ અને ઈલિનોઈસમાં આ સ્કીમ પર એક અભ્યાસનું નેતૃત્વ કર્યું હતું.

ત્યાં જે લોકોને ત્રણ વર્ષ સુધી દર વર્ષે ૧૨ હજાર ડોલરની રોકડ ટ્રાન્સફર મળી હતી, તેમણે દર અઠવાડિયે સરેરાશ ૧.૩ કલાક ઓછું કામ કર્યું અને જર્મન પ્રયોગથી વિપરીત તેમની કમાણી પણ દર વર્ષે ૧,૫૦૦ ડોલર ઘટી. ''ઓછી આવક ધરાવતા દેશો વધુ સકારાત્મક અસરો દર્શાવે છે, ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં આ સ્કીમની ઓછી અસર થાય છે.''એકઅભ્યાસમાં, વધુને વધુ લોકોને કામ કરવાનું બંધ કરતા અથવા તેમના કામના કલાકો ઘટાડતા જોવા મળ્યા છે. ''જોકે, આ બધા ફક્ત અનુમાન છે, પરંતુ ઓછી આવક ધરાવતા દેશોમાં લોકો પાસે હંમેશાં રોકડ રકમની કમી હોય છે અને ઉચ્ચ આવક ધરાવતા લોકોના સંદર્ભોમાં એવી સમસ્યાઓ હોઈ શકે છે કે જેનો ઉકેલ રોકડ રકમ લાવી ના શકતી હોય.''

# કેળાના ઝાડ સાથે કરો આ ઉપાયો, ખુલશે ભાગ્યના બંધ દરવાજા

હિન્દુ ધર્મમાં વૃક્ષો, છોડ અને પ્રકૃતિને વિશેષ માન આપવામાં આવ્યું છે. આમાં, કેટલાક વૃક્ષો એવા છે જેમની પૂજા દેવતા તરીકે કરવામાં આવે છે અને તેમનું આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વ ખૂબ જ છે.આમાંથી એક કેળાનું વૃક્ષ છે, જેને ભગવાન ગુરુની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે.એવું કહેવાય છે કે આ વૃક્ષમાં ભગવાન વિષ્ણુ અને ગુરુ બૃહસ્પતિનો નિવાસ છે. તેથી, હિન્દુ ધર્મમાં તેને ખૂબ માન આપવામાં આવે છે, અને તેની પૂજા કરવાના ઘણા ફાયદાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



### કેળાના વૃક્ષની પૂજા

કેળાના ઝાડની પૂજા કરવાથી ગુરુ બૃહસ્પતિ પ્રસન્ન થાય છે અને વ્યક્તિની મનોકામનાઓ પૂર્ણ થાય છે. એવું કહેવાય છે કે આ દિવસે કેળાના ઝાડને પાણી, હળદર, ફૂલો અને ધૂપ ચઢાવવાથી વ્યક્તિને આર્થિક સમૃદ્ધિ અને ભાગ્ય મળે છે.

### કેળાના ઝાડ સંબંધિત કેટલાક અસરકારક ઉપાયો

હિન્દુ ધર્મમાં કેળાના ઝાડ સાથે સંબંધિત ઘણા ઉપાયો માનવામાં આવે છે, જેને અનુસરીને લોકો પોતાના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવી શકે છે.

### આર્થિક સ્થિતિમાં સુધારો

જો કોઈની આર્થિક સ્થિતિ સારી ન હોય અને તે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હોય, તો તેણે કેળાના મૂળની આસપાસ ૧૧ વાર પ્રદક્ષિણા કરવી જોઈએ. ઉપરાંત, ગોળ, ચણાની દાળ અને હળદરનો ગઠ્ઠો મૂળમાં અર્પણ કરવો જોઈએ. આ ઉપાયથી નાણાકીય સમસ્યાઓ દૂર થાય છે અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

### મુખ્ય પ્રવેશદ્વાર પર કેળાના મૂળ બાંધવા

ઘરના મુખ્ય પ્રવેશદ્વાર પર કેળાના મૂળ બાંધવાથી ઘરમાંથી નકારાત્મક ઉર્જા દૂર થાય છે અને સકારાત્મક ઉર્જાનો પ્રવાહ વધે છે. આ ઉપાયથી ઘરમાં સુખ અને શાંતિનું વાતાવરણ બને છે અને પરિવારના સભ્યોને માનસિક શાંતિ મળે છે.

### મંગળ દોષ માટે ઉપાય

જો કોઈ વ્યક્તિ મંગળ દોષ (જે કુંડળીમાં દોષ તરીકે ગણવામાં આવે છે) થી પીડિત હોય, તો કેળાના મૂળની પૂજા કરવાથી આ દોષ દૂર થાય છે. આ ઉપાય વ્યક્તિના જીવનમાં અવરોધો ઘટાડે છે અને તેને માનસિક શાંતિ આપે છે.

### લગ્નજીવનમાં આવતા અવરોધો દૂર કરો

જો કોઈ વ્યક્તિના લગ્નમાં અવરોધો આવી રહ્યા હોય, તો તેણે ગુરુવારે પીળા કપડાં પહેરવા જોઈએ અને કેળાના મૂળની પૂજા કરવી જોઈએ. ઉપરાંત, કેળાના ઝાડ સાથે પીળો દોરો બાંધવો જોઈએ. આ ઉકેલથી, વહેલા લગ્નની શક્યતાઓ વધે છે અને જીવનસાથી શોધવાની શક્યતાઓ વધે છે.

### ધન વધારવા માટે કેળાના મૂળનો ઉપાય

કેળાના ઝાડના મૂળને ગંગાજળથી ધોઈને, પીળા દોરામાં બાંધીને તિજોરીમાં અથવા પૈસા રાખવાની જગ્યાએ રાખવાથી ધન વધે છે. આ ઉપાય વ્યક્તિને નાણાકીય સફળતા તરફ દોરી જાય છે.

### ઘરે કેળાનું ઝાડ વાવવું અને તેના ફાયદા

જો ઘરમાં કેળાનું ઝાડ વાવવામાં આવે તો તે વાસ્તુ દોષોને દૂર કરે છે અને ઘરમાં સકારાત્મક ઉર્જા ફેલાવે છે. તે ઘરનું વાતાવરણ શાંત અને આહલાદક રાખે છે. ઉપરાંત, તે પરિવારના સભ્યો માટે સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું પ્રતીક છે.

# નિસ્તેજ ત્વચાની સુંદરતામાં વધારો કરવા કરો આ જયુસનું સેવન

અત્યારે ઉનાળાની આકરી ગરમી પડી રહી છે. આપણે કામસર ઘરની બહાર જવું પડે છે. સવારના થોડો સમય બાદ દિવસભર આવતા ગરમ પવનો આપણી ત્વચાને અસર કરે છે. ગરમ પવનોના કારણે ત્વચા નિસ્તેજ બને છે. ચહેરાની ચમક પાછી લાવવા આપણે વિવિધ બ્યુટિ પ્રોડકટસનો ઉપયોગ કરીએ છીએ. આપણી ત્વચાની ચમક વધારવા માટે માટે મોંઘા ઉત્પાદનોથી લઈને ઘરેલું ઉપચાર સુધી અજમાવીએ છીએ. પરંતુ જ્યાં સુધી આપણી ત્વચા અંદરથી એટલે કે શરીરમાં યોગ્ય પોષક તત્ત્વો ના જાય ત્યાં સુધી ચહેરો બહારથી નથી ચમકતો. આપણે જે ખાઈએ છીએ અને પીએ છીએ તેની અસર આપણા ચહેરા પર દેખાય છે. આવી સ્થિતિમાં, આપણે આપણા આહારનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. તો ચાલો જાણીએ આવા ૪ પીણાં વિશે જે તમારી ત્વચાને સ્વસ્થ અને ચમકદાર બનાવવામાં મદદ કરી શકે છે.



### ગાજર અને બીટરૂટનો રસ

જ્યારે ગાજરમાં બીટા-કેરોટીન હોય છે જે ત્વચાને સુધારવામાં મદદ કરે છે અને ડાઘ ઘટાડે છે. બીટરૂટ આપણા લોહીને શુદ્ધ કરે છે અને ત્વચાને ચમકદાર બનાવે છે. આ રસ નિયમિત પીવાથી ત્વચા યુવાન અને સુંદર રહે છે.

### કાકડી અને એલોવેરાનો રસ

કાકડીમાં પૂરતા પ્રમાણમાં પાણી જોવા મળે છે જે આપણી ત્વચાને હાઈડ્રેટ રાખે છે. તે જ સમયે, એલોવેરા ત્વચાને તમામ પ્રકારનું પોષણ પૂરું પાડે છે અને તેને તાજગી આપે છે. જેમની ત્વચા શુષ્ક કે સંવેદનશીલ હોય છે તેમના માટે આ રસ વધુ ફાયદાકારક છે. કાકડી અને એલોવેરાનો રસ ત્વચાને હાઈડ્રેટ રાખે છે અને ત્વચાની સ્થિતિસ્થાપકતા જાળવવામાં મદદ કરે છે.

### નારંગી અને ગાજરનો રસ

નારંગીમાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે, જે કોલેજન ઉત્પન્ન કરે છે અને મુક્ત રેડિકલ સામે લડે છે. તે જ સમયે, ગાજરમાં એન્ટીઑકિસડન્ટો હોય છે. નારંગી અને ગાજરનો રસ આપણી ત્વચાને ચમકદાર બનાવે છે અને વૃદ્ધત્વના સંકેતોને ઘટાડે છે.

### ટામેટા અને દાડમનો રસ

ટામેટાંમાં લાઈકોપીન ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે આપણી ત્વચાને સૂર્યના કિરણોથી બચાવે છે. તે જ સમયે, દાડમમાં પુષ્કળ પ્રમાણમાં એન્ટીઑકિસડન્ટ હોય છે, જે વૃદ્ધત્વના સંકેતોને ઘટાડે છે.

આ જ્યુસ પીતી વખતે, ધ્યાનમાં રાખો કે જે ફળ કે શાકભાજીનો જ્યુસ તમે પી રહ્યા છો તે તાજો હોવો જોઈએ. જો શક્ય હોય તો, સવારે ખાલી પેટે જ્યુસ પીવો. રસમાં ખાંડ કે મધ ઉમેરવાનું ટાળો. આ જ્યુસ ફક્ત તમારી ત્વચા માટે જ નહીં પણ તમારા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.

# સાયબર સુરક્ષા અને KYC નિયમોના ઉલ્લંઘન બદલ પાંચ પ્રતિષ્ઠિત બેન્કોને RBIએ દંડ ફટકાર્યો

ભારતીય રિઝર્વ બેન્ક (RBI) એ નિયમનકારી માર્ગદર્શિકાઓના ઉલ્લંઘનને લઈને દેશની પાંચ મોટી બેન્કો પર કુલ ૨.૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ બેન્કોમાં ICICI બેન્ક, એક્સિસ બેન્ક, બેન્ક ઓફ બરોડા, IDBI બેન્ક અને બેન્ક ઓફ મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. RBIએ આ કાર્યવાહી સાયબર સુરક્ષા, ગ્રાહક સેવાઓ અને KYC (નો યોર કસ્ટમર) પ્રક્રિયાઓમાં ખામીઓને કારણે હાથ ધરી છે. જોકે, RBIએ સ્પષ્ટ કર્યું છે કે આ દંડની કાર્યવાહી ગ્રાહકોની સેવાઓ કે તેમના વ્યવહારોને અસર કરશે નહીં.

દેશની બીજી સૌથી મોટી ખાનગી બેન્ક ICICI બેન્ક પર સૌથી વધુ ૯૭.૮ લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો છે. RBIના જણાવ્યા અનુસાર, બેન્કે એક સાયબર સુરક્ષા ઘટનાની જાણ નિર્ધારિત સમયમર્યાદામાં કરી ન હતી. આ ઉપરાંત, અમુક ખાતાઓ માટે અસરકારક ચેતવણી સિસ્ટમ લાગુ કરવામાં નિષ્ફળ રહી હતી. વધુમાં, ICICI બેન્કે ક્રેડિટ કાર્ડના બિલો કે સ્ટેટમેન્ટ મોકલ્યા વિના ગ્રાહકો પાસેથી મોડા ચૂકવણીની ફી વસૂલી હતી, જે નિયમોનું ઉલ્લંઘન છે.

એક્સિસ બેન્કને ૨૯.૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. બેન્કે RBIની ઓફિસ ખાતા સંચાલનની માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરીને અનધિકૃત વ્યવહારો માટે આંતરિક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત, બેન્કની સહાયક કંપનીએ ટેકનોલોજી સેવાઓમાં સામેલગીરી દર્શાવી, જે બેન્કિંગ કંપની માટે મંજૂર નથી.




બેન્ક ઓફ મહારાષ્ટ્ર પર ૩૧.૮ લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો છે. બેન્કે RBIની માર્ગદર્શિકાઓનું પાલન કર્યા વિના, ફેસ-ટુ-ફેસ ચકાસણી વગર આધાર OTP આધારિત ઈ-કેવાયસી દ્વારા મોટી સંખ્યામાં બચત ખાતાઓ ખોલ્યા હતા. આ પ્રક્રિયા નિયમોનું ઉલ્લંઘન કરે છે અને તેનાથી ઓળખની ચોરી કે છેતરપિંડીનું જોખમ વધે છે.

IDBI બેન્ક પર ૩૧.૮ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. બેન્કે કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) ખાતાઓ પર લાગુ બ્યાજ દરથી વધુ વ્યાજ વસૂલ્યું, જે સરકારની બ્યાજ સબ્સિડી યોજનાનું ઉલ્લંઘન છે. આ યોજના ખેડૂતોને સબસિડીવાળા દરે લોન પૂરી પાડવાનો હેતુ ધરાવે છે.

બેન્ક ઓફ બરોડા પર ૬૧.૪ લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો છે. બેન્કે નિષ્ક્રિય, ફ્રોઝન કે નોન-ઓપરેટિવ બચત ખાતાઓમાં નિયમિત રીતે વ્યાજ જમા કર્યું ન હતું. આ ઉપરાંત, બેન્કે વીમા કંપનીઓને તેના કર્મચારીઓને નોન-કેશ ઈન્સેન્ટિવ્સ આપવાની મંજૂરી આપી, જે RBIના નિયમોનું ઉલ્લંઘન છે.

આ પહેલી વખત નથી કે RBIએ બેન્કો પર આવી કાર્યવાહી કરી હોય. ગયા મહિને IDFC ફર્સ્ટ બેન્ક પર KYC નિયમોના ઉલ્લંઘન બદલ ૩૮.૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પંજાબ નેશનલ બેન્ક (PNB) પર ૩૦ લાખ રૂપિયા અને કોટક મહિન્દ્રા બેન્ક પર ૬૦ લાખ રૂપિયાનો દંડ RBIની નિયમનકારી માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન માટે લગાવવામાં આવ્યો હતો.

RBIની આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ બેન્કિંગ સિસ્ટમમાં પારદર્શિતા, જવાબદારી અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે. સાયબર સુરક્ષા, KYC અને ગ્રાહક સેવાઓમાં ખામીઓ ગ્રાહકોના વિશ્વાસને અસર કરી શકે છે અને નાણાકીય સિસ્ટમની સ્થિરતા માટે જોખમ ઊભું કરી શકે છે. RBIએ બેન્કોને આગામી સમયમાં આંતરિક નિયંત્રણોને મજબૂત કરવા અને નિયમોનું સંપૂર્ણ પાલન કરવા માટે ચેતવણી આપી છે.

RBIએ સ્પષ્ટ કર્યું છે કે આ દંડ ફક્ત નિયમનકારી ઉલ્લંઘનોને લગતો છે અને તેનાથી ગ્રાહકોના વ્યવહારો કે કરારોની માન્યતા પર કોઈ અસર થશે નહીં. ગ્રાહકો તેમની રોજિંદી બેન્કિંગ સેવાઓનો ઉપયોગ પહેલાની જેમ ચાલુ રાખી શકે છે. જોકે, આ ઘટના બેન્કોને તેમની પ્રક્રિયાઓને વધુ સુધારવા અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે પ્રેરશે.

RBIએ આ દંડ સ્ટેટ્યુટરી ઈન્સ્પેક્શન ફોર સુપરવાઈઝરી ઈવેલ્યુએશન (ISE) દરમિયાન બેન્કિંગ સિસ્ટમની દેખરેખ રાખીને લગાવ્યો છે. આ પ્રક્રિયામાં બેન્કોને શો-કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી, અને તેમના લેખિત જવાબો તેમજ મૌખિક રજૂઆતોની સમીક્ષા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. RBIએ બેન્કોની આ ખામીઓને ગંભીર ગણાવી અને નિયમોનું સખત પાલન કરવાની ચેતવણી આપી છે.

# બોલ્ટએ ૫૦૦ શહેરોમાં ૧૦ મિનિટમાં ફૂડ ડિલિવરી સર્વિસ વિસ્તારી

ફૂડ ડિલીવરી કરવા વાળી મુખ્ય કંપની સ્વિગી (Swiggy) એ ૨ મે ના ઘોષણાની તે તેના ભારતભરના ૫૦૦ થી વધારે શહેરોમાં પોતાની ઈન-એપ ૧૦-મિનિટ ફૂડ ડિલીવરી સેવા બોલ્ટ (Bolt) નો વિસ્તાર કર્યો છે.

ફૂડ ડિલીવરી કરવા વાળી મુખ્ય કંપની સ્વિગી (Swigg) એ ૨ મે ના ઘોષણાની તે તેના ભારતભરના ૫૦૦ થી વધારે શહેરોમાં પોતાની ઈન-એપ ૧૦-મિનિટ ફૂડ ડિલીવરી સેવા બોલ્ટ (Bolt) નો વિસ્તાર કર્યો છે. આ વિસ્તાર મનીકંટ્રોલ દ્વારા સૌથી પહેલા રિપોર્ટ કરવાના એક દિવસ બાદ થયો છે કે ઝોમેટો (Zomato) એ ઑપરેશંસ પડકારના હવાલા આપતા પોતાના ૧૫-મિનિટ ફૂડ ડિલીવરી વટિકલ ક્વિક અને એવરીડે (verticals quick and everyday) ને બંધ કરી દીધા છે. ઓક્ટોબર ૨૦૨૪ માં લોન્ચ કરવામાં આવેલી બોલ્ટે સ્વિગીના ફૂલ ફૂડ ડિલીવરી ઑર્ડરના ૧૦ ટકા હિસ્સો કવર કરી લીધો છે. આ સેવા બે કિલોમીટરના દાયરામાં સ્થિત રેસ્ટોરેંટ્સથી ત્વરિત-સેવા, હાઈ ડિમાંડ વાળી વસ્તુઓના એક ક્યૂરેટેડ મેનૂ પ્રદાન કરે છે, જેમાં તૈયાર કરવામાં ઘણો ઓછો અને એકદમ પણ સમય નથી લાગ્યો.

સ્થાનીય રેસ્ટોરેંટ્સના સિવાય, સ્વિગીએ કેએફસી, મેકડોનલ્ડ્સ, સબવે, ફાસોસ, બર્ગર કિંગ અને ક્યોરફૂડ્સ જેવી લોકપ્રિય ક્વિક-સર્વિસ રેસ્ટોરેંટ્સ ચેનની સાથે ભાગીદારી કરી છે.




સ્વિગી ફૂડ માર્કેટપ્લેટના સીઈઓ રોહિત કપૂરે કહ્યુ ''બોલ્ટ આજના લોકોની જીવનશૈલીના હિસાબથી ફિટ બેસે છે. તમને ભૂખ લાગી છે, તમને કંઈ જોઈએ છે અને તમે સમજોતો નથી કરવા ઈચ્છતા. અમે બોલ્ટને તે પળ માટે બનાવ્યુ છે. કેટલાક જ મહીનામાં તે ૫૦૦ થી વધારે શહેરોમાં જોવુ અવિશ્વસનીય છે. અને આ તો બસ શરૂઆત છે.''

# યુદ્ધના ઓછાયા વચ્ચે શેરોમાં નવી ખરીદીમાં થોભો અને રાહ જુઓની નીતિ ફાયદાકારક રહેશે

પહેલગામ-કાશ્મીરમાં આતંકવાદીઓના હુમલાના પરિણામે સેવવામાં આવેલી ધારણા મુજબ જ એશીયામાં જીઓપોલિટીકલ ટેન્શન સર્જાયું છે. એક તરફ અમેરિકાએ વિશ્વ પર ટેરિફ યુદ્ધ થોપ્યાના પરિણામે વૈશ્વિક વેપારમાં ધરમૂળથી આવેલા પરિવર્તનના કારણે યુરોપના દેશો, ચાઈના, જાપાન સહિતના અર્થતંત્ર માટે ડામાડોળ સ્થિતિ ઊભી થઈ છે. ત્યારે બીજી બાજુ ટેરિફ યુદ્ધના કારણે અમેરિકા ખુદ ઘરઆંગણે ટેરિફના કારણે આયાત મોંઘી બનતાં મોંઘવારીમાં વધારા થવાને લઈ વિરોધનો સામનો કરી રહ્યું છે.અમેરિકાની ટેરિફ નીતિમાં ભારતે સૌથી વધુ સહકાર આપીને ૫૦૦ અબજ ડોલરના અમેરિકા સાથે આયાત-નિકાસ વેપાર કરવાના મિશન સાથે વેપાર સંધિ કરવાનો પોઝિટીવ રિસ્પોન્સ આપ્યો છે. જે ચીનને ગમ્યુ નથી, એટલે સ્વાભાવિક છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે ટેન્શન વધે અને અમેરિકા ટેરિફ મામલે ચાઈના સાથે તેની આક્રમક નીતિમાં ઢીલ મૂકે. વૈશ્વિક પરિપેક્ષ્યમાં આ થઈ રહેલા ડેવલપમેન્ટને જોતાં ભારત માટે અત્યારે સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ સર્જાઈ છે.



ભારત એમ પણ ચાઈના સાથે બોર્ડર વિવાદમાં અગાઉ છમકલા સહિતનો સામનો કરતું આવ્યું છે. જયારે છેલ્લા કેટલાક સમયથી બાંગ્લાદેશ સાથે વણસેલા સંબંધો અને અત્યારે વચગાળાની બાંગ્લાદેશ સરકાર પાકિસ્તાન અને ચાઈના સાથે હાથ મિલાવીને ભારતને ઘેરવાના અને દબાણમાં લાવવાના પ્રયાસ કરે એ સ્વાભાવિક છે. જેથી ચાઈના, બાંગ્લાદેશ, શ્રીલંકાથી ઘેરાયેલા ભારત માટે અત્યારે સમજી વિચારીને આતંકવાદીઓના જઘન્ય કૃત્યનો જવાબ આપવો પડે એમ છે. જેથી પૂર્ણ યુદ્ધ તો કમસેકમ નજીકના દિવસોમાં શક્ય નથી દેખાતું, અને કૂટનીતિ સાથે ભારત દ્વારા પાકિસ્તાનને આર્થિક રીતે વધુ પાયમાલ કરવાના લેવાઈ રહેલા પગલાં સરાહનીય છે. પાકિસ્તાનને વધુને વધુ દેવા બોજમાં ડૂબાડી, પાકિસ્તાની સૈન્ય અને સરકાર પર પ્રેશર લાવવાની અપનાવાઈ રહેલી

નીતિને જોતાં આગામી દિવસોમાં ઘેરાઈ ગયાના અહેસાસમાં પાકિસ્તાન પોતાની રીતે કોઈ સૈન્ય પગલું ભરીને ભૂલ કરે તો વિશ્વને એ બતાવીને ભારત જડબાતોડ જવાબ આપી શકે છે. જે માટે ચાઈના પણ પાકિસ્તાનના સપોર્ટમાં નહીં આવીને પોતાનું આર્થિક હિત અને ભારતનું બજાર જોઈને પાછીપાની કરશે. જેથી અત્યારે અનિશ્ચિત બનેલા માહોલ અને હજુ આ પરિસ્થિતિ અમુક સમય ચાલુ રહેવાની છે એ સમજીને શેરોમાં નવી ખરીદીમાં રાહ જોવી હિતાવહ રહેશે. કંપનીઓના રિઝલ્ટની શરૂ થયેલી સીઝન અને ચોમાસું આ વર્ષે સામાન્યથી પણ વધુ સારુ રહેવાની બતાવાતી શકયતાએ બજારને ઘટાડે ટેકો મળતો જોવાશે. પરંતુ જીઓપોલિટીકલ પરિસ્થિતિ નહીં વણશે તો જ આ પરિબળોની પોઝિટીવ અસર અપેક્ષિત છે.

# એરંડા ઉત્પાદનમાં કડીએ વૈશ્વિક સ્તરે સર્વોપરિતા સાબિત કરી



ગુજરાતે એરંડાના વાવેતર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખને વધુ મજબૂત કરી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૪૬ લાખ હેક્ટર વિસ્તારમાં એરંડાનું વાવેતર નોંધાયું, જેના પગલે ગુજરાતે સતત ૪ દાયકાઓથી ભારતમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. રાજ્યના મહેસાણા જિલ્લાનો કડી વિસ્તાર એરંડાની ઉત્પાદકતામાં વિશ્વમાં સૌથી આગળ છે, જે અંગે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે માહિતી આપી હતી.

વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં એરંડાનું વાવેતર માત્ર ૨.૯૦ લાખ હેક્ટરમાં હતું, જે ૨૦૨૪-૨૫માં વધીને ૬.૪૬ લાખ હેક્ટર થયું. ઉત્પાદનની વાત કરીએ તો, ૨૦૦૩માં ૫.૪૧ લાખ મેટ્રિક ટન એરંડાનું ઉત્પાદન થતું હતું, જે ૨૦૨૪માં ત્રણ ગણું વધીને ૧૫.૯૫ લાખ મેટ્રિક ટન થયું. ઉત્પાદકતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જે ૨૦૦૩માં ૧,૮૬૪ કિલોગ્રામ પ્રતિ હેક્ટર હતી, તે ૨૦૨૪માં ૨,૨૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર થઈ.

ભારતના કુલ એરંડા ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૮૧.૪૨ ટકા છે, જે રાજ્યને દેશનું સૌથી મોટું એરંડા ઉત્પાદક બનાવે છે. ભારત વૈશ્વિક માંગના ૯૦ ટકા એરંડાનું ઉત્પાદન કરે છે, જેમાં ગુજરાતનું યોગદાન મુખ્ય છે. ગુજરાતનું એરંડા અને એરંડિયા તેલ (દિવેલ) ઉચ્ચ ગુણવત્તા અને વિશ્વસનીયતાને કારણે વૈશ્વિક બજારમાં અગ્રેસર છે.

ગુજરાતે વૈશ્વિક એરંડા ઉત્પાદન હબ તરીકેની પોતાની ઓળખને માત્ર જાળવી નથી, પરંતુ તેને વધુ ઉન્નત કરી છે. રાજ્ય સરકારની નીતિઓ, ખેડૂતોની મહેનત અને વૈજ્ઞાનિક અભિગમના પરિણામે ગુજરાત એરંડા ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર રહેશે.

# ફોર્મ નં. ૧૩માં સુધારાથી PF ખાતું એકમાંથી બીજી કંપનીમાં ટ્રાન્સફર કરવું સરળ બનશે

ફોર્મ નંબર ૧૩ ભરીને નોકરિયાત નોકરી બદલે ત્યારે તેનું પ્રોવિડન્ટ ફંડ એક કંપનીમાંથી બીજી કંપનીમાં ઝડપથી ટ્રાન્સફર કરાવી શકશે. જૂની સિસ્ટમમાં નોકરિયાતે જૂની અને નવી બંને કંપનીઓ પાસેથી પ્રોવિડન્ટ ફંડની ટ્રાન્સફર માટે મંજૂરી લેવી પડતી હતી. ફોર્મ ૧૩ ભરી દેવાથી જૂની કંપનીમાં જમા પડેલું પ્રોવિડન્ટ ફંડ આપોઆપ જ નવી કંપનીમાં ટ્રાન્સફર થઈ જશે.

એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશને તેના સભ્ય માટેના ફોર્મ નંબર ૧૩માં સુધારો કર્યો છે. જેમાં એક કંપની છોડીને બીજી કંપનીમાં જોડાતી વ્યક્તિ માટે પ્રોવિડન્ટ ફંડનું ખાતું એક કંપનીમાંથી બીજી કંપનીમાં ટ્રાન્સફર કરાવવાની વિધિ અત્યંત સરળ બની જશે. એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ કચેરીએ સુધારેલા આ ફોર્મને કારણે પ્રોવિડન્ટ ફંડનો વેરાપાત્ર વ્યાજનો હિસ્સો અને બિનવેરાપાત્ર વ્યાજનો હિસ્સો અલગથી જોઈ શકાશે. હવે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ કચેરી કંપનીઓના માલિકોને એક જ સાથે અનેક કર્મચારીઓના યુનિવર્સલ એકાઉન્ટ જનરેટ કરવાની કામગીરીમાં પણ મદદ કરશે. તેને માટે અલગથી આધાર કાર્ડનું સીડિંગ કરાવવું પડશે નહીં. આમ સમગ્ર કાર્યવાહી અત્યંત સરળ બની જશે. આ નવી વ્યવસ્થાનો દેશના અંદાજે ૧.૨૫ કરોડ પ્રોવિડન્ટ ફંડ ખાતાધારકોનો ફાયદો થશે.

બલ્કમાં એટલે કે એક સાથે અનેક કર્મચારીઓના યુનિફાઈડ એકાઉન્ટ નંબર પણ નવું ફોર્મ ૧૩ ભરીને જનરેટ કરી શકાશે. પ્રોવિડન્ટ ફંડના સભ્ય અને તેમાંય ખાસ કરીને એક્ઝમ્પ્ટેડ પ્રોવિડન્ટ ફંડ ટ્રસ્ટોએ ઈપીએફઓમાં જોડાઈ જવું પડશે અથવા તો પછી તેમને મળતી માફી પાછી ખેંચી લેવી પડશે. તેમ જ અર્ધન્યાયિક કાનૂની પ્રક્રિયામાં અટવાયેલા કેસોમાં પણ




ઈપીએફઓમાં જોડાઈ જવાનો કે વેરામાફીના લાભ જતાં કરવાનો વિકલ્પ મળશે. કંપનીમાં કામ કરતાં કર્મચારીઓના ડેટા-વિગતોને આધારે એક સાથે અનેક કર્મચારીઓના યુનિફાઈડ એકાઉન્ટ નંબર જનરેટ કરી શકશે. તેને માટે આધાર કાર્ડ પણ તત્કાળ આપવો પડશે નહીં. જોકે આધાર કાર્ડનું સીડિંગ કે અપલોડ કરવાની કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી યુનિફાઈડ એકાઉન્ટ નંબરને ફ્રોઝન રાખવામાં આવશે.

''પગારની રકમ પર સંપૂર્ણ વેરો ચૂકવી દીધા બાદ પ્રોવિડન્ટ ફંડમાં જમા કરાવવામાં આવતી રકમ પર મળતા વ્યાજની આવક પર કોઈ જ વેરો લેવામાં આવશે નહિ. ''કંપનીના માલિક પગારની આવકના ૧૨ ટકા રકમ પ્રોવિડન્ટ ફંડના ફાળા તરીકે જમા કરાવે તો તે રકમ પરની વ્યાજની આવક વેરાપાત્ર બનશે નહીં. ''કંપનીના માલિક દ્વારા પ્રોવિડંટ ફંડમાં વરસ દરમિયાન આપવામાં આવતા ફાળાની રકમ ૨.૫ લાખ રૂપિયાથી વધી જાય તો તે વધારાની રકમ પર થતી વ્યાજની આવક પર વેરો લાગશે.

''જો કંપનીના માલિકનો હિસ્સો પ્રોવિડન્ટ ફંડમાં જમા ન થતો હોય તો તેવા કિસ્સામાં વાર્ષિક વ્યાજની આવક ૫ લાખ રૂપિયાથી વધી જાય તો તે વધારાની વ્યાજની આવક પર આવકવેરો લાગે છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં નવા દાખલ કરવામાં આવેલા નિયમ હેઠળ પ્રોવિડન્ટ ફંડના ખાતામાં વરસે ૫ લાખ રૂપિયાથી વધારેની વ્યાજની જમા થતી રકમ આવકવેરાને પાત્ર બને છે. ''પાંચ વર્ષની નોકરી પછી પ્રોવિડન્ટ ફંડની રકમનો ઉપાડ કરવામાં આવે તો તે પ્રોવિડન્ટ ફંડની સંપૂર્ણ રકમ વેરામુક્ત ગણાય છે. ''પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા પડેલી રકમનો પાંચ વર્ષ પહેલા ઉપાડ કરવામાં આવે તો તેવા સંજોગોમાં કંપનીના માલિક દ્વારા આપવામાં આવેલા ફાળાની રકમ અને તેના પર મળેલા વ્યાજની રકમ આવકવેરાને પાત્ર બની જાય છે. આવકવેરાની કલમ ૮૦ સી હેઠળ મેળવેલો લાભ પણ આ પ્રકારના કિસ્સાઓમાં પાછો ખેંચાઈ જશે અને કંપનીના માલિકે જમા કરેલી રકમ અને તેના પર મળેલા વ્યાજની રકમ વેરાને પાત્ર બનશે.

હવે પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા પડેલી રકમ પર ચૂકવવામાં આવતા વ્યાજની રકમમાંથી વેરાપાત્ર વ્યાજ કેટલું છે અને બિનવેરાપાત્ર વ્યાજ કેટલું છે તે પણ અલગથી દર્શાવશે. પરિણામે ખાતાંધારક માટે વેરાની જવાબદારી અદા કરવી સરળ બની જશે. આ વ્યવસ્થાને પરિણામે વ્યાજની રકમ પર ટીડીએસ કેટલો કરવો તે પણ સરળતાથી ગણી શકાશે. ભવિષ્યમાં ટેક્સ રિટર્ન ફાઈલ કરતી વખતે કોઈ ભૂલ ન થાય તેવી આ વ્યવસ્થા હોવાનું એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ કચેરીના સૂત્રોનું કહેવું છે.

આ સાથે જ પ્રોવિડન્ટ ફંડના ખાતાને સેટલ કરી આપવાની પ્રક્રિયાને પણ વધુ ઝડપી બનાવી દેવામાં આવી છે. નોકરીમાંથી નિવૃ઼ થયા બાદ પોતાના પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટને ઝડપથી સેટલ કરી દેવાની અને પ્રોવિડન્ટ ફંડની રકમ પોતાના ખાતામાં લઈ લેવા માગનારાઓને તેનાથી ખાસ્સો લાભ થશે.

# જીરૂ-વરિયાળીના હબ તરીકે પ્રખ્યાત ઉંઝા હવે અજમાનું પણ કેન્દ્ર



ઊંઝા યાર્ડ હવે અજમાનું હબ બન્યું છે. દરરોજ ૪ હજાર બોરીની આવક થઈ રહી છે. જીરું, વરિયાળીના હબ તરીકે જાણીતું ઊંઝા માર્કેટ યાર્ડ હવે અજમાનું હબ બની રહ્યુ છે. હાલ, ઊંઝા માર્કેટ યાર્ડમાં અજમાના ઢગલા થઈ રહ્યા છે. હાલ ઊંઝા યાર્ડમાં દરરોજ ૩ હજાર ૫૦૦થી ૪ હજાર બોરી અજમાની આવક થઈ રહી છે. આસપાસના ગામડાઓમાંથી ખેડૂતો માટી સંખ્યામાં અજમો લઈને યાર્ડ ખાતે પહોંચી રહ્યા છે.

અજમાના મણના ભાવ ૧૫૦૦ રૂપિયા થી લઈ ૩૦૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે , એકદમ ગ્રીન ક્વોલિટી હોય તો અજમાનો સારો ભાવ ખેડૂતોને મળી રહ્યો છે. સારા ભાવ મળતા ખેડૂતો ખુશ છે. વેપારીઓના મતે હાલ ભારતભરમાં સૌથી વધુ અજમાની આવક ઊંઝા માર્કેટ યાર્ડમાં થઇ રહી છે. કારણ કે, મહેસાણામાં ખેડૂતો અજમાના વાવેતર તરફ વળી રહ્યા છે. તેમજ ખેડૂતોને અહિં ક્વોલિટી પ્રમાણે ભાવ પણ સારા મળતા સંતુષ્ટ દેખાય રહ્યા છે.

આ સપ્તાહ નાનુ રહ્યું પણ એગ્રી કોમોડિટી માટે એક્શન ભર્યું હતું, જ્યાં ખાસ કરીને મસાલા પેકમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા, તો વૈશ્વિક અને સ્થાનિક બન્ને બજારોમાં પામ તેલની કિંમતોમાં ઉપલા સ્તરેથી દબાણ જોવા મળ્યું, જ્યારે ઘઉંની ખરીદી પર પણ સરકાર તરફથી અપડેટ આવતી દેખાઈ હતી. હવે આગળ એગ્રી કોમોડિટીમાં મસાલા પેકનું આઉટલૂક કેવું બની રહ્યું છે, અને ખાદ્ય તેલમાં કેવા ટ્રેન્ડ બની રહ્યા છે.

# ગુજરાતમાં પીવાના પાણી માટે વાઈબ્રન્ટ પોકાર

## રાજ્યના ૨૯૦ ગામડા ટેન્કર પર નિર્ભર, નલ સે જલ યોજના માત્ર કાગળ પર રૂડી-રૂપાળી

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતમાં ચારેકોર પાણીના પોકાર ઊઠ્યાં છે. ખાસ કરીને છેવાડાના ગામડાઓમાં તો લોકોને પાણી માટે ભટકવું પડી રહ્યુ છે. નર્મદાના નીર છેવાડાના ગામડા સુધી પહોચ્યાં છે અને નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યુ છે તેવા દાવાનો પરપોટો ફુટ્યો છે.

સરકારનો જ રિપોર્ટ છે કે, ૨૯૦ ગામડાઓમાં ટેન્કરના માધ્યમથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ગામડાઓ જ નહીં, અમદાવાદ જેવા શહેરોમાં ય ટેન્કરથી પાણી પહોચતું કરવામાં આવી રહ્યાં છે. વાઈબ્રન્ટ ગુજરાતની કમનસીબી જુઓ કે, આજે પણ લોકોને પીવાનુ શુદ્ધ પાણી મળી રહ્યું નથી. આજે પણ ૭૦૦થી વધુ ગામડાઓના ગ્રામજનો કૂવા અને હેન્ડપંપથી પીવાનુ પાણી મેળવવા મજબૂર છે.



નલ સે જલ યોજનાના માધ્યમથી ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં નળથી પીવાનુ પાણી પહોચ્યુ છે અને ૧૦૦ ટકા સિદ્ધી હાંસલ કરાઇ છે તેવો સરકારનો દાવો છે. વાસ્તવમાં નલ સે જલ યોજના ભ્રષ્ટાચારનું માધ્યમ બની છે તેવો ઉલ્લેખ કરતાં ધારાસભ્ય અનંત પટેલનું કહેવુ છે કે, મહારાષ્ટ્ર બોર્ડર નજીકના ગામડાઓમાં પાણીની ખેંચ વર્તાઈ છે. નવસારી જિલ્લાના ૨૫ જેટલાં ગામડાઓમાં એવી દશા છે કે, ખાનગી બોરમાંથી લોકોને પાણી મેળવવુ પડે છે. ઘર પાસે નળ લગાવી દીધાં છે પણ પાણીના પાઈપલાઈન જ નાંખી નથી. દુર દુર સુધી પાણી લેવા જવું પડે છે. સરકારમાં રજૂઆત કર્યા પછી ય સમસ્યા હલ થતી નથી.

સરકારના રિપોર્ટમાં જ એવો જ ખુલાસો થયો છેકે, અમરેલી, ગીર સોમનાથ, બનાસકાંઠા, ડાંગ , સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં પાણીની સમસ્યા વકરી છે.આ વિસ્તારોમાં ૨૯૦ ગામડાઓમાં ટેન્કરથી પાણી પહોંચતુ કરવામાં આવી રહ્યુ છે. ભૂગર્ભ જળના તળ ઉંચા આવ્યાં છે તેવો પાણી પુરવઠા મંત્રીએ દાવો કર્યો છે પણ વાસ્તવિકતા એછે કે, આદિવાસી વિસ્તારોમાં તો પાણીના બોર સુધ્ધાં સૂકાયાં છે. ધારાસભ્ય કાંતિ ખરાડીનું કહેવુ છે કે, દાંતા-અમીરગઢ વિસ્તારમાં તો હેન્ડપંપ જ તૂટી ગયા છે. બોર સુકાઇ જતાં પાણી આવતુ જ નથી. નલ સે જલ યોજના મશ્કરી સમાન છે કેમકે, મુખ્ય પાણીની પાઇલપાઇન નાંખી નથી. માત્ર નળ લગાડીને દેખાડો કરાયો છે. ટેન્કર ચાલુ કરવા રજૂઆત કરાઇ પણ કોઇ સાંભળતુ નથી.

ગુજરાતમાં ૪૯૫ ગામડાઓ એવાં જ્યાં ગ્રામજનો કૂવામાંથી જ પીવાનું પાણી મેળવે છે. છોટાઉદેપુર, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને જૂનાગઢ વિસ્તારમાં ગામડાઓના લોકોએ કૂવા પર જ નિર્ભર રહેવું પડે તેમ છે. આ વિસ્તારોમાં પાણીનો કોઇ બીજો સ્ત્રોત નથી. જ્યારે ૨૯૧ ગામડાઓના લોકોએ હેન્ડપંપથી જ પાણી મેળવવુ પડે છે. વિકસીત ગુજરાતમાં આજે પણ લોકોને હેન્ડપંપ-કૂવામાંથી પાણી પીવુ પડે છે. શુદ્ધ પાણી પણ લોકો સુધી પહોચી શક્યુ નથી ત્યાં મિટરથી પાણી આપવાની ડીંગો હાંકવામાં આવી હતી. આમ, નળથી ઘર ઘર સુધી પીવાનુ પાણી પહોંચ્યુ છે તેવી સુફિયાણી વાતો આજે બોદી પુરવાર થઇ છે.



# પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદર પર સુરેન્દ્રનગરના યુવકે હુમલો કર્યો : ધરપકડ

**સમય મિરર | અમદાવાદ**

નોઈડામાં પાકિસ્તાની સીમા હૈદર પર એક યુવકે હુમલો કર્યો હતો. શનિવારે સાંજે ગુજરાતનો એક યુવક સીમાના ઘરે પહોંચ્યો. એવો આરોપ છે કે તેણે ઘરના દરવાજાને જોરથી લાત મારી અને પછી અંદર ઘુસ્યા પછી, તેણે સીમાનું ગળું દબાવ્યું હતું. તેણે સીમાને ત્રણ-ચાર થપ્પડ પણ મારી. આ ઘટનાથી સીમા હૈદર ગભરાઈ ગઈ અને તેણે બુમો પાડી હતી. આ પણ વાંચો, સીમા હૈદરને લાફાવાળી કરનાર તેજસ જાનીના ઘરે તાળું લાગ્યું

તેની બુમો સાંભળતાની સાથે જ તેના પરિવારના સભ્યો ત્યાં પહોંચી ગયા. તેઓએ હુમલાખોરને પકડી લીધો અને તેને મારવાનું શરૂ કર્યું. સીમા હૈદરે અધિકારીઓને ઘટના વિશે માહિતી આપી. આનાથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો. ભારે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો. પોલીસે આરોપી યુવકને કસ્ટડીમાં લીધો છે. આરોપીએ પોલીસને જણાવ્યું કે સીમાએ તેના પર કાળો જાદુ કર્યો હતો.

આરોપી યુવકની ઓળખ તેજસ જાની તરીકે થઈ છે, જે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં ટીબી હોસ્પિટલ પાસે રહેતા જયેન્દ્ર ભાઈનો પુત્ર છે. આ યુવક ગુજરાતથી ટ્રેન દ્વારા દિલ્હી પહોંચ્યો હતો.

બાદમાં તે રાબુપુરામાં સીમા હૈદરના ઘરે પહોંચ્યો. એસીપીએ જણાવ્યું કે આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની માનસિક સ્થિતિ સારી નથી. આરોપીનો મોબાઇલ જપ્ત કરવામાં આવ્યો છે. તેની કોલ ડિટેલ્સની તપાસ કરવામાં આવી રહી છે.

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ યુપીમાંથી પાકિસ્તાની નાગરિકોને પાછા મોકલી દેવામાં આવ્યા છે. આ દરમિયાન, ગ્રેટર નોઈડામાં રહેતી સીમા હૈદરે પીએમ મોદી અને સીએમ યોગીને ભારતમાં રહેવા માટેની મંજૂરી આપવા અપીલ કરી હતી. સીમા હૈદરે હાથ જોડીને કહ્યું હતું- હું પાકિસ્તાનની દીકરી હતી, પણ હવે હું ભારતની વહુ છું. તો મને અહીં રહેવા દો. હું સચિનના શરણમાં છું અને તેની થાપણ છું.

**સરદારધામના પ્રમુખ ગાગજી સુતરિયાની સાફ વાત**

# દીકરીઓ શોપિંગમાં જાય ત્યારે કમરે 'ફટકડી' લટકતી હોવી જોઈએ

**સમય મિરર | અમદાવાદ**




અમદાવાદ સ્થિત સરદાર ધામના પ્રમુખ અને પાટીદાર સમાજના અગ્રણી ગગજી સુતરિયાએ વધુ એક વખત દીકરીઓની સ્વસુરક્ષાને લઈ કમરે રિવોલ્વર લટકાવવાની તરફેણ કરી છે. સરદારધામમાં આયોજીત એક કાર્યક્રમમાં ગગજીભાઈએ કહ્યું હતું કે, પાટીદાર સમાજ યહુદી સમાજની બરોબરી કરે. સમાજની કે દેશની દીકરી જ્યારે બહાર શોપિંગમાં જાય ત્યારે તેની કમરે રિવોલ્વર લટકતી હોવી જોઈએ. વધુમાં કહ્યું હતું કે, હું વડાપ્રધાનને કહેવાનો છું કે, દેશના દરેક નાગરિકોને ઈઝરાયલની માફક લશ્કરની તાલીમ આપવામાં આવે. ગગજી સુતરિયાના આ નિવેદન બાદ હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગગજીભાઈનો ધ્યેય મહિલા સશક્તિકરણનો હોય છે. ગુજરાતની વાત કરીએ તો, ગુજરાત દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય છે.

અમદાવાદ શહેરના એસપી રીંગ રોડ પર વૈષ્ણોદેવી નજીક આવેલા પાટીદાર સમાજના સરદાર ધામ ખાતે રવિવારે UPSCમાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો. અમે જે કહીએ છીએ એ ૨૫ વર્ષના વિઝનની વાત છે. ઇઝરાયલમાં દરેક વ્યક્તિએ સંરક્ષણની તાલીમ લીધેલી છે. પાકિસ્તાનમાં અને બાંગ્લાદેશમાં શું ચાલે છે તે જોઈ રહ્યા છીએ આપણા ભારતમાં પણ શું ચાલી રહ્યું છે તે જોઈએ છીએ. આ બધું ધ્યાનમાં રાખી અને આપણે દરેક વ્યક્તિને લશ્કરની તાલીમ આપવી જોઈએ. આપણી દીકરીઓને સ્વરક્ષણ માટે લાઠી અને તલવાર ચલાવવાની તાલીમ આપવામાં આવે છે. સમૂહ લગ્ન, વેવિશાળ મેળો, બેટી બચાવો અને જળ બચાવો બધું જ સારું પરંતુ સબ બંદર કે વેપારી આપણે ન થઈ શકીએ. એક જ વસ્તુ નક્કી કરી છે કે, યુવા શક્તિનો સર્વાંગી વિકાસ કરવાનો છે. યહૂદી સમાજ જે ૭ મુસ્લિમ દેશો વચ્ચે એકલું જજુમી રહ્યું છે. યહૂદી સમાજની જેમ પાટીદાર સમાજ પણ બધાની વચ્ચે એકલો લડી શકે. વધુમાં તેઓએ કહ્યું હતુ કે કડવા અને લેઉવા તેમજ અમીરનો ભેદ ભૂલી પાટીદાર સમાજની એકતાની ડિઝાઇનને પ્રસ્થાપિત કરવી છે. ૧૦૦ IAS - IPS અને ૧૦૦૦૦ દીકરા દીકરીઓને તલાટીથી લઈને IAS અને કોન્સ્ટેબલથી લઈ આઈપીએસ અધિકારી બનાવવા છે. કરોડો રૂપિયાનું દાન આપી શકે એવા ૧૦૦૦૦ બિઝનેસમેનોનું સંગઠન બનાવવાનું છે. પાટીદાર સમાજની દશા,દિશા અને તકદીર બદલવી છે.

જેના માટે સરદારધામની પાટીદાર યુનિવર્સિટી બનાવવી છે જેમાં દીકરા દીકરીઓની કોલેજ અને હોસ્ટેલ બને અને જે ૧૦૦૦૦ દીકરીઓ જે અમદાવાદમાં પીજી અથવા તો ખાનગી રૂમ ભાડે રાખીને રહે છે અને ક્યાંય ભટકી ન જાય તેના માટે હોસ્ટેલ બનાવવાની છે. જેના માટે ૩૦૦ કરોડની જમીન દાનમાં આવી રહી છે અને ૩,૦૦૦ કરોડનો પ્રોજેક્ટ ઉભો કરવો પડે તેના માટે તમામ બિઝનેસમેનોએ એક એક કરોડનું દાન આપવામાં આવે તેવી આશા છે.

# ગુજરાતમાં ગેરકાયદે હથિયારોની તપાસ ટલ્લે ચડાવાઈ

## મંત્રી પુત્ર, ડાયરાના કલાકારો, બિલ્ડરો, વેપારીઓ સહિત મોટા માથાના નામ ખુલતાં સમગ્ર કાંડના મૂળ સુધી પહોંચવું મુશ્કેલ

**સમય મિરર | અમદાવાદ**

નાગાલેન્ડ-મણિપુરમાં ખોટા દસ્તાવેજો આધારે બોગસ હથિયાર લાઈસન્સ મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે અત્યાર સુધી ૪૦ લોકોની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે. જો કે, વનમંત્રી મુકેશ પટેલના પુત્ર વિશાલ પટેલે પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યુ છે તેવુ પોલીસ તપાસમાં ખુલ્યુ છે. મંત્રીના પુત્રએ ઓલપાડ પોલીસ સ્ટેશનને બદલે જહાગીરપુરા પોલીસ સ્ટેશનમાં કેમ વેરિફિકેશન કરાવ્યું? આ ઉપરાંત જહાગીરપુરા પોલીસ સ્ટેશને નાગાલેન્ડથી અહેવાલ મંગાવ્યો કે કેમ? સુરતમાં રહેતાં મંત્રીપુત્રએ નાગાલેન્ડના રહીશ હોવાનો ઉલ્લેખ કરીને શું ખોટું સોગંધનામુ કર્યુ છે શું? આ બધા સવાલ ઊઠ્યાં છે.

ગુજરાતમાં નાગાલેન્ડ-મણિપુરથી બોગસ હથિયાર લાઈસન્સ મેળવવાનો વેપલો ધમધમી રહ્યો છે. પોલીસ તપાસમાં ખુલ્યુ છે કે, વનમંત્રી મુકેશ પટેલના પુત્ર વિશાલ પટેલે પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યુ છે. મંત્રીના પુત્ર ઉપરાંત ડાયરાના કલાકારો, બિલ્ડરો, વેપારી, બિલ્ડરો ઉપરાંત ઉચ્ચ



પોલીસ અધિકારીઓના સંતાનોએ પણ બોગસ હથિયાર લાઈસન્સ મેળવ્યાં છે. જેના કારણે આખીય પોલીસ તપાસ ખોરંભે ચડી છે. હવે સવાલ એ ઊઠ્યો છે કે, નાગાલેન્ડ-મણિપુરથી બોગસ હથિયાર લાઇસન્સ મેળવનારાં મોટા ગજાના લોકોને નહી પકડવા કોનુ રાજકીય દબાણ છે.

સમગ્ર કૌભાંડનો રેલો ગાંધીનગર સુધી પહોંચે તેમ છે. ખોટા દસ્તાવેજો આધારે બોગસ લાઈસન્સ લઈ હથિયાર ખરીદવામાં ડાયરાના કેટલાંક જાણીતા કલાકારોના નામો પણ ખુલ્યાં છે. સરકારી કાર્યક્રમમાં સરકારની જ ભાટાઇ કરનારાં કલાકારો પર કાયદાનો સકંજો કસાય તેમ છે ત્યારે આ બધાય કલાકારોએ ગાંધીનગરનું રાજકીય શરણ લીધુ હોવાની ચર્ચા છે. માત્ર મંત્રીપુત્ર જ નહીં, કલાકારો, બિલ્ડરો, વેપારી,રાજકારણી ઉપરાંત અધિકારીઓના સંતાનોએ બોગસ લાઇસન્સ મેળવ્યાં છે ત્યારે રાજકીય દબાણ આધારે આખીય તપાસ ખોરંભે ચડાવાઇ છે.

મંત્રીના પુત્રને બચાવવા ભાજપે જ આખોય ખેલ કર્યો છે ત્યારે એવી માંગ કરાઇ છે કે, જો મંત્રીપુત્ર વિશાલ પટેલના કોલ ડિટેઇલ અને ભાડા કરારની તપાસ કરવામાં આવે તો હજુ ઘણાં ચોંકાવનારાં ખુલાસા થઈ શકે છે.બોગસ હથિયાર લાઇસન્સ મેળવવાની આખીય મોડસ ઓપરેન્ડીનો ખુલાસો થયો છે ત્યારે હજુ મોટા ગજાના ૬૮ લોકોની ધરપકડ કરવામાં આવી નથી જેના પગલે પોલીસની કામગીરી પણ શંકાના ઘેરામાં આવી છે.

# સુરતના ઉધના રેલવે સ્ટેશન પર માનવ કિડિયારું ઉભરાયું : ટિકિટ કાઉન્ટર બંધ કરાયા

**સમય મિરર | સુરત**

સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો ધસારો જોવા મળ્યો છે, જેમાં ઉનાળુ વેકેશનમાં શ્રમિકો વતન જવા માટે રવાના થઈ રહ્યાં છે, યુપી,બિહાર તરફ જતી ટ્રેનોમાં લોકોનો ધસારો જોવા મળ્યો છે, ઉધના રેલ સ્ટેશન પર હજારોની સંખ્યામાં મુસાફરો જોવા મળ્યો છે, તો રેલવે સ્ટેશન બહાર ૧ કિમી સુધી મુસાફરોની લાઈન લાગી છે, સુરત રેલવે સ્ટેશન પર એક મહિનામાં ટિકિટથી રૂ ૫.૬૮ કરોડની આવક નોંધાઈ છે.લોકો મોડી રાતથી લાઈનમાં ઉભા રહ્યાં છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના ઉધના રેલવે સ્ટેશન પર પરપ્રાંતિય મુસાફરોની લાઈનો લાગી છે. વેકેશનનો સમય હોવાથી મુસાફરો પોતાના વતન તરફ જવા માટે રવાના થયાં છે. મુસાફરોની ભારે ભીડ જામતા પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતા હજારો મુસાફરો રેલવે સ્ટેશન પર પહોંચીને ટીકિટ મેળવવા માટે લાઈનમાં ઉભા રહ્યા હતાં. લાંબી લાઈનો લાગતાં ટીકિટ કાઉન્ટરો બંધ કરી દેવાયા હતાં.

ઉધના રેલવે સ્ટેશન પર ભીડ પર કાબુ મેળવવા માટે પોલીસ ગોઠવી દેવાઈ હતી. મહિલાઓ,યુવકો સહિત બાળકો રેલ્વે બોગીમાં ટિકિટ મેળવવા દોડાદોડી કરી રહ્યા છે. આજે ઉધનાથી ઉધના જય નગર, તાપ્તી ગંગા, અંત્યોદય એક્સપ્રેસ સહિત ત્રણ ટ્રેનો દોડાવાઈ છે. સુરતમાં મોટા ભાગની શાળા કોલેજોમાં વેકેશન જાહેર થતાં જ પરપ્રાંતિય લોકો પોતાના વતન તરફ રવાના થયાં છે. ટિકિટ નહીં મળતાં લોકો પડાપડી કરી રહ્યાં છે. પોલીસ લોકોને લાઈનમાં ઉભા રાખીને સ્થિતિ પર કાબુ મેળવી રહી છે.

# ખાતર-બિયારણ વેચતા ૧૯૦ વિક્રેતાઓને વિવિધ અનિયમિતતા બદલ દંડ ફટકારાયો

**સમય મિરર | અમદાવાદ**

સમગ્ર રાજ્યમાં નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશરૂપે અલગ-અલગ જિલ્લાઓમાં આવેલા ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર આકસ્મિક ચકાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્ર દ્વારા કાયદા અને નિયમોની જોગવાઇઓનો ભંગ કરતા કુલ ૧૯૦ જેટલા વિક્રેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને અંદાજે કુલ રૂ. ૪.૯૫ લાખ જેટલો દંડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

તોલમાપ તંત્રના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તેમજ ઇન્સપેક્ટરો દ્વારા રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કરવામાં આવેલી તપાસણી દરમિયાન ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર એમ. આર.પી.થી વધુ ભાવ લેવા તેમજ ધંધામાં વપરાતા ઇલેક્ટ્રોનિક વજનકાંટા ચકાસણી મુદ્રાંકન ન કરાવવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી.રાજ્યમાં ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓના વિક્રેતાઓ પાસેથી આવનાર ચોમાસાની ઋતુને ધ્યાને લેતા બહોળા પ્રમાણમાં પોતાના વપરાશ માટે ખેડૂતો ચીજવસ્તુઓની ઉતાવળે ખરીદી કરતા હોય છે.

જેમાં ઘણી વખત તેમની પાસેથી વિક્રેતાઓ દ્વારા વધુ ભાવ લઈને અથવા ઘણી વખત ચીજવસ્તુના વજન-માપમાં પણ છેતરવામાં આવતા હોય છે. આવા બનાવો ન બને અને ગ્રાહકો તરીકે ખેડૂતો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતા અટકે તેવા ગ્રાહક સુરક્ષાના વિશાળ હેતુથી કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યના ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર તંત્રના કાયદા અને નિયમોની જોગવાઇઓનું પાલન થાય તે માટે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

**મેદસ્વિતામુક્ત ગુજરાત માટે આગામી દિવસોમાં એપ્લિકેશન લોન્ચ કરાશે**

# સુરતની યોગ તાલીમ શિબિરમાં ૧૦,૦૦૦ થી વધુ લોકો ઉમટ્યા

**સમય મિરર | અમદાવાદ**

યોગ એ હવે માત્ર કસરત નહિ, જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનવાનું માર્ગદર્શન છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરતના વેસુ ખાતે આવેલા DRB કોલેજ ગ્રાઉન્ડ પર યોજાયેલી વિશાળ યોગ તાલીમ શિબિરમાં ૧૦,૦૦૦થી વધુ સુરતીઓએ હાજરી આપી હતી. 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત આ શિબિર ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ કાર્યક્રમ અંતર્ગત 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની તૈયારી તરીકે કોમન યોગ પ્રોટોકોલ તાલીમ આપવામાં આવી. યોગસેવક શિશપાલજી તથા યોગ બોર્ડના સભ્યો દ્વારા શારીરિક તંદુરસ્તી, માનસિક શાંતિ અને આંતરિક ઊર્જા પ્રાપ્ત કરવા માટે યોગ અને પ્રાણાયામના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. ગુજરાત સરકાર 'મેદસ્વિતામુક્ત ગુજરાત' માટે એક ખાસ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ એપના માધ્યમથી નાગરિકો યોગ માર્ગદર્શન, ડાયટ પ્લાન અને દૈનિક તાલીમ માહિતી મેળવી શકશે. આ અભિયાન હેઠળ લોકો પોતાના વર્તમાન સ્વાસ્થ્ય પર નજર રાખી શકશે તેમજ બીજા લોકોને યોગ માટે પ્રેરણા આપી શકશે.



જીવનશૈલીમાં યોગને શામેલ કરીને ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, અને ઘૂંટણ દુઃખાવા જેવી બીમારીઓથી બચાવ દર વ્યક્તિએ વધુમાં વધુ લોકો સુધી યોગની અસરકારકતા પહોંચાડવાનો સંકલ્પ યોગ બોર્ડના ચેરમેન શિશપાલજીએ જણાવ્યું કે, યોગ માત્ર કસરત નથી, તે જીવનનો આધાર છે. જો એક વ્યક્તિ દસ લોકોને યોગ તરફ પ્રેરિત કરે, તો ખૂબ ટૂંકા સમયમાં ગુજરાત 'મેદસ્વિતામુક્ત' બની શકે છે.આ યોગ શિબિર માત્ર શારીરિક તાલીમ સુધી મર્યાદિત નહોતી, પણ તેમાં મનોબળ, તણાવમુક્તિ, આયુર્વેદિક પદ્ધતિઓ તથા આહાર વિજ્ઞાન જેવા મુદ્દાઓ પર પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

**ટ્રીપ દીઠ મળતી સબસિડી મેળવવા ઓછાં પેસેન્જર સાથે હેલિકોપ્ટર ઉડાડતા' તા**

# સાબરમતી રિવરફ્રન્ટની હેલિકોપ્ટર રાઈડમાં સબસિડી કટકટાવવા ખાનગી કંપનીએ ગોલમાલ કરી

**સમય મિરર | અમદાવાદ**

રાજ્ય સરકારે ટુરીઝમને પ્રમોટ કરવા માટે સાબરમતી રિવરફ્રન્ટથી હેલિકોપ્ટરની જોય રાઈડ શરૂ કરી હતી. જેના માટે એરો ટ્રાન્સ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેમા એક ટ્રીપ માટે સરકાર તરફથી કંપનીને સબસિડી પેટે ૯ હજાર મળતા હતા. જો કે, એરો ટ્રાન્સ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડે સબસિડીનો લાભ મેળવવા માટે ૬ પેસેન્જરની ક્ષમતા ધરાવતા હેલિકોપ્ટરમાં ૩-૪ પેસેન્જરો બેસાડીને પણ ટ્રીપ મારી હોવાનો આરટીઆઈમાં ખુલાસો થયો છે.

વર્ષ દરમિયાનમાં કંપનીએ ૪ પેસેન્જર બેસાડીને ૩૫૫ ટ્રીપ જ્યારે ૩ પેસેન્જરો બેસાડીને ૩૬ ટ્રીપ મારી હતી. કંપનીએ જોય રાઇડ કરાવીને સરકાર પાસેથી સબસિડી પેટે ૮૨.૬૨ લાખ રૂપિયા મેળવ્યા છે. હેલિકોપ્ટરની જોય રાઇડ કરનાર એક પેસેન્જર પાસેથી રાઈડના રૂ.૨૪૭૮ લેવાતા હતા. વર્ષ દરમિયાન કંપનીએ ૯૧૮ ટ્રીપ મારી, જેમાં ૪,૧૮૮ પેસેન્જરોએ રાઇડ કરી હતી. જેનાથી કંપનીને ૧.0૪ કરોડ ભાડાની આવક થઈ હતી. કંપનીએ વેબસાઇટ પર પ્રતિ રાઇડમાં ૫ પેસેન્જર સાથે ઉડાન ભરવાનો પોતે ઉલ્લેખ કર્યો હતો.

પાલડી વોટર એરોડ્રામથી ૧૦ મિનિટની રાઈડ હતી. શહેરમાં ટુરીઝમ વધે અને લોકો હેલિકોપ્ટરમાં બેસીને આકાશમાંથી શહેર જોઈ શકે તેવો હેતુ હતો. જો કે, ટેન્ડર મેળવ્યા બાદ કંપનીએ સબસિડી મેળવવાના હેતુથી ૬ની ક્ષમતાવાળા હેલિકોપ્ટરમાં ત્રણ-ચાર પેસેન્જર બેસાડીને ટ્રીપ મારી હતી. ૪ પેસેન્જર સાથે ૩૫૫, ૩ પેસેન્જર સાથે ૩૬ ટ્રીપ મારી હતી. કંપનીએ ૬ પેસેન્જરની ૨૯ ટ્રીપ મારી ૨.૬૧ લાખ, ૫ પેસેન્જરની ૪૯૫ ટ્રીપ મારી ૪૪.૫૫ લાખ, ૪ પેસેન્જરની ૩૫૫ ટ્રીપ મારી ૩૧.૯૫ લાખ સબસિડી પેટે મેળવ્યા હતા.

રિવરફ્રન્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટીની સી પ્લેન સેવા ૩૧ ઓક્ટોબર ૨૦૨૦માં શરૂ કરાઈ હતી. જોકે, પ્લેન જૂનું હોવાના કારણે વારંવાર સર્વિસ માટે બહાર લઈ જવાતું હતું. જેથી આ સર્વિસ ફક્ત ૮૦ દિવસ સુધી ચાલી શકી હતી. અંતે એપ્રિલ ૨૦૨૧માં સેવાને બંધ કરાઈ હતી. આ સેવાનો ૨૫૦૦ પેસેન્જરોએ લાભ લીધો હતો. હેલિકોપ્ટર જોય રાઇડની સેવા પણ સી પ્લેનની જેમ હાલમાં બંધ છે. એક વર્ષ દરમિયાન ફક્ત ૬૬ દિવસ આ જોય રાઇડ ચાલુ હતી. આ સેવા પણ ઓગસ્ટ ૨૦૨૪માં ટેન્ડરની મુદત પૂર્ણ થતાં સેવા હાલમાં બંધ હાલતમાં છે.

# પાકિસ્તાનને એક ઝાટકે નહીં, તડપાવી-તડપાવીને ભૂખે મારવું છે : નીતિન પટેલ

## ભારતે નિકાસ બંધ કરતાં હવે પાકિસ્તાન ભૂખે મરશે : દુનિયાભરમાં ભીખ માંગશે

**સમય મિરર | કડી**

કડીમાં છત્રાલ રોડ પર આવેલા સરદાર પટેલ કોટન માર્કેટયાર્ડ ખાતે જેસીઆઈ દ્વારા મહિયરની ચુંદડી કન્યાદાન સર્વજ્ઞાતિ ચતુર્થ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં નીતિન પટેલે પાકિસ્તાન પર પ્રહારો કરતા કહ્યું કે, પાકિસ્તાનના વડાપ્રધાન હાથમાં કટોરો લઈને દુનિયામાં ભીખ માગે છે, અત્યાર સુધી આપણું જ ખાધુ હતું, હવે ભારતે નિકાસ બંધ કરતા ભૂખે મરશે.

નીતિન પટેલે કહ્યું હતું કે, કટ્ટરવાદીઓની સામે આખા દેશની અંદર દેશભક્ત અને રાષ્ટ્રવાદનો માહોલ જોવા મળી રહ્યો છે, હજુ શું થશે એ કોઈને ખબર નથી, અને આપણે કહી શકતા નથી. અત્યારે






ભારત અને પાકિસ્તાનની બંને બાજુથી આક્રમક તૈયારીઓ ચાલી રહી છે. નરેન્દ્ર મોદીને આપણે સારી રીતે ઓળખીએ છીએ,

વધુમા તેમણે ઉમેર્યું કે, નરેન્દ્રભાઈએ કહ્યું છે કે નિર્દોષ પ્રવાસીઓને શહીદ બનાવ્યા છે એ આતંકવાદીઓને એ આતંકવાદીઓના સંગઠનને અને જે આતંકવાદીઓને સપોર્ટ કરે છે, મદદ કરે છે પાકિસ્તાનની સરકાર તેને અમે વીણી વીણી બદલો લઈશું.એ બદલો લેવાનું આયોજન કેન્દ્ર સરકાર, આપણું લશ્કર, આપણા નેતાઓ બહુ જ ઝીણવટભરી રીતે કરી રહી છે. આ કંઈ એવું નથી કે લાકડી લઈને બહાર નીકળી ગયા અને મારી દીધા, પદ્ધતિસરનું આયોજન કરીને પાકિસ્તાનને એવું ખલાસ કરવું છે કે, આતંકવાદીઓને એવા નેસ્તનાબૂદ કરવા છે કે આવનાર સમયમાં ભારતની દિશામાં અને ભારતના નાગરિકો પર અને કાશ્મીર ઉપર નજર મારવાની પણ તાકાત ન થાય.

નીતિન પટેલે કહ્યું કે, પાકિસ્તાન અત્યાર સુધી ભારતનું જ ખાતું હતું, આપણું ખાઈ આપણું જ ખોદતું હતું, પાકિસ્તાનને ખાવાના ફાફા છે, લોકોમાં અનાજ માટે કેવી પડાપડી અને લૂંટાલૂટ થતી હતી, તે આપણે ટીવીમાં જોતા હતા. પાકિસ્તાન ભીખારી અને કંગાળ થઈ ચૂક્યું છે. પાકિસ્તાનના પીએમ દુનિયામાં ફરીને કટોરો લઈને ભીખ માગે છે, પહેલા જે પીએમ ઈમરાન ખાન, નવાઝ શરીફ હતો અને વર્તમાન પીએમ પણ ભીખ માગી રહ્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે, પાકિસ્તાનને મારવું છે પણ એક ઘાથી નથી મારવું, તડપાવીને, ભુખે રાખીને મારવું છે, અંદરો અંદર લડી મરે તેવી દશા કરવી છે, પાકિસ્તાનની આ દશા કરવા ભારત સરકાર પદ્ધિતસરનું આયોજન કરી રહી છે. હું એટલા માટે આ બધું કહું છું કે, તમે બધા સમજુ અને અગ્રગણ્ય નાગરિક છો જ્યારે દેશને જરૂર પડે જ્યારે સૈનિકો સરહદ ઉપર એમનું કામ કરવાના છે, પાકિસ્તાનીઓને શોધી શોધી ઠાર મારવાના છે, એમના બંકરો એમના આતંકવાદીઓને છુપાવવા માટે તાલીમ લેવાના સ્થાનો છે પહેલા જે સર્જીકલ સ્ટ્રાઈક કરી હતી તેવી રીતે નાશ કરવાના છે.

# અહેમદપુર માંડવીમાં સ્પામાં કામ કરતી બાંગ્લાદેશી ઘુસણખોર મહિલા ઝડપાઈ

**સમય મિરર । વેરાવળ**

ગીર સોમનાથ જીલ્લામાં બાંગ્લાદેશી નાગરીક પાસપોર્ટ કે વિઝા વગર ગેરકાયદે ઘુસણખોર તરીકે મળી આવતા ડીપોર્ટ કરવાની કાર્યવાહી એલ.સી.બી. તથા એસ.ઓ.જી. બ્રાન્ચ દ્વારા હાથ ધરેલ છે.

તાજેતરમાં જમ્મુ કશ્મીર રાજ્યના પહેલગામ ખાતે થયેલ આંતકવાદી હુમલાની ઘટનાને ધ્યાને લઇ ભારત સરકારે દેશમાં ઘુસણખોરી કરતા અન્ય દેશના લોકોને શોધી કાઢી પોતાના દેશમાં પરત મોકલવા અને પોતાના દેશમાં પરત નહી જનાર ઘુસણખોરી કરતા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. જેના અનુસંધાને રેન્જ આઇ.જી.પી. નિલેશ જાજડીયા, જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા આવા ગેરકાયદે રીતે ઘુસણખોરી કરતા શખ્સોને પકડી પાડી તેઓને ડીપોર્ટ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપતા એલ.સી.બી.ના સ્ટાફ દ્વારા

## કાનુની કાર્યવાહી બાદ ડિપોર્ટ કરાશે

આવા ઘુસણખોરી કરતા શખ્સોને શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના અહેમદપુર માંડવી પાસે આવેલ ન્યુ પર્પલ ઓર્ચીડ સ્પા એન્ડ સલુનમાં તપાસ કરતા આ સ્પામાં કામ કરતી (૧) રહીમા કાસીમ મતુબ્બર ઉર્ફે હેમાબેન વા/ઓ. તેજપાલ રામકિશન કશ્યપ (ઉવ.૩૬ ધંધો સ્પામાં નોકરી રહે મુળ મધ્ય ખુંતાકાટા, પો.સ્ટ ખુંતાકાટા, જી.રોશનખલા, બાઘેરહાટ, દેશ બાંગ્લાદેશ હાલ રહે. દીલ્હી ૯૪૨-૩ ભોલાનાથ નગર મહાવીર કોલોની દીલ્હી સહાદરા) ને શકમંદ મહીલા હોવાથી તેની પ્રાથમિક પુછપરછ કરતા તેની પાસે આધાર કાર્ડ, પાનકાર્ડ, ચુટણી કાર્ડ ભારત દેશના હોય પરંતુ જન્મનુ કોઇ પ્રમાણપત્ર ભારત દેશનું ન હોય અને તેની




પુછપરછમાં મુળ બાંગ્લાદેશના રહીશ હોવાનું જણાય આવેલ હોય જે આધારે તેની વિગતવાર પુછપરછ તથા સઘન તપાસ કરતા તે બાંગ્લાદેશના નાગરીક હોવાનું જણાય આવેલ અને તેને લગત જરૂરી પુરાવા તેના મોબાઇલ ફોનમાંથી મળી આવતા જેથી તેઓએ બાંગ્લાદેશી નાગરીક હોવાની અને કોઇ પણ વિઝા કે ભારત સરકારની મંજુરી વગર અહીં રહેતા હોવાનું જણાવેલ જેથી આ શંકાસ્પદ બાંગ્લાદેશી મહીલા નાગરીકને ડીપોર્ટ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


બાંગ્લાદેશી યુવતી રહીમા કાસીમ મથુરબાર ઉવ ૪૨ રે સરણતુલા



ભગીરથ મોહનગજ થાણા ની રહેવાશી હોય અને આંઠ વર્ષ ની ઉંમરે તેનાં માતાપિતા બેન સાથે ગેરકાનૂની રીતે ભારત માં ધુસી આવીને મહેસાણા અમદાવાદ જેવાં સીટી માં રહેતી હતી યુવતી નાં માતાપિતા બન્ને બહેનો નો છોડી બાંગ્લાદેશ ચાલ્યા ગયાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું આ યુવતી ૧૫ દીવસ પહેલાં ઉના નાં દીવ નજીક એહમદપુર માંડવી ચેકપોસ્ટ નજીક દીવ નાં રહીશ ની માલીકી ની જમીન માં બનાવેલી દુકાનો માં પલપલ સ્પા ઓરસીસ નામે ચાલતાં સર્વિસ દુકાન માં કામે લાગી હતી તેની શંકાસ્પદ પ્રવૃત્તિ નજરે આવતાં પોલીસ એ બાતમી આધારે ઝડપી લીધા બાદ તેનાં મોબાઈલ કબજે કરતાં બાંગ્લાદેશ નાં કેટલા ડોક્યુમેન્ટ અને ચેટ મળી આવતાં હાલ પોલીસે તપાસ હાથ ધરી તેને ડીફોલ્ડ કરી બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી શરૂ કરી છે

આ બાબતે એલસીબી પીઆઇ જાડેજા નો સંપર્ક કરતાં તેણે જણાવ્યું હતું કે આ યુવતી ની પુછપરછ દરમિયાન એવી વિગતો બહાર આવી રહી છે કે યુવતી એ દિલ્હી નાં કોઈ યુવાન સાથે લગ્ન કર્યા છે અને ભારતીય ડોક્યુમેન્ટ બનાવ્યા હતા આ અંગે યુવતી નાં મોબાઈલ નંબર પર તેનાં પતિ અંગેની તપાસ ચાલું હોય તે આવ્યા બાદ તેની પુછપરછ દરમિયાન વધું વિગતો બહાર આવી શકે છે હાલ આ મહિલા ની પુછપરછ ચાલું છે ગુજરાત માં તેણે કોઈ આધાર કાર્ડ કે ચુંટણી કાર્ડ જેવાં ડોક્યુમેન્ટ બનાવ્યા નહીં હોવાની પોલીસ અધિકારી એ જણાવ્યું હતું

ઉના દીવ એહમદપુર માંડવી ચેકપોસ્ટ નજીક છેલ્લા ચાર પાંચ વર્ષ થી સ્પા નામે યુવતી ઓ લાવી ગેરકાનૂની સર્વિસ દુકાન ધમધમી રહીં છે ઓડીસા ગુજરાત રાજકોટ કોડીનાર જેવાં સીટી માંથી બહાર નાં લોકો આવી સ્પા નામે દુકાનો ચલાવતાં હોય અને તેમાં બહાર નાં રાજ્ય દેશ નાં લોકો ને આશરો આપતાં હોય આ બાબતે પોલીસ એ ઝીણવટભરી તપાસ કરી આવાં સ્પા ટ્રીટમેન્ટ આપતાં સેન્ટર ની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ દેશ વિરોધી ધુસણ ખોરો ને હાકી કાઢવાં માંગ ઉઠી છે



## પોરબંદરના ખારવાવાડમાં જર્જરિત મકાનનો કાટમાળ ઉતારાયો

પોરબંદરમાં લોકોની સલામતી માટે જર્જરિત બનેલ મકાનોનો કાટમાળ જેસીબીની મદદથી ઉતારી લેવાની કામગીરી હાથ ધરાય છે. કુદરતી આફતો અને આકસ્મિક સંજોગ-ોમાં જોખમી જણાતા અને જર્જરીત મકાનો ધરાશાયી થવાની સંભાવનાઓ રહેતી હોય છે, કુદરતી આફતોમાં જર્જરીત બનેલ જોખમી મકાનો ધરાશાય થાય તો જાનહાની થવાના બનાવોની પણ સંભાવના રહે છે, ત્યારે લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા પોરબંદર શહેરમાં ખારવાવાડ વિસ્તારમાં જર્જરીત બનેલ મકાન જેસીબી મશીનરીની મદદથી ઉતારી લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને આ વિસ્તારમાં લોકોની સુરક્ષા જળવાઈ રહે તેવા પ્રયાસો કરાયા છે.

## દેલવાડા નજીક ST બસ ચાલકે છકડાને ટક્કર મારતા એક જ પરિવારના સાત ઘવાયા



**સમય મિરર । ઉના**

ઉના નજીક દેલવાડા રોડ પર ગાંધીનગર દીવ રૂટ ની એસ ટી બસ ચાલક એ છકડા રીક્ષા ને ટક્કર મારતાં એકજ પરીવારના સાત સભ્યો ને નાની મોટી ઈજા ઓ થતાં તાત્કાલિક એમરજનશી ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ઉના નાં દેલવાડા ગામે કબ્રસ્તાને જતી વખતે છકડો રીક્ષામાં એકજ પરિવાર ચાર ભાઈ અને ત્રણ મહિના બે બાળકો સહિત સાત સભ્યો ને નાની મોટી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે આ ઘટના બનતાં તાત્કાલિક ટ્રાફિક જામ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગયેલ અને ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો બસ ચાલક અકસ્માત સર્જી નાસી ગયો હોવાનું બહાર આવ્યું છે આ બાબતે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## ઉનામાંથી LCBએ પાંચ ગૌવંશને સાત ખાટકીના કબ્જામાંથી જીવિત છોડાવ્યા

### ગૌવંશ કતલ કરવાના હથિયાર, વાહનો મોબાઈલ સહિત ૨.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**સમય મિરર । ઉના**

એલ.સી.બી.ના ઇ.ચા.પો.ઇન્સ.એ.બી. જાડેજા ના માર્ગદર્શન મુજબ પો.સબ ઇન્સ. એ.સી.સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સ્ટાફને સંયુકતમાં ખાનગી રાહે હકિકત મળેલ કે, અસ્લમભાઇ ઉર્ફે અસલો કાસમભાઇ ચોરવાડા (ભોજા) રહે.ઉના સેન્ટ જોસેફ સ્કુલ પાછળ વાડી વિસ્તાર વાળો અન્ય ઇસમો સાથે મળી પોતાના કબ્જા ભોગવટાની વાડીએ રહેણાંક મકાન પાસે માલઢોર બાંધવાના ઢાળીયામાં ગૌવંશના વાછરડાઓ રાખી તેની કતલ કરી ત્યાં ગેર કાયદે રીતે ગૌમાંસ/મટનના ટુકડાઓ કરી માંસ/મટન રાખી વેચાણ કરે છે જે મળેલ હકીકત આધારે તે જગ્યાએ રેઇડ આસીફખાન અમીરઉલ્લાખાન પઠાણ મુસ્લીમ (ઉ.વ.૪૭), મુખ્તારખાન ઉર્ફે દાદો અમીરઉલ્લાખાન પઠાણ મુસ્લીમ (ઉ.વ.૪૫), બસીર ઉર્ફે બાડો સીદીભાઇ સુમરા મુસ્લીમ (ઉ.વ.૪૦), અજીમ દોસ્ત મહમદ મુંશી પઠાણ મુસ્લીમ (ઉ.વ.૩૨), મહમદ કાસમભાઇ ચોરવાડા (ભોજા) મુસ્લીમ (ઉ.વ.૩૦)કાદુ ઉર્ફે કાદર



પીરૂભાઇ સમા સંધી મુસ્લીમ (ઉ.વ.૪૨) રજાક પીરૂભાઇ સમા સંધી મુસ્લીમ ઉ.વ.૩૦, અયાનખાન આસીફખાન પઠાણ મુસ્લીમ ઉ.વ.૧૯,(૯) વાડી માલીક અસ્લમભાઇ ઉર્ફે અસલો કાસમભાઇ ચોરવાડા (ભોજા) રહે.ઉના સેન્ટ જોસેફ સ્કુલ પાછળ વાડી વિસ્તાર તા.ઉના (પકડવાનો બાકી) કબ્જે કરેલ મુદામાલ જીવીત ગૌવંશ મુંગા પશુ વાછરડા જીવ- ૦૫ ગૌવંશ કતલ કરવાના હથીયારો લાકડાના હાથા વાળી નાની કુહાડી-૧ તથા લાકડાના હાથાવાળા છરા-૦૪ તથા ડીજીટલ આંકડા વાળો ચાર્જીંગ



વજન કાટો-૧ તથા ધાર કાઢવાનું હેમરી પથ્થર-૧ મળી કી.રૂ.૧૩૫૦/- વાહનો નંગ-૬ કી.રૂ.૨,૪૦,૦૦૦, મોબાઇલ નંગ-૮ કી.રૂ.૩૯,૦૦૦, કુલ મુદામાલ કી.રૂ.૨,૮૦,૩૫૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધી છે.

આ કામગીરીમાં એલ.સી.બી. ઇ.ચા.પો. ઇન્સ.એ.બી.જાડેજા, પો.સબ ઇન્સ.એ.સી. સિંધવ, પો.હેડ કોન્સ.રાજુ ગઢીયા, ગોવિંદસિંહ વાળા, કમલેશ પીઠીયા, પો. કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ, પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઇ. સુભાષ ચાવડા, પો.હેડ કોન્સ. પ્રવિણ મોરી, પો.કોન્સ. રવિરાજસિંહ બારડ, ડ્રા.પો.હેડ કોન્સ. રાજુ પરમાર સહિતના રોકાયા હતાં.

## સાવરકુંડલાના મોક્ષધામની સુવિધામાં વધારો થશે



**સમય મિરર । સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં વોર્ડ નંબર ૩ ખાતે નગરપાલિકા શાવર વિભાગના મોક્ષધામમાં નવા પ્રાર્થના હોલ, સ્નાન ઘાટ માટે બાથરૂમ અંતિમ સંસ્કાર વિધિનું છાપરૂ તથા અસ્થિવિસર્જન વિધિ માટેનો શેડ વગરે બનાવવાનું આયોજન હોય અંતિમ સંસ્કાર વિધિ માટેની સગડીની હાલ પુરતી અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ શાવર વિભાગના મોક્ષધામમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે નગરપાલિકા સદસ્ય પિયુષ મશરૂ, કમલેશ રાનેરા, ગૌતમ સાવજ, કેશુ ચુડાસમા શહેર ભાજપ મહામંત્રી મોહિત સુદાણી હિરેન પરમાર, કેતનભાઈ પરમાર રાજુભાઈ પરમાર ગોકળભાઈ મોક્ષધામના ચોકીદાર વિનુભાઈ વગરે સતત પ્રયત્નશીલ છે. સાવરકુંડલા શહેર જ્યારે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે મોક્ષધામ પણ સુવિધાસભર બને એવું શહેરીજનો પણ ઈચ્છી રહ્યા છે અને સાવરકુંડલા નગરપાલિકા પણ મોક્ષધામ સુવિધાસભર બને એ માટે સતત પ્રતિબધ્ધ છે.

## ઉના વિસ્તારમાં જર્જરિત સામુહિક કેન્દ્રનો જૂનો માલ-સામાન બારોબાર વેચી માર્યો

### સ્થાનિક અધિકારીને પ્રોજેક્ટની વિગતોથી અજાણ રાખી મનમાની કરાતી હોવાનો ગણગણાટ

**સમય મિરર । ઉના**

ઊના ગીરગઢડા તાલુકા નાં દેલવાડા,ફુલકા,જુનાંઉગલા, હરમડીયા ગામે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હેઠળ આવતાં પ્રાથમિક સામુહિક કેન્દ્ર જર્જરિત બનતાં નવા આરોગ્ય કેન્દ્ર બનાવવા સ્ટેટ પ્રોજેક્ટ ઈનટયુમેનટ યુનિટ દ્વારા એજન્સી નિયુક્ત કરી હોય આ એજન્સી દ્વારા સ્થાનિક કચેરી નાં મુખ્ય તબીબી અધિકારી ને વિશ્વાસ માં લીધાં વગર બારોબાર પોતાની મરજી મુતાબીક નિર્ણય લઈ જુનાં બિલ્ડીંગ નો માલસામાન બારોબાર હરાજી કર્યા વગર વેંચી નાખવા માં આવતાં સ્થાનિક ગ્રામજનો અને અધિકારી કર્મચારીઓ માં ભારે ચકચાર ફેલાઇછે.

ગીર સોમનાથ ના ઊના ગીરગઢડા તાલુકાનાગ્રામિણ વિસ્તારોમાં પ્રાથમિક સરકારી દવાખાના નવા બનાવવા સ્ટેટ પ્રોજેક્ટ ઈનટયુમેનટયુનિટ યુનીટ દ્વારા સીધી કામગીરી એજન્સી ને કરાતી હોય જેમાંબિલ્ડીંગસહિત ની ક્યાં ક્યાં પ્રકારની કામગીરી કરવી તેમજપ્લાનનકશા અને એસટીમેનટ મુજબ ની શું શુંકામગીરી નો સમાવેશ કરાયો છે અને જુનાં બિલ્ડીંગ નોકાટમાળબારીદરવાજા ગ્રેટ સહિત ની સામગ્રી કંઈ શરતોને આધીન વેચવી અને જાહેર આપી સરકારી મિલકતો ની વધું રકમ ઉપજ આવી શકે તેવી રીતે વેચાણ જાહેર માં કરી શકાય તે બાબતે કોઈ પણ પ્રકારની વિગતો જિલ્લા પંચાયત નાં આરોગ્ય વિભાગ હેઠળ આવતી સ્થાનિક તાલુકાબ્લોક હેલ્થ સેન્ટર નાં મુખ્ય તબીબી ને પણ આપ્યા વગર સિધીજ સ્થળે કામગીરી શરૂ કરી દેવાતી હોવાનાં કારણે અધિકારી અને ગ્રામજનો દ્વારા આ મનમાની રીતે એજન્સી ની કામગીરી સામે સ્થાનિક તબીબીઓ ગ્રામપંચાયત પર શંકાસ્પદ સવાલો ઉભા રહ્યા છે

સામૂહિક આરોગ્ય કેન્દ્ર નાં મેડીકલ ઓફીસર ને હેરાન ગતી સહન કરવી પડે છે જુનાઉગલા, દેલવાડા, હરમડીયા ફુલકા નાં જર્જરિત બિલ્ડીંગ નાં જુનાં માલસામાન ની એજન્સી દ્વારા બારોબાર બેઠી હરાજી કરી નાખ્યાંતા સરકાર ને મોટું નુકસાન વેઠવું પડ્યું હતું આવી મિલકતો ની જાહેર નોટીસ કે અખબારોમાં નિવેદા પ્રસિધ્ધ કર્યા વગર કરાતી હોય આ બાબતે તાલુકા હેલ્થ ઓફિસર વિપુલ દુમમાર ને પુછતાં જણાવ્યું હતું કે આ બાબતે કામગીરી અંગેની કોઈ જાણકારી આપવામાં આવતી નથી સ્ટેટ પ્રોજેક્ટ ઈનટયુમેનટયુનિટ યુનીટદ્વારાપોતાની મનમાની ચલાવાય છે જ્યારે એજન્સી ને ફાળવવામાં આવેલ કામગીરી અંગે પ્રશ્ન કરાય છે ત્યારે એવુ જણાવાયું હતું કે સ્ટેટ પ્રોજેક્ટ ઈનટયુમેનટયુનિટ યુનીટ અને એજન્સી વચ્ચે નો સીધો રાજ્ય કક્ષાએ કરાર હોય જે જુની ઈમારત પાડવા અને તેની આવક એજન્સી ની કામગીરી બીલ માંથી વસુલાત કરી લેવાય છે.

સરકારી મિલકતો ની હરાજી જાહેર કરવામાં આવે અને તે રકમ સરકાર નાં એકાઉન્ટ માં જમાં કરવાં આવે તો અપસેટ કિંમત કરતા વધુ રકમ નો ફાયદો થાય છે પણ અહિયાં આ પ્રકિયા ને અનુસર્યા વગર બારોર વેચી નાખી નવું બિલ્ડીંગ ઉભું કરી એજન્સી ચાલતી પકડતાં અનેક સવાલો અને આક્ષેપો નો સામનો સ્થાનિક કચેરી નાં અધિકારી ને કરવો પડે છે ??

## નેશનલ બેઝબોલ સ્પર્ધામાં સાવરકુંડલા ગુરૂકુળના છાત્રો ઝળક્યા





**સમય મિરર । સાવરકુંડલા**

સ્કૂલ ગેમ્સ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૨૪ -૨૫ અ-૧૭ બેઝબોલ ભાઈઓ અને બહેનો દિલ્હી મુકામે તારીખ ૨૨- ૪- ૨૦૨૪ થી ૨૭- ૪ -૨૦૧૪ આયોજન થયુ હતું.

તેમાં સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલાના ખેલાડીઓ ગુજરાતની ટીમમાં ખુમાણ જયદીપ જીવરાજભાઈ , રાજપુરા ઋત્વી સુભાષભાઈ , પટોળીયા મિસરી હરેશભાઈ . જેઓ નેશનલ બેઝબોલ સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા છે જેઓએ ખૂબ જ સારું પ્રદર્શન કરી સાવરકુંડલાનું ગૌરવ તેમજ ગુરુકુળ સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે આ તકે સંસ્થાના વડા ભગવતપ્રસાદદાસજી સ્વામી તથા ગુરુકુળનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી તથા કોઠારી અક્ષર મુક્ત સ્વામીજી, તેમજ સ્વામી શુકદેવપ્રસાદદાસજી, વ્યાસ ભાઇ, જિલ્લા રમત ગમત અધિકારી કચેરી . અમરેલી તેમજ અમરેલી જિલ્લા વ્યાયામ સંઘ ગુજરાત બેઝબોલ ફેડરેશનના જનરલ સેક્રેટરી અને ધારાસભ્ય મહેશ કસવાળા તેમજ શાળાના તમામ પ્રિન્સિપાલઓ તેમજ સ્ટાફ મિત્રોએ ગુરુકુળ શાળાના પી.ટી. ટીચર ઝાલા દિગ્વિજયસિંહ તેમજ વાળા દીપકભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

## બુધવારે ગોંડલ અક્ષરમંદિરનો ૯૧મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે

### આજે સોમવારે ભવ્ય કળશ યાત્રાથી સાત દિવસીય શ્રેણીબદ્ધ સ-ધાર્મિક આયોજનો

**સમય મિરર । ગોંડલ**

ગોંડલ ખાતે આવેલ સુપ્રસિદ્ધ તીર્થધામ શ્રી અક્ષરમંદિરનો ૯૧મો પાટોત્સવ તા. ૭ મે, બુધવારે વૈશાખ સુદ ૧૦ના દિવસે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે જે અંતર્ગત શ્રી અક્ષર મંદિર દ્વારા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યં છે. શ્રી અક્ષર મંદિરનાં ૯૧મા પાટોત્સવ અંતર્ગત તા. ૦૫/૦૫/૨૦૨૫, સોમવારે સાંજે ૪:૩૦ કલાકે ભવ્યકળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કળશયાત્રાનો શુભારંભ શ્રી ભક્તિ હોસ્પિટલ, કૈલાસબાગ ખાતેથી થશે. અનેકવિધ સુશોભિત કલાત્મક રથ, બાઈકસવાર યુવકો, ભજનમંડળી, કળશધારી મહિલાઓ દ્વારા ભવ્ય કળશયાત્રા ગોંડલનાં રાજમાર્ગો પરથી પસાર થઈ, શ્રી અક્ષર મંદિર ખાતે વિરામ પામશે.

તા. ૦૬/૦૫/૨૦૨૫, મંગળવારે સાંજે ૬:૦૦ કલાકે શ્રી અક્ષર મંદિરના પરિસરમાં કળશ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવ દિને તા. ૦૭/૦૫/૨૦૨૫, બુધવારે સવારે ૭:૧૫ કલાકે વૈદિક મહાઅભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦:૦૦ કલાકે ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવનાર છે. સવારે ૧૧:૧૫



કલાકે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ આરતી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાટોત્સવનો લાભ લેવા માટે બીએપીએસના અન્ય મંદિરોમાંથી પૂજ્ય સંતોની સાથે બહોળી સંખ્યામાં હરિભક્તો પણ ઉપસ્થિત રહેશે. શ્રી અક્ષર મંદિરના ૯૧માં પાટોત્સવ નિમિત્તે તા. ૦૭/૦૫/૨૦૨૨, બુધવારથી તા. ૧૧/૦૫/૨૦૨૫, રવિવાર સુધી રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન યોગી સભામંડપમ ખાતે પંચદિવસીય સત્સંગ પારાયણનું આયોજન કરવામા આવ્યું છે. જેમા BAPS સંસ્થાના વિદ્વાન વક્તા સંત પૂજ્ય શ્રીરંગ સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું પાન કરાવશે. આ પાટોત્સવ તેમજ સત્સંગ પારાયણનો લાભ લેવા માટે સમગ્ર પંથકની ધર્મપ્રેમી જનતાને શ્રી અક્ષર મંદિર હાદિક નિમંત્રણ પાઠવ્યું છે.

## સ્યુસાઈડ નોટ લખી ઘરેથી નિકળેલા યુવકને ઉના પોલીસે બચાવી લીધો

**સમય મિરર । ઉના**

ઉના શહેર માં પરણિત યુવક પોતાના ઘરે સુસાઈટ નોટ લખી નિકળી જતાં ઘર પરીવાર નાં સભ્યો માં દોડધામ મચી ગઇ હતી આ બાબતે ગુમ થનાર યુવક ની પત્નિ એ પોલીસ નો સંર્પક કરતાં તાત્કાલિક ઉના પીઆઇ મહેન્દ્રસિંહ રાણા એ પોલીસ સ્ટાફ ને દોડતો કરી ને મોબાઈલ લોકેશન આધારે સનખડા આઉટ પોસ્ટ નાં વિસ્તાર ની વાડી માંથી શોધી કાઢી પરીવારજનો સાથે મિલન કરાવતાં ખુશી વ્યાપી ગઇ છે.

તા,૦૩/૦મે /૨૦૨૫ ના રોજ રાત્રીના અગીયાર વાગ્યે આરતી માધવભાઇ રેણુકાએ તેનો પતિ (રહે.ઉના)નાં પોતાના ઘરેથી ઝઘડો કરીને સુસાઇટ નોટ લખી જતો રહેલ છે તેવી જાહેરાત ફરજ પરના પી એસ ઓ રેખાબેન ભીમાભાઇ ચાંડેરા વુ.પો.હેડ.કોન્સ ને જાણ કરતા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર



એમ.એન.રાણા ને જાણ કરતા તાત્કાલિક ગુમ થનાર માધવભાઈ ની તેનાં મોબાઇલ નંબર નું લોકેશન ટ્રેક કરી ફક્ત ૨૦ મીનીટ નાં સમય ગાળા માં સ્થળશોધીકાઢીપોલીસટીમનાકર્મી એ.એસ.આઇ.મનુભાઇ વાળા પો. કોન્સ.રવિસિંહ ગોહીલ પો. કોન્સ. ભાર્ગવભાઇ ચૌહાણ ને ગાંગડા સનખડા રોડ વાડી વિસ્તાર માં દોડાવી ગુમ થયેલ વ્યક્તિ ને શોધી કાઢી ઉના પો.સ્ટે.લાવી કાઉન્શીલ કરી તેના કુટુંબના સભ્યોને હેમખેમ પરત સોપી પોલીસે એક વ્યક્તિનો જીવ બચાવી માનવતા ભરી કામગીરી કરી પરીવારજનોમાં રાહતની લાગણી ફેલાઇ હતી અને પોલીસ ની કામગીરી ને બીરદાવી હતી.

## DLSS સોમનાથ એકેડેમીના ૬ ખેલાડીએ રાજ્યકક્ષાની કૂસ્તીમાં મેડલ મેળવ્યો

**સમય મિરર । કોડીનાર**

KMK ૩.૦ રાજ્ય કક્ષાની અંડર=૧૭ ભાઈઓ બહેનો કુસ્તી સ્પર્ધા તારીખ=૨૯/૦૪/૨૦૨૫ થી ૦૪/૦૫/૨૦૨૫ નાં રોજ સ્વ જયદિપસિંહ બારીયા રમત સંકુલ દેવગઢ બારીયા દાહોદ મુકામે કરવામાં આવી હતી જેમાં રાજ્યભરમાંથી તમામ જિલ્લાઓમાંથી અલગ અલગ ગ્રુપમાં ભાઈઓ બહેનોએ ખુબ બહોળી સંખ્યા માં ભાગ લીધો હતો જેમાં ગીર સોમનાથ જિલ્લામાંથી પણ ખેલાડીઓ ભાગ લીધો હતો જેમાં ડીએલએસએસ સોમનાથ એકેડેમી ના ખેલાડીઓએ ભાગ લઈને શાળાનું અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. જે વિજેતા ખેલાડીઓ ધરસંડા પ્રતીક્ષા 46kg સિલ્વર મેડલ, ચૌહાણ રીધી 53kg સિલ્વર મેડલ, બારડ ક્રિસા 65kg સિલ્વર મેડલ, પરમાર અનિતા 69kg બ્રોન્ઝ મેડલ, જાદવ હર્ષ 71kg સિલ્વર મેડલ અને બાંભણિયા પ્રિન્સ 48kg બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.



આ તમામ વિજેતા ખેલાડીઓ એ આ જિલ્લાનું નામ રોશન કર્યું જે બદલ શાળા પરિવાર વતી સોમનાથ એકેડેમી ના ટ્રસ્ટી કરસનભાઇ સોલંકી જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજી ભાલીયા ડીએલએસએસ મેનેજર રણજીત દાહીં માં ઇન્ચાર્જ રીટાબેન ચૌધરી સ્પોસ્ટ ડાયરેક્ટર સંજય સોલંકી કેમ્પસ ડાયરેક્ટર કુણાલ સોલંકી તેમજ કુસ્તી કોચ નરેશ ચૌધરી અને વિવેક ખ્રિસ્તી અને સોમનાથ શાળા ઉત્કર્ષ પરિવાર વતી આ ખેલાડીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આવનારા સમયમાં ખૂબ સારું પરિણામ મેળવીને શાળાનું અને જિલ્લાનું નામ રોશન કરે તેવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે.

### આધુનિક કલાકારીને મળ્યો સરસ મેળાનો સંગ

# ઈમિટેશનના વ્યવસાયને સખી મેળાનો મંચ આપવા માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર : પ્રિયંકાબેન વાઘેલા

## રીવોલ્વિંગ ફંડ રૂ. 30 હજાર અને રૂ. ૧.૫ લાખની લોનની સહાય મેળવી આત્મનિર્ભર બનતા જય દ્વારકાધીશ સખી મંડળના મહિલાઓ

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સખી મંડળ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. સખી મેળા ગ્રામ્ય મહિલાઓ માટે રોજગાર અને આત્મવિશ્વાસનું સાધન બની રહ્યા છે. જેનું ઉત્તમ ઉદાહરણ છે જય દ્વારકાધીશ સખી મંડળ.



રાજકોટ શહેરમાં આયોજિત સરસ મેળામાં સ્ટોલધારક, રાજકોટ તાલુકાના તરઘડીયા ગામના પ્રિયંકાબેન વાઘેલા જણાવે છે કે, ૦૨ વર્ષથી સખી મંડળ સાથે સંકળાયેલી છું. જય દ્વારકાધીશ સખી મંડળમાં કુલ ૧૦ બહેનો જોડાયેલા છીએ. દર મહિને નિયત રકમની બચત કરીએ છીએ. રીવોલ્વિંગ ફંડ રૂ. 30 હજાર અને રૂ. ૧.૫ લાખની લોન મળી છે. અગાઉ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના લોકમેળામાં ૦૩ લાખથી ૩.૫ લાખ જેટલો નફો થયો હતો. અમે મંડળની બહેનો ઈમિટેશન જ્વેલેરી બનાવીએ પણ છીએ અને તેનું વેચાણ પણ કરીએ છીએ. ઈમિટેશનના વ્યવસાયને સખી મેળાનો મંચ આપવા માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર.



આમ, ગુજરાત સરકારની મહિલા સશક્તિકરણની યોજનાઓ અને ગામસ્તરે મળતી સહાય ગ્રામીણ મહિલાઓની કળાને નિખારવાના દરવાજા ખોલી રહી છે. સખી મંડળ સાથે જોડાયેલી બહેનો પોતાની કમાણીથી પરિવારનું ગુજરાન ચલાવે છે, બાળકોને શિક્ષણ આપે છે. સાથેસાથે પોતાની આગવી ઓળખ પણ બનાવી રહી છે.

સખી મંડળ ગુજરાત સરકારે આર્થિક રીતે નબળા કુટુંબોના જીવનધોરણમાં સુધારો લાવવા અને મહિલાઓના સશક્તિકરણ માટે સખી મંડળની રચના કરી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (જી.એલ.પી.સી.)ની રચના કરી હતી. જેના હેઠળ સ્વસહાય જૂથ સાથે જોડાયેલી મહિલાઓને આર્થિક સક્ષમ કરી, કૌશલ્યવર્ધન તાલીમ આપી, બેંક ધિરાણ આપી તથા આંતરિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને તેમને સ્વરોજગારી થકી આર્થિક રીતે પગભર બનાવવામાં આવે છે. સખી મેળામાં સ્વસહાય જૂથોને સીધા ગ્રાહકોને વેચાણ કરવાની તક મળતાં ઉત્પાદનના સારા ભાવ પણ મળી રહે છે. આમ, અનેક મહિલાઓ વ્યવસાય અર્થે ઘરથી બહાર નીકળી સ્વનિર્ભર બનતા મિશન મંગલમ સાર્થક થયું છે.

# રાજકોટ ગ્રુપ એન.સી.સી.ના ૧૫ હજાર કેડેટ્સ લઈ રહ્યા છે 'એકતા, અનુશાસન' અને નેતૃત્વની તાલિમ

- ■ કેડેટ્સ જવાબદાર નાગરિક, નિયમ પાલન અને રાષ્ટ્ર ધર્મ સાથે સેના અને સમાજને જોડતી કડી
- ■ ભારતીય સૈન્ય 'દેશ પહેલા' ની રાષ્ટ્ર ભાવના, વિશ્વના સૌથી શક્તિશાળી સૈન્ય પૈકી એક.. બ્રિગેડિયર કે. લોગનાથન (ગ્રુપ કમાન્ડર એન.સી.સી. ગ્રુપ રાજકોટ)







**સમય મિરર | રાજકોટ**

સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓમાં 'એકતા અને અનુશાસન' ના પાઠ ભણાવતી દેશની સૌથી મોટી સૈન્ય તાલીમ આપતી સંસ્થા એટલે નેશનલ કેડેટ્સ કોર્પ્સ. કે જે એન.સી.સી. થી ઓળખાય છે. ગુજરાતમાં ટુ ગુજરાત બટાલિયન કાર્યરત છે. જેમાં ૮૦ હજાર જેટલા કેડેટ્સને ડ્રિલ, ફાયરિંગ, મેપ રીડિંગ, વિવિધ શસ્ત્ર અંગેની જાણકારી સહિત લશ્કરી તાલીમ આપતા કેમ્પ યોજવામાં આવે છે.

એન.સી.સી. ગ્રુપ રાજકોટના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર કે. લોગનાથન, એન.સી.સી. ની પ્રવૃત્તિ વિશે જણાવેછે કે, એન.સી.સી. રાજકોટ ગ્રુપમાં ૮ હજાર સિનિયર તેમજ ૭ હજાર જેટલા જુનિયર કેડેટ્સ મળીને ૧૫ હજાર જેટલા કેડેટ્સ હાલ જોડાયેલા છે. કેડેટ્સમાં એકતા, અનુશાસન અને લીડરશીપના ગુણોની કેળવણી સાથે ફૌજી ટ્રેનિંગ આપવામાં આવે છે. સાથોસાથ તેઓ જવાબદાર નાગરિક બને અને સામાજિક દાયિત્વ નિભાવે, તે માટે સતત માર્ગદર્શન અપાય છે. નિયમિત પરેડ, કેમ્પમાં સહભાગિતા તેમજ રાઈફલ શુંટિંગ, મેપ રીડિંગ સહિતની ટ્રેનિંગ થકી તેઓ સેનાની કામગીરીથી સારી રીતે માહિતગાર થાય છે. પરિણામે ભવિષ્યમાં દેશની આંતરિક કે બાહ્ય સુરક્ષાર્થે તેઓ જોડાઈ શકે છે.કેડેટ્સની વિશિષ્ટ તાલીમને કારણે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં કેડેટ્સ સૈન્ય અને લોકો વચ્ચે અગત્યની કડી બની શકે છે. સરહદ પર તેમજ અંદરના વિસ્તારોમાં લોકોને સુરક્ષિત રાખવા, નિયમ પાલન સાથે તેઓ સેનાની મદદ કરી શકે છે. યુદ્ધની વિકટ પરિસ્થિતિમાં પણ એન.સી.સી. ના સીનીયર કેડેટ્સ સરહદ પર નહીં પરંતુ લોકો વચ્ચે રહી શાંતિનો માહોલ જાળવી રાખવા મદદરૂપ બની શકે છે તેમ ગ્રુપ કમાન્ડર શ્રી લોગનાથન જણાવે છે.

કેડેટ્સ બ્લડ ડોનેશન, યોગા-ડે, વૃક્ષા રોપણ, સાયકલ રેલી દ્વારા સામાજિક, સેવાકીય, રાષ્ટ્રભક્તિ અને જનજાગૃતિના કાર્યોમાં પણ સતત જોડાઈ લોકોને પ્રેરણા પુરી પાડી રહ્યા છે, ત્યારે વધુને વધુ બાળકો, યુવાનો એન.સી.સી. ની તાલીમ મેળવે તેવી અપીલ શ્રી લોગનાથન કરે છે. એન્ફોર્સમેન્ટ અને અનુશાસન થકી વિશ્વના વિકસિત દેશોની જેમ ભારતમાં સ્વચ્છતા, સિવિક સેન્સ, ટ્રાફિક નિયમન સહિતની પાયાની સમસ્યાઓ દુર થઈ શકે છે, ત્યારે કડક કાયદા પાલનની તરફેણમાં બ્રિગેડીયર તેમનો મત જણાવે છે,

ભારતીય સૈન્યમાં 'દેશ પ્રથમ' ની રાષ્ટ્ર ભાવના, વિશ્વના અન્ય સૈન્ય કરતા વધુ પ્રભાવશાળી ભારતીય સૈન્યમાં ૩૨ થી વધુ વર્ષ સેવા આપી ચુકેલા બ્રિગેડિયર કે. લોગનાથને કાશ્મીર, મણીપુર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં લશ્કરી કામગીરી કરેલી છે. ભારતીય સેના, સૈનિક અને તેમની પ્રણાલી અંગે તેઓએ વાતચીત કરતાં જણાવ્યું છે કે, ભારત દેશનું સૈન્ય ખુબ જ મજબૂત છે. આપણા સૈન્યના જવાનો માટે રાષ્ટ્ર પ્રથમ છે. અહીં જાતિ, ધર્મ, પ્રદેશ થી ઉપર દેશ અને તેની સુરક્ષા છે. સેનામાં ભરતી થયેલા જવાનોને 'નામ, નમક અને નિશાન' ના ગુણો સાથે તૈયાર કરવામાં આવે છે, એટલે જ દરેક સૈનિક અલગ અલગ રેજિમેન્ટમાં હોઈ તો પણ તેઓનું એક મજબૂત બોન્ડિંગ હોવાનું ગ્રુપ કમાન્ડર કે. લોગનાથન ગૌરવ સાથે જણાવે છે. આપણી સેના વિશ્વમાં બીજા ક્રમની સૌથી મોટી તેમજ ટેકનોલોજી અને વેપનની દ્રષ્ટિએ અમેરિકા, ચીન બાદ બાદ સશક્ત અને સમૃદ્ધ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈંડિયા' અને 'આત્મનિર્ભર ભારત' ને પરિણામે ભારતની સેના છેલ્લા દશ વર્ષમાં વધુ મજબૂત બની છે. આપણે શસ્ત્ર સરંજામ પહેલા બહારથી મંગાવતા હતાં, આજે ભારત તેની નિકાસ કરે છે. કોઈપણ દેશની સરહદો સુરક્ષિત હોઈ તે દેશ સારો વિકાસ વિકાસ કરી શકે છે, માટે જ આપણી સરહદો વધુ સુરક્ષિત રાખવી જરૂરી હોવાનું શ્રી લોગનાથન ભારપૂર્વક જણાવે છે.

### કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, મણિપુર સહિત વિવિધ પ્રકારના ભૂગોળીય વિસ્તારોમાં ૩૨ વર્ષથી વધુ સમય સુધી સેવા આપી છે



બ્રિગેડિયર કે. લોગનાથન, એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સ, રાજકોટના ગ્રુપ કમાન્ડર તરીકે ૧ જુલાઈ ૨૦૨૪ના રોજ નિયુક્ત થયા છે. તેઓએ અમરાવતીનગર સ્થિત સૈનિક શાળામાં શિક્ષણ લીધેલું છે. અભ્યાસ દરમ્યાન તેઓ એન.સી.સી.ના કેડેટ રહ્યા હતા અને ૭ વર્ષ સુધી એન.સી.સી. ની તાલીમ લીધેલી છે. તેમણે પુણે સ્થિત પ્રતિષ્ઠિત નેશનલ ડિફેન્સ એકેડેમીમાં પ્રવેશ મેળવીને જે.એન.યુ. માંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ૧૯૯૨ના જૂનમાં તેઓ ઈન્ડિયન મિલિટરી એકેડેમી, દેહરાદૂનમાંથી મદ્રાસ રેજિમેન્ટમાં કમિશન્ડ થયા હતા, ત્યારે તેમનું યુનિટ ઉત્તર કાશ્મીરની લાઇન ઓફ કન્ટ્રોલ પર તૈનાત હતું.કે. લોગનાથને ભારતીય સેવામાં ૩૨ વર્ષથી વધુ સમય સુધી સેવા આપી છે અને વિવિધ પ્રકારના ભૂગોળીય વિસ્તારોમાં ફરજ બજાવી છે, જેમાં જમ્મુ અને કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારો, પંજાબના મેદાનો, રાજસ્થાનના રણ અને મણિપુર અને સિક્કિમના પહાડી વિસ્તારોનો સમાવેશ થાય છે.તેમણે મણિપુરમાં કાઉન્ટર ઈન્સર્જન્સી ઓપરેશન્સ દરમિયાન ૧૨ મદ્રાસ બટાલિયનનું કમાન્ડ કર્યું હતું. બિનાગુરીમાં માઉન્ટેન બ્રિગેડનું પણ કમાન્ડ કર્યું હતું. તેઓ લૈમાખોંગ (મણિપુર)માં માઉન્ટેન ડિવિઝનના ડેપ્યુટી જનરલ ઓફિસર કમાન્ડિંગ અને શ્રી ગંગાનગરમાં ઈન્ફન્ટ્રી ડિવિઝનના ડેપ્યુટી જનરલ ઓફિસર કમાન્ડિંગ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. તેમણે ઈન્ડિયન મિલિટરી એકેડેમી, દેહરાદૂનમાં પ્લાટુન કમાન્ડર અને એડજ્યુટન્ટ તરીકે બે શૈક્ષણિક નિમણૂકો પણ સંભાળ્યા છે. આ ઉપરાંત, તેઓ આર્મી વોર કોલેજ, મ્હાઉમાં સિનિયર કમાન્ડ વિંગમાં ડિરેક્ટિંગ સ્ટાફ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેમણે કોંગોમાં યુનાઈટેડ નેશન્સ મિશનમાં એક વર્ષ માટે મિલિટરી ઓબ્ઝર્વર તરીકે પણ ફરજ બજાવી છે. શૈક્ષણિક લાયકાત : લોગનાથને જે.એન.યુ., દિલ્હીથી બી.એસ.સી., મદ્રાસ યુનિવર્સિટીમાંથી ડિફેન્સ અને સ્ટ્રેટેજિક સ્ટડીઝમાં એમ.એસ.સી. અને ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હીથી એમ.બી.એ. નો અભ્યાસ કર્યો છે. તેઓ ગોલ્ફ, ઘોડેસવારી અને સાયક્લિંગનો શોખ ધરાવે છે.

### ધંધાદારી કોલેજોને ફાયદો કરાવવા સૌરાષ્ટ્ર યુનિ.ના સત્તાધીશોનું મોટું ષડયંત્ર : રોહિતસિંહ રાજપૂત

# સૌ.યુનિ.એ ફી નિયતનો પરિપત્ર કર્યો પણ કોલેજોએ જી-કેસ પોર્ટલ પર પોતાના ઈચ્છા મુજબ ફી દર્શાવી : કોંગ્રેસ

**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજ્યની મોટાભાગની સ્ટેટ યુનિવર્સિટીમાં સ્ટેચ્યુટ લાગુ કરી દેવામાં આવ્યો છે.મોટાભાગની કામગીરી હવે નવા સ્ટેચ્યુટના આધારે કરવામાં આવી રહી છે.પરંતુ નવા સ્ટેચ્યુટમાં કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી વસૂલી શકશે તેના માટે FRCની કમિટી બનાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હજુ સુધી એફઆરસી કમિટી જ બની નથી ! જેના કારણે વિદ્યાર્થીઓ કોલેજોની ઊંચી ફી આપવા મજબૂર બન્યા છે અને કોલેજો પણ બેફામ ફી વસૂલવા લાગી છે. યુનિવર્સિટીના સત્તાધીશોનો કોલેજો ઉપર જાણે કોઈ અંકુશ જ ન હોય એમ કેટલીક કોલેજોએ બેફામ ફી વસૂલવાનું શરૂ કરી દીધું છે તે બાબતે આજે કોંગ્રેસના વિદ્યાર્થી પ્રતિનિધિ રોહિતસિંહ રાજપૂતની આગેવાનીમા ડેલિગેશને આજે કુલપતિને ધારદાર રજૂઆત કરી હતી.



રજૂઆતમા વિસ્તૃત જણાવ્યુ હતુ કે તાજેતરમાં જ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીએ પોતે ૨૮-૪-૨૦૨૫નાં રોજ વિવિધ અભ્યાસક્રમની નિયત કરેલ ફી જાહેર કરેલી છે જેનો પરિપત્ર આ બીડાણ સાથે સામેલ છે. રાજ્ય સરકારનાં જી-કેસ પોર્ટલ પર આ તમામ માહિતી આપના અધિકારીઓ દ્વારા વેરીફીકેશન કરીને અપલોડ કરવામાં આવી હતી. આ સમયે અમૂક ચોક્કસ કોલેજ દ્વારા તમારા જ પરિપત્ર કરતા વધારે ફી ફાઈલમાં હોવા છતાં ચોક્કસ લોકો દ્વારા આ ધંધાદારી ખાનગી કોલેજોનાં માણસો હોય તે રીતે વધારે ફી અપલોડ કરી નાખી અને ગરીબ વિદ્યાર્થી અને વાલીઓને લુંટવાનો પરવાનો આપી દીધો. યુનિવર્સીટીનાં તંત્ર દ્વારા આવી ગંભીર ભૂલ કરેલ છે એ કોના લાભાર્થે અને કોના કહેવાથી કરવામાં આવી છે તે આપની કક્ષાએ થી તપાસ કરી આવા અધિકારી કર્મચારી પર ખાતાકીય તપાસ કરવામાં આવે તેમજ તાત્કાલિક સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા નિયત કરેલ ફી મુજબ ફી અપલોડ કરવા માટે જી-કેસને આ પરિપત્ર ફોરવર્ડ કરવામાં આવે.

રોહિતસિંહ રાજપૂતે આ બાબતે ઉદાહરણ ટાંકતા જણાવ્યુ હતુ કે આ એક પૂર્વાયોજિત કૌભાંડ કેમ છે જેનો પુરાવો તરીકે જી-કેસ પોર્ટલ પર રાજકોટની ક્રાઈસ્ટ કોલેજ B.C.A.અભ્યાસક્રમની બે લાખથી પણ વધારે ફી દર્શાવેલ છે. જયારે આ અભ્યાસક્રમની તમારા જ દ્વારા કરાયેલ પરિપત્રમાં વર્ષની ત્રીસ હજાર રૂપિયા ફી દર્શાવેલી છે એટલે કે આ કોલેજ બે ગણા કરતા વધારે ફીના ઉઘરાણા કરે છે! આવી અનેક ખાનગી કોલેજો પોતાની ઈચ્છા મુજબ ફીના ઉઘરાણા કરી રહી છે ત્યારે આ કદાપિ ચલાવી ના લેવુ જોઈએ.

રજૂઆતની અંતમા જણાવ્યુ હતુ કે ગરીબ મધ્યમવર્ગીય પરિવારના વિદ્યાર્થીઓ અને વાલીના હિતમા ઉપરોક્ત બાબતોએ નિયમો મુજબ કામગીરી ત્વરિત નહિ થાય તો અમારે ફરજિયાત પણે લોકશાહી ઢબે આક્રમક આંદોલનાત્મક કાર્યક્રમો કરવા પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.આ રજૂઆતમા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત,યશ ભીંડોરા, રોનક રવૈયા,યશ ઉનડકટ, વનરાજ પરમાર,દર્શીલ ઉનડકડ,દીપ ગોહિલ સહિત જોડાયા હતા.

# જિલ્લા વિકાસ અધિકારીના એક ઉમદા વિચારથી ૧૮૧ બાળકોનું ભવિષ્ય સુંદર બનશે

**સમય મિરર | રાજકોટ**

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદનાં અધ્યક્ષ સ્થાને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એશોશિએશનની ઓફિસ શાપર ખાતે બેઠક યોજી શાળા બહારના બાળકોનો સર્વે કરવા શિક્ષણ વિભાગનાં અધિકારીઓને સુચના આપી હતી.

શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સર્વે કરાયો હતો. જેમા ૧૮૧ બાળકો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ માં નજીકની પ્રાથમિક શાળાઓમાં નામાંકન કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે.

ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં રોજગારી અર્થે વસવાટ કરતા પરીવારોના બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે શાળા બહારના બાળકોનો સર્વે કરવાની સુચના શિક્ષણ વિભાગનાં અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદએ સૂચના આપી હતી.



જેના અનુસંધાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દિક્ષિત પટેલ દ્વારા શાપર વેરાવળની તમામ શાળાઓના આચાર્યોશ્રી,સીઆરસી કો-ઓર્ડીનેટર, બીઆરસી કો-ઓર્ડીનેટર સાથે મિટિંગ કરી, શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમનું શાળામાં નામાંકન કરવા અંગેની તાકીદ કરી હતી. આ ઉમદા વિચારને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે લઇ શિક્ષકોએ આ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સર્વે કરતા ૧૮૧ બાળકો મળી આવ્યા હતા. આ તમામ બાળકોને આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ માં નજીકની પ્રાથમિક શાળાઓમાં નામાંકન કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજકોટ અનંદુ સુરેશ ગોવિંદનાં આ ઉમદા વિચારની સરાહના થઇ રહી છે.

# અંકલેશ્વર નજીક મુલદ ટોલ પ્લાઝા પર ભૂમાફિયા બેફામ : બેરિયર તોડી ભાગ્યા

**સમય મિરર | અંકલેશ્વર**

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-૪૮ પર આવેલા મૂલદ ટોલ પ્લાઝા પર ભૂમાફિયાઓની દાદાગીરી વધી રહી છે. છેલ્લા ૨૦ દિવસમાં ટોલ પ્લાઝાના બેરીયર તોડીને ભાગી જવાના ૪ બનાવ નોંધાયા છે.

તાજેતરની ઘટનામાં ઠાકરધણી લખેલી ટ્રકના ચાલકે બેફામ રીતે વાહન હંકારીને મહિલા કર્મચારીનો જીવ જોખમમાં મૂક્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સમગ્ર ઘટનાક્રમ CCTVમાં કેદ થયો છે. જેમાં ઠાકરધણી લખેલી ટ્રકો બેરિયર તોડ્યા બાદ એક પછી એક જતી દેખાઈ રહી છે. આ ઘટનામાં એક મહિલાકર્મીનો આબાદ બચાવ થયો હતો. છેલ્લાં ૨૦ દિવસમાં બેરિયર તોડવાની ૪ ઘટના સામે આવી છે.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકના ઈન્સ્પેક્ટર વી. યુ.ગડરીયાના માર્ગદર્શન હેઠળ ચાર ટ્રક ચાલક સામે સદોષ માનવવધના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે. હાલ તપાસનો ધમધમાટ હાથ ધરાયો છે. ભરૂચ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા ભૂમાફિયાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. છતાં, ખનીજમાફિયાઓ કાયદાનો ભંગ કરવાનું ચાલુ રાખી રહ્યા છે. આ ઘટનાઓએ ટોલ પ્લાઝા પરની સુરક્ષા વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉભા કર્યા છે.

# દિવ્યાંગો માટેના રાજ્યકક્ષાના સ્પેશિયલ મહાકુંભમાં રાજકોટના ખેલાડીઓ ઝળક્યા

**સમય મિરર | રાજકોટ**

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત-ગાંધીનગર દ્વારા તાજેતરમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે ''રાજ્યકક્ષા સ્પેશિયલ ખેલમહાકુંભ-૩.૦''નું આયોજન સાબરકાંઠા જિલ્લામાં કરવામાં હતું. જેમાં રાજકોટ જિલ્લાની જીનીયસ સુપર કીડ્સના ખેલાડીઓમાં નોએલા સાજીએ ૫૦ મીટર વોકમાં પ્રથમ રહી ગોલ્ડ મેડલ, કગથરા કાવ્યએ દ્વિતીય ક્રમે સિલ્વર મેડલ અને કોટેચા અભિષેકે તૃતીય ક્રમે રહી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. જ્યારે સાઈકલિંગમાં રાણપરા માનસીએ તૃતીય ક્રમે રહી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. વિજેતા ખેલાડીના કોચ બિજલબેન હરખાણી તેમજ સંસ્થા અને જિલ્લા રમતગમત અધિકારી વી.પી.જાડેજાએ અભિનંદન પાઠવ્યા છે.





સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત-ગાંધીનગર દ્વારા તાજેતરમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે ''રાજ્યકક્ષા સ્પેશિયલ ખેલમહાકુંભ-૩.૦''નું આયોજન સાબરકાંઠા જિલ્લામાં કરવામાં હતું. જેમાં રાજકોટ જિલ્લાની જીનીયસ સુપર કીડ્સના ખેલાડીઓમાં નોએલા સાજીએ ૫૦ મીટર વોકમાં પ્રથમ રહી ગોલ્ડ મેડલ, કગથરા કાવ્યએ દ્વિતીય ક્રમે સિલ્વર મેડલ અને કોટેચા અભિષેકે તૃતીય ક્રમે રહી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. જ્યારે સાઈકલિંગમાં રાણપરા માનસીએ તૃતીય ક્રમે રહી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ વિજેતા ખેલાડીના કોચ સુશ્રી બિજલબેન હરખાણી તેમજ સંસ્થા અને જિલ્લા રમતગમત અધિકારી વી.પી. જાડેજાએ અભિનંદન પાઠવ્યા છે.

# દીવની કેશવ હોટલમાં હનીટ્રેપ કેસમાં આરોપીની જામીન અરજી ફગાવાઈ




**સમય મિરર | દીવ**

ચાર માસ પહેલા દીવના બુચરવાડા ફાટક પાસે આવેલ હોટલ કેશવમાં હનીટ્રેપનો કિસ્સો બહાર આવ્યો હતો જેમાં યુવતિની મદદથી સેક્સયુઅલ એક્ટીવીટી કરાવી અને અંગત પળો કેમેરામાં કેદ કરી મોટી રકમનો તોડ કરતા હતા આ પ્રકરણની પોલીસને જાણ થતાં પોલીસે આ કેસમાં કાર્યવાહીમાં આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપી હજુ જેલ હવાલે છે. એક આરોપી સંજય રાઠોડે સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરતા સરકારી વકીલ હરીઓમ ઉપાધ્યાયની જોરદાર રજૂઆતને ધ્યાનમાં રાખી કોર્ટે જામીન અરજી નામંજુર કરી છે. આ હનીટ્રેપ કેસમાં હજુ અમુક આરોપી ફરાર હોય જેની શોધખોળ ચાલુ છે.

## અવસાન નોંધ

**વેરાવળ :** કિરીટભાઈ પ્રવિણભાઈ ચાવડા ઉ.વ. ૬૧ તે પ્રવીણભાઈ વિઠ્ઠલ-ભાઈ ચાવડા ના પુત્ર મહેશભાઈ, મહેન્દ્રભાઈ, કૌશિકભાઈ, ભાવેશભાઈ, મધુબેનના મોટાભાઈ તા.૩/૫/૨૦૨૫ ને શનિવાર ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૫/૫/૨૦૨૫ ને સોમવારે રોજ સાંજે ૪ થી ૫ કલાકે સતીમાં ના મંદિર, ભોંય સમાજ ની વાડી સામે વેરાવળ.મુકામે રાખવામાં આવ્યું છે.

**વેરાવળ :** દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન મુકેશભાઈ અમૃતલાલ શાહ ઉ.વ.૭૩ હાલ કાંદિવલી તે સ્વ.કાન્બેન અમૃતલાલ શાહ ના પુત્ર, બીનાબેન ના પતિ, સ્વ.રૂક્ષ્મણીબેન પ્રતાપરાય શેઠ ના જમાઈ (ગોંડલ નિવાસી) આનંદ, મુક્તિ ના પિતાશ્રી, ટીના, કૌશીલ ભરતભાઈ શાહ ના સસરા, મહેન્દ્રભાઈ, સ્વ.ક્રિષ્નાબેન કાન્તિલાલ, પરમ પૂજ્ય તારાબાઈ સ્વામી, લતાબેન પ્રફુલભાઈ, કોકિલાબેન દિલીપભાઈ, અર્ચનાબેન હિતેશભાઈ ના ભાઈ, ઈન્દીરાબેન ના દિયર, તીર્થના નાનાજી, ફોરમ સુકેતુ, અમી જીનેશના કાકાનું તા.૧ ના અરિહંત શરણ પામેલ છે . લોકિક વ્યવહાર બંધ છે ચક્ષુ દાન કરેલ છે.

**જુનાગઢ :** પોરબંદર નિવાસી નર્મદાબેન દયારામભાઈ ભરાડ (ઉ. ૭૦ )તે સ્વ. દયારામભાઈ હીરાલાલ ભરાડ ના ધર્મ પત્ની અને મણિશંકરભાઈ , મીનાબેન,રીનાબેન અને ઉર્મિલાબેનના માતુશ્રી, વશરામભાઇ રામભાઈ જોષી (પાલખડા) ના દીકરી, પરસોતમભાઈ, નરશીભાઈ, રામજીભાઈ, વીરજીભાઈ અને પરમાણંદભાઈના બહેન. તેમજ નવદિપ તથા દિપેશ ના દાદીમાનું આજરોજ તા-: ૦૪/૦૫/૨૦૨૫ ને રવિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

# હત્યાના ગુનામાં જેલમાંથી બહાર નિકળી નશાનો કારોબાર કરનાર શખ્સ ગાંજા સાથે ઝડપાયો

## સાગર ચોક RMC ક્વાર્ટરમાં પોલીસ ડોગ શેરાએ છુપાવેલો ગાંજાનો જથ્થો શોધી કાઢ્યો : ૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા માટે પોલીસના એસઓજી ગ્રુપ દ્વારા સે નો ટુ ડ્રગ્સ અંતર્ગત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે શાળા-કોલેજોમાં કાર્યક્રમ યોજી નશીલા પદાર્થોથી દૂર રહેવા સમજાવવામાં આવે છે. સાથે નશીલા પદાર્થોનું વેચાણ કરતા તત્વો ઉપર ખાસ નજર રાખી નશીલા પદાર્થો ઝડપવામાં આવી રહ્યા છે. તેવા સમયે ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર સાગર ચોકમાં આવેલા આરએમસી યોજના ક્વાર્ટરમાં રહેતા નામચીન શખ્સે ગાંજાનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમી પરથી એસઓજીએ દરોડો પાડ્યો હતો. આ સમયે પોલીસ વિભાગના ડોગ કે જેમને નશીલા પદાર્થ સંદર્ભે ખાસ તાલીમ આપવામાં આવી હોય તે શેરાને મેદાનમાં ઉતારાયો હતો અને તેણે કુખ્યાત શખ્સે જે સ્થળે ગાંજો





છુપાવ્યો હતો તે સ્થળ શોધી કાઢ્યું હતું ત્યાંથી ૨.૩૪૧ કિ.ગ્રા ગાંજાનો જથ્થો મળી આવતા કબ્જે કરી નામચીન શખ્સની ધરપકડ કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર સાગર ચોક પાસે આવેલા આરએમસી યોજનાના ક્વાટરમાં રહેતા નામચીન શખ્સ દ્વારા પોતાના ઘરમાં ગાંજાનો જથ્થો છુપાવ્યો છે. અને તે પડીકીઓ બનાવી વેચાણ કરે છે તેવી બાતમીના આધારે એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાની સુચનાથી પીઆઈ હરિયાણી, પીએસઆઈ ધાસુરા તથા સ્ટાફના ફિરોજ શેખ, કિશોરભાઈ ઘુઘલ, અમિતભાઈ ટુંડિયા સહિતના સ્ટાફે આરએમસી ક્વાટરમાં દરોડો પાડ્યો હતો. તે સમયે પોલીસને વધારે શોધખોળ કરવી ન પડે તે માટે પોલીસના ખાસ ડોગ શેરાને બોલાવાયો હતો. તેણે ઘરમાં ચક્કર લગાવી એક ઘંઉની કોઠી પર નિશાન તાંક્યુ હતું. તેમાં તલાશી લેવાતા અંદરથી ૨.૩૪૧ કિ.ગ્રા. ગાંજો મળી આવ્યો હતો. આથી ઈમરાન ઈકબાલભાઈ બેલીમ નામના શખ્સની ધરપકડ કરી ૩૪,૧૨૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પોલીસ પુછપરછમાં જાણવા મળ્યા મુજબ ઈમરાન બેલીમ અગાઉ હત્યાના ગુનામાં સંડોવાઈ ચુક્યો છે. તે ગુનામાં જેલમાં હોય થોડા સમય પૂર્વે જેલમાંથી છુટી નશા કારક પદાર્થ વેચવાનું શરૂ કર્યુ હતું. હાલ તેના કબ્જામાંથી ઝડપાયેલો ગાંજો સુરતથી લાવ્યો હોવાનું કબુલાત આપી છે. જેના આધારે ગુનો દાખલ કરી એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે.

### જમીનના સોદામાં અન્ય વ્યક્તિના ડોક્યુમેન્ટ જોડી દસ્તાવેજ કરી ઠગાઈ કરી'તી

# ૧.૯૦ કરોડની છેતરપિંડીના ગુનામાં બે આરોપીની જામીન અરજી નામંજુર

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલ તિરૂપતિનગરમાં રહેતા અને જમીન લે વેચનો ધંધો કરતા ફરસાણ વેપારી ભુપતભાઈ ગોવિંદભાઈ ઠુંમરે વર્ષ ૨૦૨૩માં મિત્ર મારફતે જમીન સોદા દરમિયાન પરિચયમાં આવેલા મનીષભાઈએ અઠવાડિયા પછી ભુપતભાઈ ઠુંમરની દુકાને જઇ ઘંટેશ્વર ખાતે પાંચ એકર જમીન મિત્ર શૈલેષભાઈના મામા ઘુસાભાઇ સીતાપરાની છે. આ જમીન ખરીદવા માટે ભુપતભાઈએ તૈયારી દેખાડેલી હતી. પાંચ એકર જમીન રૂ.૩૦ કરોડમા ખરીદવાનું નક્કી કર્યું હતું. રૂપિયા ફરિયાદીએ દોઢ વર્ષમાં પુરા કરવાનું અને સાટાખત વખતે બે કરોડ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સાટાખત કરવા માટે એડવોકેટની ઓફિસે ગયા હતા ત્યાં ફરિયાદી તેના જમાઈ પ્રીતેશભાઈ અને મિત્ર મોહસીનભાઈ ગયા હતા અને સામાપક્ષે મનીષભાઈ, શૈલેષભાઈ, રવિભાઈ વાઘેલા તેમજ જમીન માલિક તરીકે ઘૂસાભાઈ સીતાપરા ગયા હતા. ઘુસાભાઈને બદલે અને વ્યક્તિના ખોટા આધારકાર્ડ અને પાન કાર્ડ રજૂ કરી નોટરાઈઝ સાટાખત કરી આપ્યો હતો. ફરિયાદી દ્વારા આરોપીઓને કુલ રૂ.૧.૯૦ કરોડ ચૂકવી દીધા હતા. ભુપતભાઈ ઠુંમર તેમના મિત્ર મયુરભાઈની ઓફિસે હતા ત્યારે નરેન્દ્રસિંહ નામની પરિચિતને ઘંટેશ્વરમાં ઘૂસાભાઈ સીતાપરાની જમીન ખરીદ કર્યાના સાટાખત દેખાડતા નરેન્દ્રસિંહે ફોટા વાળી વ્યક્તિ ઘુસાભાઇ સીતાપરા નહિ હોવાનું જણાવતા ભુપતભાઈ ઠુંમરે તપાસ કરતા છેતરપિંડી થયાનું જાણવા મળ્યું હતું. આ અંગે ભુપતભાઈ ઠુંમર દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આરોપીઓની અટક કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલા આરોપી



એડવોકેટ

દામજીભાઈ જાદવજીભાઈ કુબેર અને રવિ જેરામભાઈ વાઘેલા દ્વારા ચાર્જશીટ બાદ જામીન મુક્ત થવા સેશનસ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા સરકારી વકીલ અને ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી સેસન્સ કોર્ટ દ્વારા બંને આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગ શાહ અને અતુલ જોષી તેમજ ફરીયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, મીતેશ એચ. ચાનપુરા અને પ્રહલાદસિંહ ઝાલા રોકાયા હતા.

# દારૂના દરોડા : રાજકોટમાં ચાર સ્થળેથી મહિલા સહિત ૩ એક લાખના દારૂ સાથે ઝડપાયા

## ૩૨૭ બોટલ દારૂ અને કાર મળી ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત : એકની શોધખોળ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પ્યાસીઓની પ્યાસ બુઝાવવા બુટલેગરો અવનવા કિમીયા કરી રહ્યા છે ત્યારે પોલીસ બુટલેગરોના પ્રયાસોને સદંતર નિષ્ફળ બનાવી રહી છે. ત્યારે રાજકોટમાં જુદા જુદા ચાર સ્થળે પોલીસે દરોડા પાડી રૂપિયા ૧ લાખના દારૂ સાથે મહિલા સહિત ત્રણને ઝડપી લીધા હતાં. પોલીસે ૩૨૭ બોટલ દારૂ અને કાર મળી ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાન નાશી છુટેલા એક શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના બેડલા ગામ અને ફાળદંગ ગામ વચ્ચેથી વિદેશી દારૂ ભરેલી કાર પસાર થવાની હોવાની બાતમીના આધારે એરપોર્ટ પોલીસે વોચ ગોઠવી હતી. એ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી ઈકો કાર શંકાસ્પદ લાગતા તેની અટકાયત કરી તલાશી લેતા તેમાંથી રૂપિયા ૨૭ હજારની કિંમતની ૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક ઉદય કમલેશભાઈ સાગઠિયા (રહે. ખાટડી તાલુકો ચોટીલા)ને ઝડપીલીધો હતો. પોલીસે વિદોશી દારૂ અને કાર મળી રૂા. ૨.૬૦ લાખનો મુદ્દામાલકબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં જામનગર રોડ ઉપર સાંઢિયા પુલ પાસે હુડકો ક્વાટર નજીક ઓરડીમાંથી પ્રનગર પોલીસે બાતમીના આધારે આશિફ ઈકબાલ ગોરી નામના શખ્સને રૂા. ૧૯,૫૦૦ના કિંમતની ૧૫ બોટલ દારૂ સાથે ઉઠાવી લીધો હતો.

ત્રીજા દરોડામાં દુધસાગર રોડ ઉપર આવેલા માજોઠી નગરમાં રિટાબેન જિતેશભાઈ સિતાપરા નામની મહિલા જાહેર રોડ ઉપર વિદેશી દારૂના ચપલા સાથે ઉભી હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસે દરોડો પાડી રૂા. ૪,૮૦૦ની કિંમતના ૪૮ ચપલા સાથે રિટાબેન સીતાપરાને ઝડપીલીધી હતી. ચોથા દરોડામાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતા સુનિલ કિશન સોલંકી નામના શખ્સે પોતાના ઘરે વિદેશી દારૂ વેચાણ અર્થે ઉતાર્યો હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસે દરોડો પાડ્યો હતો. ઘરની તલાશી લેતા ઘરમાંથી રૂા. ૫૬,૩૫૨ની કિંમતની ૧૯૨ બોટલ દારૂ અને સ્કૂટર મળી આવ્યું હતું. પોલીસે રૂા.૯૬,૩૫૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાનહાજર મળી નહીં આવેલા સુનિલ સોલંકીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

### તારા પતિને જાણ કરીશ તો તને અને તારા પુત્રને મારી નાંખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ

# રાજકોટના ઉમરાળી ગામે પાડોશીએ ઘરમાં ઘુસી પરિણીતાનો હાથ પકડી કરી અભદ્ર માંગણી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ તાલુકાના ઉમરાળી ગામે રહેતી પરિણીતા ઘરે એકલી હતી ત્યારે પાડોશી શખ્સે ઘરમાં ઘૂસી જઈ હાથ પકડી અભદ્ર માંગણી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટ તાલુકાના ઉમરાળી ગામે રહેતી ૨૬ વર્ષીય પરિણીતાની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે ગામમાં જ રહેતા મુકેશ જેસીંગભાઈ આગરીયા વિરૂધ્ધ નિર્લજ્જ હુમલો, એટ્રોસીટી અને ધમકી આપ્યાનો ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩ના રાત્રે ૯ વાગ્યાના અરસામાં તેણી તેના પુત્રો સાથે ઘરે એકલી હતી અને પતિ કામ સબબ બહારગામ હતા ત્યારે ગામમાં રહેતો મુકેશ આગરીયા ઘરનો વરંડો કુદી ઘરમાં ઘૂસી ગયો હતો અને તેણીનો હાથ પકડી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી અભદ્ર માંગણી કરી હતી. જેથી તેણીએ હાથ છોડાવી ફળિયામાં દોડી જઈ પુત્ર પાસેથી મોબાઈલ લઈ તેના પતિને ફોન કર્યો હતો. દરમિયાન આરોપીએ ફળીયામાં આવી જો તે તારા પતિને આ બાબતે વાત કરી તો તને અને તારા દિકરાને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ગાળો આપી નાશી છૂટયો હતો.

બાદમાં તેના પતિ ઘરે આવતા સમગ્ર હકિકત જણાવતા પોલીસ મથકે ફરિયાદ કરવા દોડી આવ્યા હતા.

# વિશ્વાસઘાત : રાજકોટમાં કર્મચારીએ માલિકના ઘરમાંથી ૩૦.૫૦ લાખનો કર્યો હાથફેરો

## ૯ લાખની રોકડ અને ૨૧.૫૦ લાખની ત્રણ વિદેશી ઘડિયાળ લઈ નાસી છૂટેલા શખ્સની ફરિયાદના આધારે શોધખોળ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં જીવરાજપાર્ક પાસે આવેલી અંબિકા ટાઉનશીપમાં રહેતા માલિક સાથે વિશ્વાસુ કર્મચારીએ વિશ્વાસઘાત કરી રૂા. ૯ લાખની રોકડ અને ૨૧.૫૦ લાખની કિંમતની ત્રણ વિદેશી ઘડિયાળની ચોરી કરી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં જીવરાજપાર્ક પાસે અંબિકા ટાઉનશીપમાં રહેતા મુળ જૂનાગઢના જતીનભાઈ હરેશભાઈ અઢિયાએ છેલ્લા છ વર્ષથી તેના ઘરે ઘરની અને કુતરાની દેખરેખ રાખતા અને પર્સનલ કામો કરતા કર્મચારી ભરત પરબતભાઈ ઓડેદરા (રહે. પોરબંદર) વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. જતીનભાઈ અઢિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભરત ઓડેદરા છેલ્લા છ વર્ષથી તેની સાથે નોકરી કરે છે. અને છેલ્લા ચાર વર્ષ આફ્રિકા પણ સાથે રહેતો હતો અને બે વર્ષથી રાજકોટમાં ભરત ઓડેદરા જતીનભાઈ અઢિયાના ઘરની અને પાલતુ કુતરાની દેખરેખ રાખતો હતો અને પર્સનલ કામ કરતો હતો. જતીનભાઈ અઢિયાને જમીનનો દસ્તાવેજ હોવાથી ભરત ઓડેદરા પાસે અયોધ્યા ચોક પાસે આવેલ ગાયત્રી સોસાયટીમાં અનિલભાઈ ડાંગરના નવા બનતા મકાને ગયા હતાં. અને જ્યાં અનિલભાઈ ડાંગરે રૂા. ૯ લાખની રોકડ આપી હતી. જે રોકડ રૂપિયા ૯ લાખ જતીનભાઈ અઢિયાએ વિશ્વાસુ કર્મચારી ભરત ઓડેદરાને આપી બેન્કમાં જમા કરવા માટે મોકલ્યો હતો. પરંતુ વિશ્વાસુ કર્મચારીએ રૂપિયા બેંકમાં જમા કરાવવાના બદલે જતીનભાઈ અઢિયાના ઘરે પહોંચી તેના ઘરે રહેલી રૂપિયા ૨૧.૫૦ લાખની કિંમતની ત્રણ વિદેશી ઘડિયાળ અને રૂપિયા ૯ લાખની રોકડ નાશી છુટ્યો હોવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે તાલુકા પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

# સગપણ તૂટી જતાં યુવતીના મોટાબાપુ ઉપર પિતા-પુત્ર સહિત ત્રણનો ધોકા વડે હુમલો

## રાજકોટના મઘરવાડાની ઘટના; ભત્રીજા સાથે સગાઈ નક્કી થયા બાદ અન્ય સ્થળે સગપણ કર્યાનો ખાર રાખી હુમલો કર્યાની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના મઘરવાડા ગામે ભત્રીજા સાથે કરેલું સગપણ તોડી અન્ય સ્થળે સગાઈ કરી નાખ્યાનો ખાર રાખી વૃદ્ધ ઉપર પિતા-પુત્ર સહિત ત્રણ શખ્સોએ કારમાં ધસી આવી ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલાખોર પિતા પુત્ર સહિત ત્રણ વિરૂદ્ધ પોલીસ દફતરે ફરિયાદ નોંધાય છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના મઘરવાડા ગામે રહેતા લાખાભાઈ રત્નાભાઈ સભાડ નામના ૬૦ વર્ષના વૃદ્ધ મઘરવાડા ગામે આવેલા મહાદેવના મંદિર પાસે હતા ત્યારે કાના માલણભાઈ સભાડ, અને તેનો પુત્ર મયુર કાનાભાઈ સભાડ સહિતના ત્રણ શખ્સો કારમા ધસી આવ્યા હતા. અને લાખાભાઈ સભાડ ઉપર ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હુમલાખોર પિતા પુત્ર સહિત ત્રણ વિરુદ્ધ લાખાભાઈ સભાડે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદમાં જણાવ્યું હતું કે લાખાભાઈ સભાડના કૌટુંબિકભાઈ નાથાભાઈ બીજલભાઇ સભાડની પુત્રીની હુમલાખોર કાનાભાઈ સભાડના ભાઈ ગોવિંદભાઈ સાવાના દીકરા સાથે સગપણ કર્યું હતું પરંતુ નાથાભાઈએ તેની દીકરીની સગાઈ બીજે નક્કી કરી હોય જેનો ખાર રાખી પિતા પુત્ર સહિત ત્રણેય શખ્સોએ કારમાં ધસી આવી ધોકા વડે હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચેક પરત ફરવાના કેસમાં નીચલી કોર્ટનો હુકમ કાયમ રાખતી સેશન્સ કોર્ટ

## આરોપીએ કરેલી અપીલ નામંજુર કરી ૨૩.૫૦ લાખનું વળતર ચુકવવા હુકમ

**સમય મિરર | રાજકોટ**

ચોલામંડલમ ફાયનાન્સમાંથી વાહન ખરીદવા લીધેલી લોનની ચુકવણી માટે આપેલ ચેક પરત ફરવાના કેસમાં એક વર્ષની સજા તથા વળતર ચુકવવાના હુકમ સામે આરોપીએ સેશન્સ અદાલતમાં ફોજદારી અપીલ કરી હતી. જે ચાલી જતા નીચેની કોર્ટનો હુકમ કાયમ રાખી ફરીયાદીને વળતર પેટે રૂ.૨૩.૫૦ લાખ ચુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ટંકારાના કલ્યાણપુરમાં રહેતા મહેશભાઈ વી. ઝાપડાએ વાહન ખરીદવા રાજકોટ સ્થિત ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ



એડવોકેટ

ફાયનાન્સ કું.લી. માંથી કંપનીના ધારાધોરણ અને નીતીનિયમ મુજબ રૂ.૧૫,૮૪, ૧૩૦ની લોનની લીધી હતી. આરોપીએ ચડત હપ્તાઓની ચુકવણી માટે ફરીયાદી કંપનીને રૂા. ૧૭,૧૭, ૫૨૧નો ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા ફરીયાદી કંપની દ્વારા આરોપી વિરુધ્ધ રાજકોટની અદાલતમાં ચેક રિટર્નની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા આરોપી મહેશ વી. ઝાપડાને એક વર્ષની જેલની કેદની સજાનો તેમજ ફરીયાદીને ચેક પેટેની રકમ ચુકવવાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ આરોપી દ્વારા નીચેની અદાલતના હુકમથી નારાજ થઈ સેશન્સ અદાલતમાં ફોજદારી અપીલ દાખલ કરી હતી. જે અપીલ ચાલી જતા બન્ને પક્ષની રજુઆત બાદ ફરિયાદી તરફે રોકાયેલા વકીલ દ્વારક કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ સેશન્સ અદાલત દ્વારા નીચેની અદાલતનો હુકમ કાયમ રાખી આરોપીને એક વર્ષની જેલની સજા તેમજ ફરીયાદીને વળતર પેટે રૂ.૨૩.૫૦ લાખ ચુકવા હુકમ કર્યો છે.

આ કેસમાં ફરીયાદી કંપની વતી રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા,નંદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક,ભુમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા અને કેવીન ભીમાણી રોકાયા હતા.

# રાજકોટમાં યુવાન ઉપર ચાર વ્યાજખોરોએ ગુજાર્યો સિતમ

## વ્યાજ સહિત રૂપિયા ચુકવી દીધા હોવા છતાં ગાળો ભાંડી ધમકી આપતા હોવાની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પોલીસની ધાક ઓસરી હોય તેમ વ્યાજના વરુ બેફામ બન્યા છે. ત્યારે વધુ એક વ્યાજવટાવની ઘટના સામે આવીછે. જેમાં યુવાને વ્યાજે લીધેલા રૂપિયાની વ્યાજ સહિત ચુકવણી કરી હોવા છતાં વ્યાજખોરો બિભસ્ત ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની યુવાને ચાર વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા રેલનગરમાં સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપમાં રહેતા પ્રદિપભાઈ મોહનભાઈ પટેલ નામના યુવાને અલ્તાફ દલવાણી પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂપિયા ૮૦૦૦ લીધા હતા અને જેના બદલે વ્યાજ સહિત રૂપિયા ૧૮ હજાર ચુકવી દીધા હતાં. જ્યારે અમિત પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧૦ હજાર લીધા હતાં. જે વ્યાજ સહિત ચુકવી આપ્યા હતાં. જ્યારે શાહરૂખ ઉર્ફે ડોન વિક્યાણી પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧૦ હજાર લીધા હતાં. અને જેના રૂપિયા ૨૦ હજાર ચુકવી આપ્યા હતાં. તેમ છતાં રિયાઝ નામના શખ્સે ફોન કરી પ્રદિપભાઈ પટેલને બોલાવી અલ્તાફ દલવાણી સાથે મળી બિભસ્ત ગાળો ભાંડી ધમકી આપી હતી. આ અંગે પ્રદિપભાઈ પટેલે ચારેય વ્યાજખોર વિરુદ્ધ પ્રનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વૃદ્ધ વેપારીનો કારમાં અપહરણનો પ્રયાસ

## નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ૪ શખ્સો સામે ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર આવેલ સદભાવના સોસાયટીમાં રહેતા વેપારી વૃધ્ધને આંતરી નંબર પ્લેટ વગરની કારમાં ધસી આવેલા ૪ શખ્સોએ અપહરણનો પ્રયાસ કર્યાન ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જાણવા મળતી વિગત મુજબ પટેલનગર પાસે આવેલી સદભાવના સોસાયટીમાં રહેતા અને સોરઠીયાવાડી શેરી નં.૬માં ભવાની સીંગ નામની દુકાન ધરાવતા જગદીશભાઈ કાન્તીલાલ સાતા (ઉ.વ.૬૭) નામના વેપારી વૃધ્ધે ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગત તા.૨૩-૪ના રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં પોતાની દુકાન વધાવી બાઈક લઈ ઘરે જતા હતા. દરમિયાન ઘર પાસે શેરીમાં પહોંચતા સામેથી નંબર પ્લેટ વગરની કાર ધસી આવી હતી. જેથી તેઓએ બાઈક ઉભુ રાખી દીધું હતું. કારમાંથી મોઢા પર રૂમાલ બાંધેલા ૩૦થી ૩૫ વર્ષના બે શખ્સોએ ઉતરી તેની પાસે આવી છરી બતાવી ગાડીમાં બેસી જા તેમ કહેતા તેમણે ગાડીમાં બેસવાનો ઈન્કાર કર્યો હતો. જેથી બંને શખ્સોએ બળજબરીથી બાવડું પડી કારમાં બેસાડવાનો પ્રયાસ કરતા તેઓ નીચે પડી જતા રાડારાડી કરતા આરોપીઓ કારમાં બેસી નાશી છૂટયા હતા.

જેથી તેઓ ઉભા થઈ બાઈક લઈ ઘરે જતા રહ્યા હતા. તેમની તબિયત સારી ન હોવાથી તેમણે જે તે વખતે ફરિયાદ કરી ન હતી. તબિયત સારી થયા બાદ આ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ સી.ડી. અજોડીયાએ ગુનો નોંધી અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં જુદા જુદા ત્રણ સ્થળે ત્રણ વ્યક્તિના અપમૃત્યુ

## શ્રમિકે કેમિકલ, વૃદ્ધા એ ઝેરી ટીકડાં ખાઈ જીવન ટૂંકાવ્યું : અકસ્માતો દાઝી ગયેલા વૃદ્ધાએ દમ તોડ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં જુદા જુદા ત્રણ સ્થળે અપમૃત્યુની ઘટના સામે આવી છે. જેમાં રાજકોટમાં સંગમ ઈન્ડસ્ટ્રીઝના શ્રમિકે કેમિકલ અને ન્યુ સાગર સોસાયટીમાં વૃદ્ધા ઝેરી ટીકડા ખાઈ જીવન ટુંકાવ્યું હતું. જ્યારે પરસાણા નગરમાં રહેતા વૃદ્ધાનો અકસ્માતે દાઝી જવાથી મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં સંગમ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો વિનોદ યાદવ નામનો ૩૦ વર્ષનો યુવાન કારખાનામાં હતો ત્યારે કોઈ અગમ્યકારણસર કેમીકલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. બીજા બનાવામાં કોઠારિયા રોડ પર આવેલ ન્યુ સાગર સોસાયટીમાં રહેતા હસિનાબેન અબુબકરભાઈ છાટબાર નામના ૭૨ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે હતા ત્યારે અકળ કારણસર જેરી ટીકડા ખાઈ લીધા હતાં. વૃદ્ધાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાવમાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ત્રીજા બનાવમાં પરસાણા નગરમાં આવેલા શાંતિ પ્રકાશ નગરમાં રહેતા હેમાબેન સુરેશભાઈ ધમનાણી નામના ૬૩ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે ગેસનો ચુલો ચાલુ કરતા અકસ્માતે દાઝી ગયા હતાં. વૃદ્ધાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ઉપરોક્ત ત્રણેય બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.


# નશીલા પદાર્થના જથ્થા સાથે ઝડપાયેલ આરોપીને જામીનમુક્ત કરતી કોર્ટ

## રાજકોટ પોલીસે બાતમીના આધારે કેફી દ્રવ્ય સાથે પકડી લીધો'તો

**સમય મિરર | રાજકોટ**

શહેરના એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં એસઓજીએ દરોડો પાડી નશીલા પદાર્થના જથ્થા સાથે ઝડપેલા ચેતન ભરત સમેચાને જામીન પર મુક્ત કરતો અદાલતે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરમાં નશીલા પદાર્થની હેરાફેરી ડામી દેવા માટે એસઓજીએ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ચેતન ભરત પાસે નશીલા પદાર્થનો જથ્થો હોવાની મળેલી બાતમીના આધારે દરોડો પાડી ચેતન ભરત સમેચાના કબજા માંથી નશાકારક જથ્થો કબજે કરી તેની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલહવાલે કર્યો હતો બાદ જેલ હવાલે રહેલા ચેતન સમેચા એ જામીન પર છૂટવા કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને આધારે અદાલતે ચેતન સમેચાને શરતોને આધીન જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.



એડવોકેટ

બચાવ પક્ષે ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, નિકુંજ સી.સાંકળીયા, અતુલભાઈ એમ.બોરીચા, હરેશભાઈ એ.ખીમસુરીયા, ઉદય પી. ચાંવ, પ્રકાશભાઈ એ.કેશુર, શૈલેષ આર.વકાતર, વિજય એલ.સોંદરવા, ભરત ડી. બોરડીયા, પુનમ કે. સોંદરવા, સોનલબેન બારોટ, રણજીત સાંખટ વગેરે રોકાયેલ હતા.

### ડાંગર, એરંડી, ઘઉં, કપાસ, કેરી સહિતના પાકોને નુકસાનની ભીતિ

# બીન મોસમ બરસાત : ઉત્તર ગુજરાતમાં ગાજવીજ, ભારે પવન સાથે માવઠું વરસ્યું

## અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, મહીસાગરમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો : વીજળી પડતાં બે પશુના મોત

**સમય મિરર | રાજકોટ**

રાજસ્થાન તરફ સાયક્લોનીક સર્ક્યુલેશન સર્જાતા વરસાદી સિસ્ટમ નિર્માણ પામી છે જેના કારણે આગામી તા. ૯ સુધી રાજસ્થાન અને ગુજરાત પર વરસાદ તુટી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ આગાહીના કારણે ખેડુતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું તો અગમચેતી પગલારૂપે માર્કેટીંગ યાર્ડ દ્વારા ખેડુતોને તેમની જણસી ન લાવવા માટે સુચના આપી દેવાઈ હતી. આવા તૈયારીના ભાગરૂપે આજે સવારે ઉત્તર ગુજરાતમાં એકાએક વરસાદી સિસ્ટમ આવી ચડી હતી. સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને મોટાભાગના વિસ્તારોમાં કરા સાથે તો ક્યાંક વાવાઝોડાં સાથે વરસાદ તુટી પડ્યો હતો. આકાશમાં જોરદાર વિજળીઓ થઈ રહી હતી. મહિસાગરમાં વિજળીના કારણે બે પશુઓના મોત નિપજ્યા હતાં. આમ આ વરસાદથી ખેડુતોમાં ચીંતાનું મોજુ પ્રસરી ગયું છે.

ગુજરાતમાં ભરઉનાળે વાતાવરણમાં અચનાક પલટો આવ્યો છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીના માહોલ વચ્ચે મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે કમોસમી વરસાદ પડ્યો છે. તેમજ કેટલાક વિસ્તારોમાં કરા પડ્યા હોવાનું સામે આવ્યું છે. આજે રવિવારે (૪ મે, ૨૦૨૫) વહેલી સવારથી જ અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અનેક જગ્યાએ માવઠું થતાં ખેડૂતોના ડાંગર, એરંડા, ઘઉં, કપાસ, કેરી સહિતના પાકોને ભારે નુકસાન પહોંચતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૮ મે,



૨૦૨૫ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ, કરા પડવા અને ૬૦-૮૦ની સ્પિડે પવન ફૂંકાવવાની આગાહી કરી છે. રાજ્યમાં હવામાન વિભાગની આગાહીને પગલે ૪ મે, ૨૦૨૫ના રોજ અનેક વિસ્તારોમાં માવઠું થયું. હવામાન વિભાગની આગાહી મુજબ, ૪-૫ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના, કરા પડવા, પવન ફૂંકાવવાની સાથે ભારે વરસાદની આગાહી છે. આ સાથે મહેસાણા, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે.

વધુમાં જાણવા મળ્યા મુજબ વરસાદ ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, ઉપરાંત મહિસાગરમાં પણ ખાબક્યો હતો. ત્યાં જોરદાર પવન સાથે વિજળીના કડાકા ભડાકાઓ થઈ રહ્યા હતાં. એક સ્થળે ખેતરમાં વિજળી પડતા બે પશુઓના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. હાલ તો ખેડુતો માટે આ વરસાદ આફતનો વરસાદ હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ આ વરસાદથી ગરમીમાં રાહત અનુભવાશે. રાત્રીના સમયમાં પણ ઠંડક પ્રસરી જશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે.

### સુરેન્દ્રનગરના લીંબડી, લખતર, પાટડી પંથકમાં કરા સાથે વરસાદ વરસ્યો

સુરેન્દ્રનગર જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ વાતાવરણમાં પલટો આવ્યો છે. લીંબડી અને લખતર વિસ્તારના નાની કઠેચી, મોટી કઠેચી, ગડથલ, તલસાણા, માલિકા અને ડેરવાળા સાકર સહિતના ગામોમાં વરસાદ નોંધાયો છે. પાટડી તાલુકામાં જૈનાબાદ, ઝીંઝુવાડા, ધામા, ચીકાસર, મુલાડા, રસુલાબાદ, એહમદગઢ, વિસાવડી, નગવાડા અને સુરેલ સહિતના ગામોમાં પણ વરસાદી ઝાપટાં પડ્યા છે. કાળઝાળ ગરમી વચ્ચે આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આ કમોસમી વરસાદથી ખેડૂતોના અજમો અને ઉનાળુ તલ સહિતના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થવાની આશંકા છે. વધુમાં, કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરિયાઓના મીઠાના પાકને પણ નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### સોરઠ પંથકમાં આગામી ચાર દિવસ મેઘરાજાના આગમનની આગાહી

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે જેની સાથે સાથે તાપમાનમાં પણ ક્રમશઃ ઘટાડો થઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે હવામાન ખાતા દ્વારા જૂનાગઢ જિલ્લામાં તા. ૦૬ મે થી ત્રણ દિવસ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. તા. ૮ મે સુધી પવન સાથે છુટા છવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે વાદળ-છાયું વાતાવરણ પણ રહેશે. જેના પરિણામે લોકોને ગરમીથી રાહત મળશે અને તાપમાનનો પારો સામાન્ય કરતાં ઓછો રહેશે તો બીજી તરફ માવઠાના કારણે કેરી સહિતના પાકને નુકસાન થવાની પણ ભિતી સેવાઈ રહી છે. આ સંજોગોમાં વરસાદને અનુલક્ષીને ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેવા જૂનાગઢ જિલ્લાના ધરતીપુત્રોને અપીલ કરવામાં આવી છે.જ્યારે શુક્રવારની રાત્રે જૂનાગઢ સહિત સોરઠ નું તાપમાન વધીને ૨૮.૨ ડિગ્રી નોંધાયું હતું. શનિવારે ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી વધીને ૨૫ ડિગ્રીએ સ્થિર થયું હતું. સવારના હવામાં ૭૬ ટકા ભેજ રહ્યો હતો. પરંતુ પ્રતિ કલાકે ૮.૩ કિલોમી-ટરની ઝડપે ઠંડો પવન ફૂંકાતા વાતાવરણમાં એકંદરે ઠંડક પ્રસરી ગઈ હતી. સવારે ગરમી અને બફારો વધ્યા બાદ બપોરે જુનાગઢ શહેરના વાતાવરણમાં ભેજ વધીને ૩૮ ટકાએ પહોંચી ગયો હતો. તેના પરિણામે એક જ દિવસમાં મહત્તમ તાપમાન ૩.૫ ડિગ્રી ઘટીને ૩૭.૩ ડિગ્રી નોંધાતા બપોર બાદ પણ ગરમીથી એકંદરે રાહત રહી હતી. આગામી દિવસોમાં પણ તાપમાનનો પારો ૩૭ ડિગ્રી રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

### ૭ અને ૮ મેના રોજ ૨૬ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

આગામી ૭ મેના રોજ રાજ્યના ૨૬ જિલ્લામાં ભારેથી અતિભારે માવઠાની આગાહી છે, ત્યારે દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે અતિભારે કમોસમી વરસાદને પગલે હવામાન વિભાગે ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, સુરત, તાપી, પોરબંદર, ગીર સોમનાથ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે. આ સિવાયના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, નવસારી, ડાંગ, વરસાડ અને મહેસાણા જિલ્લામાં પણ ૬૦-૮૦ કિલો.મી. પ્રતિ કલાકની સ્પિડે પવન ફૂંકાવવાની સાથે વીજળીની ચેતવણી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૮ મેના રોજ રાજ્યના સૌરાષ્ટ્ર, મધ્મ-દક્ષિણ ગુજરાતના ૧૪ જિલ્લામાં ભારેથી અતિભારે કમોસમી વરસાદની આગાહી છે. જેમાં ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા જિલ્લાના અનેક સ્થળોએ ગાજવીજ સાથે અતિભારે કમોસમી વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, સુરત અને તાપી જિલ્લામાં ભારે કમોસમી વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

# ધો. ૧૨ના વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આજે ૧૦:૩૦ કલાકે બોર્ડનું રિઝલ્ટ થશે જાહેર

## સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ગુજકેટની પરીક્ષાઓના પરિણામ www.gseb.org પર બેઠક ક્રમાંક નાખી અથવા ૬૩૪૭૩ ૦૦૯૭૧ નંબર પર વોટ્સએપના માધ્યમથી જોઈ શકાશે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન લેવાયેલી ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાના રિઝલ્ટની વાલીઓ અને વિદ્યાર્થીઓ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા ત્યારે આજે અચાનક શિક્ષણ મંત્રી દ્વારા તા. ૫ ને સોમવારના રોજ પરિણામ જાહેર કરવાની સોશિયલ મીડિયામાં જાહેરાત કરતા વાલી અને વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. આજે ધો. ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની ભાવીનો ફેંસલો થઈ જશે અમુકને રિઝલ્ટની જાહેરાત થતાં અત્યારથી જ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થવાની વિદ્યાર્થીઓ અને વાલીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. હવે પરિણામને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે.

શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમની પરીક્ષાનું પરિણામ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ બોર્ડની વેબસાઈટ http://gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક(Seat Number) Enter કરી મેળવી શકશે તથા WhatsApp Number ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર અને એસઆર શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તુટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થવા માટેની જરૂરી સુચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિદ્ધ કરવામાં આવશે. તથા ગુણપત્રક અને પ્રમાણપત્રક સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્ય, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સબંધીતોએ નોંધ લેવી તેવુ ગાંધીનગરના સચિવ આર.આર. વ્યાસની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# તળાજાના મથાવડા ગામે ઘરમાં ઘુસી વૃદ્ધાની હત્યા નિપજાવી લાખોના ઘરેણાની લુંટ

## એકલવાયું જીવન જીવતા વૃદ્ધાને માથામાં લાકડીઓ ફટકારી, મોઢે રૂમાલ બાંધી હત્યા નિપજાવી લૂંટારૂઓ ફરાર

**સમય મિરર | ભાવનગર**

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મથાવડા ગામે છેવાડાના વિસ્તારમાં એક ૭૦ વર્ષીય વૃદ્ધા મજુરી કરી એકલવાયુ જીવન ગુજારતા હતા તેની એકલતાનો લાભ ઉઠાવી લુંટારુ શખ્સો ગત રાત્રી દરમિયાન તે ઘરમાં ઘુસ્યા હતાં તે સમયે વૃદ્ધા જાગી જતાં તેના મોઢે રૂમાલ બાંધી લુંટારુઓએ માથામાં લાકડુઓ ફટકારી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. બાદમાં લુંટારુ શખ્સો લાખોના સોનાના ઘરેણા લુંટી નાશી છૂટતા ભારે સનસનાટી મચી જવા પામી છે. અલંગમરીન પોલીસે સ્થળ પર ડોગ સાથે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર જિલ્લામાં ફરી ચકચારી હત્યા થવા પામી છે. તળાજાના મથાવડા ગામે દિકરાઓ અને પતિથી અલગ મકાનમાં એકલવાયુ જીવન જીવતા સિત્તેર વર્ષિય રાજુબેન ટેકાભાઇ સોલંકીની તેમના ઘરે વહેલી સવારે હત્યા કરેલી લાશ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. જે બાદ મથાળા ગામમાં રહેતા તેમના દિકરાઓને જાણ થતાં તેઓ પણ દોડી ગયા હતા અને અલંગ મરીન પોલીસને જાણ કરતા એલ.સી.બી., અલંગ મરીન પોલીસ તેમજ ડોગ સ્કવોર્ડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી હત્યાની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

મૃતક રાજુબેનના પુત્ર ડાયાભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના માતા રાજુબેન તેમના દિકરાઓથી દુર પ્લોટ વિસ્તારમાં રહી, મજુરી કરી એકલવાયુ જીવન જીવતાં હતા અને ગત મોડી રાત્રીના કેટલાંક શખ્સોએ ઘરમાં ઘસી રાજુબેનને માથાના ભાગે લાકડીઓ ઝીંકી, મોઢે રૂમાલ બાંધી હત્યા નિપજાવી હતી તેમજ લૂંટના ઈરાદે આવેલા હત્યારાઓએ તેમની માતાએ કાન, નાક, કૃષ્ણ ભગવાનનું ચગદુ સહિતના ઘરેણાંની લૂંટ કરી ફરાર થઇ જવા પામ્યા હતા. પોલીસે ઘટના સ્થળે ધસી જઇ લાકડી, રૂમાલ તેમજ હત્યામાં વપરાયેલ અન્ય વસ્તુઓ કબ્જે કરી, હત્યારાઓની શોધખોળ હાથ ધરી છે. ભાવનગર જિલ્લામાં ફરી નિર્દોષ વૃદ્ધાની હત્યા થતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

મૃતક વૃદ્ધા રાજુબેનના પુત્ર જીતુભાઈએ જણાવ્યું હતું કે, મારી માતાની મોડી રાત્રે હત્યા કરી, હત્યારાઓ ઘરેણાં લૂંટીને ફરાર થયા હતા જે બાદ ઘરે અમે જોતા મારા માતાની લાશ નજીક એક દેશી દારૂની કોથળી પણ જોવા મળી છે જેથી હત્યારાઓએ ઘરે આવી, દારૂ પીને હત્યા કરી હોવાની શંકા જઇ રહી છે. જો કે, આ મામલે પોલીસે ફરિયાદમાં દારૂનો સત્તાવાર રીતે ઉલ્લેખ કર્યો હોય તેવું જણાઇ આવ્યું નથી.

### મગફળી ખરીદ કર્યા બાદ પૈસા ન ચુકવ્યા

# જામજોધપુર પંથકના ખેડૂતો સાથે વેપારીની ૨૭ લાખની છેતરપિંડી

**સમય મિરર | જામજોધપુર**

જામજોધપુર પંથકમાં ખેડુતો દ્વારા તેમના ખેતરમાં મગફળી ઉગાડવામાં આવી હતી. જે મગફળીનો સંગ્રહ કર્યા બાદ પિતા-પુત્ર સહિતના ત્રણ વેપારીઓ દ્વારા અલગ અલગ ખેડુતો પાસેથી મગફળી ખરીદ કરવામાં આવી હતી. જે પેટેના ૨૭ લાખ રૂપિયા ખેડુતોને ન આપી વેપારીઓએ છેતરપીંડી કરતા ફરિયાદ નોંધાવામાં આવી છે.

સતાપર ગામના ખેડૂત દિનેશ સુરાભાઈ પરમારે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, રમેશભાઈ મથુરદાસ વીઠલાણી, તેમનો પુત્ર કિશન અને ગોપાલભાઈ મથુરદાસ વીઠલાણીએ ખેડૂતો પાસેથી મગફળી ખરીદી હતી. આ ત્રણેય વેપારીઓએ ફરિયાદી પાસેથી ખરીદેલી મગફળીના રૂ. ૫,૧૬,૭૫૦ ચૂકવ્યા નથી.

વધુમાં, આ વેપારીઓએ અન્ય ખેડૂતો પાસેથી પણ ખેત પેદાશો ખરીદી કુલ રૂ. ૨૭ લાખની છેતરપિંડી કરી છે. ખેડૂતોની વારંવારની ઉઘરાણી છતાં તેમણે નાણાં ચુકવ્યા ન હતા . સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટ મુજબ, વેપારી રમેશભાઈએ આઠ ગામના ખેડૂતો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. જામજોધપુર પોલીસે ત્રણેય વેપારીઓ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. છેલ્લા એક દાયકામાં અનેક વેપારીઓએ ખેડૂતો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે. આ ઘટનાઓમાં નિર્દોષ ખેડૂતોને નુકસાન ભોગવવું પડે છે.

# ભાવનગરમાં મેથા એમ્ફેટામાઇન ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા

## ૧૯.૮૦ લાખનો ડ્રગ્સનો જથ્થો કબ્જે

**સમય મિરર | ભાવનગર**

ભાવનગર ગંગાજળિયા પોલીસ મથક હેઠળ આવેલા વિસ્તારમાં બે શખ્સો દ્વારા નશાકારક પદાર્થની આપલે થવાની છે તેવી બાતમીના આધારે ભાવનગર એસઓજીએ વોચ ગોઠવી હતી અને એક ભાવનગર અને બીજા અમદાવાદ સહિત બન્ને શખ્સોને ૧૯.૮૦ લાખના મેથા એમફેટામાઈન ડ્રગ્સ સાથે ઝડપી લીધા છે.

ભાવનગર એસઓજી પોલીસે નશા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત મોટી સફળતા મેળવી છે. પોલીસે ૧૯૮ ગ્રામ મેથા એમ્ફેટામાઇન ડ્રગ્સ સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત રૂ. ૧૯.૮૦ લાખ છે. પોલીસે હનીફભાઇ ઉર્ફે ભંગારી સુલતાનભાઇ બેલીમ (૪૮) અને સમીરભાઇ યુનુસભાઇ ધાનીવાલા (૨૪)ની ધરપકડ કરી છે. હનીફભાઇ ભાવનગરના ભરતનગર વિસ્તારના રહેવાસી છે, જ્યારે સમીરભાઇ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહે છે. આરોપીઓ પાસેથી ત્રણ મોબાઇલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે, જેની કિંમત રૂ. ૧૦,૦૦૦ છે. કુલ જપ્ત મુદ્દામાલની કિંમત રૂ. ૧૯.૯૦ લાખ થાય છે. મુખ્ય આરોપી હનીફભાઇ સામે ૨૦૨૪માં પણ ૨૫.૮૪૦ ગ્રામ એમડી ડ્રગ્સના કેસમાં ગુનો નોંધાયેલો છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં એસઓજીના એએસઆઇ મિતેષભાઇ જોષી દ્વારા ગુનો રજિસ્ટર કરવામાં આવ્યો છે.






# વેરાવળમાં પાણી પીવા ઘરમાં ઘુસેલા શખ્સે ૮ વર્ષની બાળકી પર કર્યો દુષ્કર્મનો પ્રયાસ

## રૂમમાં લઈ જઈ શારીરિક અડપલા કરી નાસી છૂટ્યો : સીસીટીવીના આધારે નરાધમને દબોચી લેવાયો

**સમય મિરર | વેરાવળ**

વેરાવળ શહેરના એક વિસ્તારમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. એમ કહીએ કે એક માસુમની જીંદગી બગડતા બચી છે પરંતુ નરાધમે આચરેલા કૃત્યથી બાળકી ડઘાઈ ગઈ હતી. જાણવા મળ્યા મુજબ માતા-પિતા કામ પર ગયા હતા ત્યારે સાંજના સમયે એક શખ્સ ઘરે ઘસી આવ્યો હતો તેણે બારણુ ખખડાવ્યાબાદ પાણી પીવાના બહાને ઘરમા ઘુસ્યો હતો અને બાદમાં ઘર બતાવવાનું કહી રૂમમાં પહોંચતા તેણે પોત પ્રકાશ્યુ હતું બાળકીને પલંગ સુધી ઢસડી જઈ તેની સાથે સારીરીક અડપલા કર્યા હતાં તે સમયે દેકારો થતાં નરાધમ નાશી છુટ્યો હતો. માતા-પિતાને જાણ કર્યા બાદ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે નરાધમને



ઝડપી લીધો છે.

જાણવા મળતી વિગત મુજબ વેરાવળમાં આઠ વર્ષીય માસુમ દિકરી ઘરે એકલી હતી ત્યારે એક શખ્સે ઘરનો દરવાજો ખખડાવતા ખોલતા તે અંદર આવેલ અને પાણી પીને કહેલ કે તારૂ ઘર બતાવ તેમ કહી બળજબરીથી શારીરીક અડપલા કર્યા હોવાનો બનાવ પોલીસ માં નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી ઘોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેરાવળમાં બનેલ ચકચારી બનાવની પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર ચારેક દિવસ પહેલા વેરાવળમાં માતા-પિતા નૌકરી ઉપર ગયેલ હોવાથી તેમની આઠ વર્ષીય માસુમ દિકરી ઘરે એકલી હતી. દરમ્યાન સાંજે સાતેક વાગ્યે માતા ઘરે આવેલ ત્યારે દિકરી ગભરાયેલી જોવા મળી હતી. જેથી તેણીને પુછતા કહેલ કે, સાંજે સાડા છ એક વાગ્યે એક ભાઈએ ખખડાવતા દરવાજો ખોલતા ત્યારે તે અંદર આવેલ અને પાણી માંગતા તેને પાણી આપેલ અને પાણી પીને કહેલ કે તારૂ ઘર બતાવ તેમ કહી અંદર આવીને રૂમમાં બળજબરીથી લઈ જઈ શારીરીક અડપલા કર્યા હતા. બાદમાં આ વાત કોઈને કરતી નહીં બાકી તારી માતાની નોકરી જતી રહેશે તેવી ધમકી આપી જતો રહ્યો હતો.

આ સમગ્ર હકીકત સાંભળી ચોકી ઉઠેલ માતાએ તેના પતિ સાથે વાતચીત કરીને પોલીસને જાણ કરી હતી. આ મામલે પોલીસે બીએનએસની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨) અને પોસ્કોની ૧૨, ૧૮ હેઠળ ગુનો આરોપીની શોધખોળ માટે તપાસ હાથ ધરી હતી. જેમાં ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફુટેજો ચકાસતા આરોપી જોવા મળેલ હતો.

જેના આધારે આરોપી આદીલ આયુબ ચૌહાણની ધરપકડ કરી ઘોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલ આરોપી અગાઉ પણ એક વખત દિકરીને શિકાર બનાવી અડપલાના ગુનામાં ઝડપાયો હોવાનું જાણવા મળેલ છે.